કુમાર

આવતી કાલનાં નાગરિકોનું માસિક

સંસ્થાપક · રવિશંકર રાવળ

વર્ષ ૨૬ · અંક ૮

ઑગસ્ટ · ૧૯૪૯

સળંગ અંક

૩૦૮

તંત્રી · બચુભાઈ રાવત



બાલરાષ્ટ્રની પ્રગતિ
સરકાર અને જનતા એ બંનેનાં રક્ષણ, પોષણ ને પ્રોત્સાહનમાં બાલરાષ્ટ્ર પ્રગતિ કરી રહે છે.
(ચિત્રકાર: ચન્દ્ર ત્રિવેદી)



શબરી (ચિત્રકાર · સોમાલાલ શાહ)

જેણે ભક્તિભાવપૂર્વક પોતે ખાસ ચાખી રાખેલાં સ્વાદિષ્ટ ફળ જ રામને ધરેલાં, (અને ભક્તવત્સલ રામે એ એઠાં ફળ પણ ભાવપૂર્વક આરોગેલાં) એ લોકોક્તિ-ખ્યાતથી શબરીનું નામ પ્રાકૃત જનસમાજમાં જાણીતું છે. વાલ્મીકિ રામાયણમાં અરણ્યકાંડમાં એનો પરિચય એમ આપ્યો છે કે 'પંપા સરોવરને પશ્ચિમ કાંઠે રહેતા માતંગ ઋષિની એ પરિચારિકા ભીલડી હતી. રામ-લક્ષ્મણ ચિત્રકૂટ પર્વત પર હતા એવામાં ઋષિ અવસાન પામ્યા, એટલે રામ-લક્ષ્મણ પોતાના આશ્રમમાં આવે ત્યારે એમનું સ્વાગત કરવાનું શબરીને સોંપતા ગયા. એ આજ્ઞાનુસાર શબરી વાટ જોતી આશ્રમમાં રહી, અને રામ-લક્ષ્મણ આવ્યા ત્યારે એમનું પૂજન વગેરે કરી વનફળથી આતિથ્ય કર્યું. અને રામચન્દ્રે વન જોવાની ઈચ્છા દર્શાવ્યાથી મુનિના સમંત્રક યજ્ઞની જગ્યા, પ્રત્યક્સ્થલી નામક વેદી, સપ્તસાગર નામનું તીર્થ વગેરે બતાવ્યાં અને પછી રામને, ઋષ્યમૂક ... ીવ રહેતો હતો તેને મળવાનું કહી, રામની અનુજ્ઞા લઈ, અગ્નિ પ્રકટાવી તેમાં પ્રવેશ કરીને દેહત્યાગ કરીને સ્વર્ગે ગઈ.' ચિત્રમાં કલાકારે તેના ચહેરા ... ા અને તપની દીપ્તિ આલેખી છે.

કુમાર

ઑગસ્ટ ૧૯૪૯

અંક ૩૦૮

ગ્રાહકોને

કોઇ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે; એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ. પરંતુ એવા ગુમ થએલા કોઈપણ અંકો ભરપાઇ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ.
વાર્ષિક લવાજમ રૂા. ૭ાા; પરદેશમાં રૂા. ૯ાા અથવા ૧૫ શિલિંગ. છુટક નકલના બાર આના.

કુમાર

ઑગસ્ટ ૧૯૪૯

મૃત્યુને[1]

· મિશ્ર ·

આરોહણે શાશ્વત મૌન કેરા
ને મેઘવર્ણા અવગુંઠને રહી
આ જિંદગીનું લલકારવાને
આવીજજે હાલરડું તું આખરી.

વાયુ યથા પુષ્પની પાંદડીને
સ્પર્શી જતો, નાજુક હસ્ત તારો
જ્યાં સ્પર્શશે, કંપિત ગાત્ર છોડી
આ પ્રાણ દોડી તુજને વધાવશે.

હે મુક્તચારી! ધૃતદીપગંધે
ને તૂટતી નાડ તણા નિમંત્રણે
તું આવ રે આવ હજી ઉતાવળે
ઔત્સુક્ય મારું પરિતર્પવાને.

તું આવ ને સ્વસ્થ બની જરીક
હ્યાં બેસ, આ બંધનમોક્ષ પેખતો,
ક્ષેવા ઉઘાડી દશ દ્વાર કેરા
જો આમળા આવી તને હું ભેટતો.

હે સર્વભક્ષી! મુજને કૃતાંતતા
તારી બધી આજ નિહાળવી રહી:
ગર્વિષ્ઠ હે! ઉન્નત મિસ્ર કેરા
પીરામિડો તાજમહાલથી તે
નાચીઝ કોઇકની કબ્ર સુધી
સૌ સ્મારકો જે ક્ષણ માનવીના
તે ચક્રવર્તિત્વ પ્રબોધતાં ને
ગાતાં શું તારો જય હે વિજેતા?

ના, ના; ન હું ભંગુરતા મઢીશ
ચૂના થકી, ઈંટ થકી, ન આરસે;
ઊડી જતી વાયુની ફૂંક માત્રથી
રે ભસ્મ કેરી ચપટી બનીને
આ જિંદગીનું જ થશે સમાપન.

આથી ય સૌભાગ્યપ્રપૂર્ણ અંત
શું સંભવે ગર્વ-વિદારણે તવ
ઓ રે જગન્નાટ્ય તણા વિદૂષક!

અશોક હર્ષ



તું અને હું

તું અનંત, ક્ષુદ્ર હું,
વિરાટ તું હું વામન;
તું અપાર, હું લઘુ,
અમેય તું હું પામર.

તે છતાં ય મારી તારી
જામી આજ શી ય પ્રીત!
મૌનમાં ભર્યું શી રીત
બ્રહ્મનું અખંડ ગીત!

પિનાકિન્ ઠાકોર

હરણુ[2]

હરિવર મુજને હરી ગયો!
મેં તો વ્હાલ કીધું ન્હોતું ને તો યે મુજને વરી ગયો!
હરિવર મુજને હરી ગયો.

અબુધ અંતરની હું નારી
હું શું જાણું પ્રીતિ?
હું શું જાણું કામણગારી
મુજ હૈયે છે ગીતિ!
એ તો મુજ કંઠે એ કરથી વરમાળા રે ધરી ગયો!
હરિવર મુજને હરી ગયો!

સપનામાંયે જે ના દીઠું.-
એ જાગીને જોવું!
આ તે સુખ છે કે દુ:ખ મીઠું?
રે હસવું કે રોવું?
ના સમજું તો યે સ્હેવાતું એવું એ કંઈ કરી ગયો!
હરિવર મુજને હરી ગયો!

નિરંજન ભગત

શિવરૂપ

· સ્રગ્ધરા ·

જ્યોત્સ્નાસોહંતું ગોરું નથી નથી નભ આ વિસ્તરેલું વિરાટ,
શંભુનો દેહ આ તો પ્રકટિત, ઉજળી કૌમુદી–ભસ્મ–ચોળ્યો!
ને, તારા ના; અહીં આ કુસુમ શિવપરે વેણીમાંથી ઉમાની.
સૂતું સૌ વિશ્વ; ન્યાળું પ્રકટિત શિવનું રૂપ આ એકલો હું!

પ્રજારામ

(૧) મૃત્યુને આમંત્રણ દેતા મરદાનગીભર્યા આ કાવ્યમાં કલ્પનારંગી ચિત્રણાથી મૃત્યુનું આવાહન કર્યું છે ને છેવટે, સમસ્ત સૃષ્ટિના એ સંહારકને જગત-નાટકનો વિદૂષક કહીને તેના ચક્રવર્તીત્વને ઉપાલંભ તથા પડકાર દેતાં નિર્મોહ ફનાગીરીની વિક્રમશીલતા દાખવી છે કે પિરામિડો ને તાજમહાલો જેવા, તારી ગર્વિષ્ઠતાનો વિજય ગાતાં સ્મારકો રચાવવાને બદલે આ જિંદગીનું સમાપન તો વાયુની ફૂંકમાત્રની ઊડી જતી ચપટી ભસ્મ બનીને જ થશે. (૨) મુગ્ધ હૃદયનો ભક્તિભાવ ગાતું વ્હાલી લાગતી વ્યથાનું મધુર ગીત.

સ્વરાજ્યનાં બે વર્ષને અંતે

મનન

પ્રો. યશવંત શુકલ એમ.એ.

આ ૧૫મી ઑગસ્ટે આપણી સ્વરાજ્યપ્રાપ્તિને બે વર્ષ પૂરાં થયાં. સ્વરાજ્ય પૂર્વે આપણે હતા ત્યાંથી આ બે વર્ષમાં કેટલા આગળ વધ્યા તેનો હિસાબ કાઢવાનો એ એક સ્વાભાવિક સંધિ છે. આપણે જે સિદ્ધ કરવાનું હતું તેમાંનું કેટલું કરી શક્યા અને જે નથી કરી શકાયું તે શાથી, તેનો વિચાર કરવાની જરૂર પણ છે.

કલ્પેલા ફેરફારો માટે બે વર્ષનો ગાળો ઘણો ટૂંકો છે એ વાત અમુક અર્થમાં સાચી છે. પરંતુ મનુષ્ય-બાળકની તુલનામાં મનુષ્યની સંસ્થાઓનો પણ વયની દૃષ્ટિએ ક્યાસ બાંધવામાં આવે છે, ક્વચિત્ એમનો બચાવ કરવામાં આવે છે, તે કદાચ બધા દાખલામાં યુક્તિયુક્ત નથી. જેમકે સંયુક્ત રાષ્ટ્રસંઘના એક પ્રશંસકે એમ કહ્યું છે કે ૧૯૪૫માં જન્મેલા આ ચાર વર્ષના બાળકને હજી પૂરું ચાલતાં આવડ્યું નથી ત્યાં તો એને દોડવાનું કહેવામાં આવે છે! આપણા સ્વરાજ્યને માટે પણ એક વર્ષનું બાળક, દોઢ વર્ષનું બાળક વગેરે શબ્દપ્રયોગો થયા છે. પણ એ પ્રયોગો સાચા નથી, અર્થાત્ સ્વરાજ્ય જો વાસ્તવિક અર્થમાં સ્વરાજ્ય ન હોય, એ પંગુ પરાવલંબી અસહાય અને તેથી લોકોનું શ્રેય કરવાને અસમર્થ હોય, તો એનું કારણ એ નથી કે એનું વય ફક્ત બે વર્ષનું છે, પણ કાં પ્રજા કે કાં નેતાગણમાં કે બંનેમાં કોઇ ને કોઈ દોષ છે. બાકી અનેક રીતે પછાત એવા આપણા દેશમાં બે વર્ષમાં મોટા બંધો બંધાઈ જાય, નહેરો ખોદાઈ જાય, વીજળી કામ કરવા લાગી જાય, ચાવીરૂપ ઉદ્યોગો ધમધોકાર ચાલવા માંડે, વ્યવહારમાર્ગો તૈયાર થઇ જાય, અન્ન વસ્ત્ર ને શસ્ત્રમાં દેશ સંપૂર્ણપણે સ્વાયત્ત બની જાય, આ બધા ફેરફારો માટે અનુકૂળ માનસપરિવર્તન પણ સધાઈ જાય, ટૂંકમાં સ્વરાજ્ય રાતોરાત રામરાજ્યમાં ફેરવાઇ જાય એવી આશા રાખવી વ્યર્થ છે. વાસ્તવમાં એવી આશા કોઈ રાખતું પણ નથી. તેમ છતાં જે ફેરફારો સાધવા ઘટે છે તે સાધવાની દિશામાં વેગપૂર્વક પ્રયાણ થાય છે કે નહિ એ પ્રશ્ન જરૂર ઉપસ્થિત કરી શકાય. એનો ઉત્તર મેળવવા માટે પણ બે વર્ષનો ગાળો ઓછો છે એમ જો કોઈ કહે તો તે માની નહિ શકાય.

એક બીજી વાત પણ ધ્યાનમાં રાખવાની છે. અંગ્રેજોએ સત્તાત્યાગ કર્યો અને હિંદમાં કૉંગ્રેસ સત્તા પર આવી ત્યારે એકસામટી જે આફતો દેશને ઘેરી વળી હતી, હાથમાં આવેલા સ્વરાજ્યને જે ખોવરાવશે કે શું, દેશને છિન્નભિન્ન કરશે કે શું એવી ધાસ્તી પેદા કરતી હતી તે પૈકીની મોટા ભાગની આફતોને આપણે વટાવી ગયા છીએ. આરંભની ઉપાધિઓ કાં તો નરમ પડી છે કે ટળી ગઈ છે. કંઇ નહિ તો એ સર્વને પોતપોતાનો સ્થિર નિશ્ચિત આકાર મળી ગયો છે, જે નિત્યપરિચયને કારણે હવે ભય કે ઉદ્વેગનો અનુભવ કરાવતો નથી. એના ઉપાયો પણ શોધાતા રહ્યા છે અને એ દિશામાં કંઈક થઈ રહ્યાની લાગણી પેદા થવાથી આપણે ધીરજ પણ ધરી શકીએ છીએ. બાકી સ્વરાજ્ય ને પરચક્રમાં આટલો ફેર તો રહેવાનો જ: પરચક્રમાં દેશના વ્યાપક પ્રશ્નો સંબંધે સામાન્ય પ્રજાજનોને જીવ બાળવાપણું હોતું જ નથી, એમનું કંઇ ઉપજતું નથી એટલે એમને કશામાં જીવ ઘાલવાનો રહેતો નથી; જ્યારે સ્વરાજ્યમાં તો નિત્ય સાવધાન રહીને નવીનવી પરિસ્થિતિઓનો મુકાબલો કરવાનો હોય છે. સ્વરાજ્ય એ અર્થમાં ખરેખર શરશય્યા છે. એમાં પોઢવાનું માગીને પાછળથી કકળનારી પ્રજા સ્વરાજ્ય માટે નાલાયક ઠરે.

આ બે વર્ષમાં આપણે જે પ્રશ્નોને ઓળખી મૂક્યા છે ને ચોક્કસ અંતરે ખાળી રાખ્યા છે તેમનો પ્રથમ વિચાર કરીએ. પહેલો પ્રશ્ન નિર્વાસિતોનો લઇએ. એક વખત આપણને લાગતું હતું કે નિર્વાસિતોની આવી ગંજાવર સંખ્યાને ફરી વસાવવાના પ્રચંડ બોજ હેઠળ આપણું આખું અર્થતંત્ર કાં તો તૂટી જશે અથવા તો એમાંથી એવી ભયંકર સ્થિતિ પેદા થશે જેમાં સ્વરાજ્ય મળ્યું-ન મળ્યું સરખું થઇ રહેશે. સદ્‌ભાગ્યે આ બેમાંનું એકે થયું નથી. એનો અર્થ એ નથી કે નિર્વાસિતોનો પ્રશ્ન ઉકલી ગયો છે. દિલ્હીની રાજકીય પરિષદને સંબોધતાં પં० જવાહરલાલે આ હકીકતનો સ્પષ્ટ સ્વીકાર કર્યો હતો. એમણે કહ્યું હતું કે સરકારે નિર્વાસિતોને નાણાં ધીરવા માંડ્યાં છે તેથી કે એમને મફત રૅશન આપવામાં આવે છે તેથી એમનો પ્રશ્ન ઉકલી જતો નથી. વાત સાચી છે. તત્કાલ ઊભી કરી દીધેલી રાવટીઓ કે કાચા ચણતરનાં મકાનોમાંથી એમને કાયમી વસવાટોમાં ફેરવવા હજી બાકી છે. લાખો નિર્વાસિતો આપણી વચમાં હજી અધૂકડા બેઠા છે. એમની કુલ સંખ્યાનો માંડ પાંચ ટકા ભાગ થાળે પડ્યો છે. હજી એમનાં દુઃખ શમ્યાં નથી, હજી કડવાશ એમનાં દિલમાંથી ગઈ નથી. અધિકારીઓ કે પ્રજાના કોઈ કોઈ ભાગ સામેની અથડામણના રૂપમાં એમનો અસંતોષ અને રોષ કોઈ કોઈ વાર પ્રગટ થાય છે. તેમ છતાં એટલું નક્કી કે સ્વરાજ્યને આરંભે એ પ્રશ્ન જેટલો ભીષણ લાગતો હતો તેટલો આજે રહ્યો નથી. પોતાના મૂળ સ્થાનમાં નિર્વાસિતો જે છોડતા આવ્યા છે—વ્હાલાં સ્વજનો અને મોંઘી સંપત્તિ—એનું પૂરું વળતર આપવું તો અશક્ય જ છે. તથાપિ અધૂરું વળતર પણ એમને મળે એ આશા હવે જન્મી છે. પરિણામે હજી નહિ શમેલો એવો આ પ્રશ્ન ઝાઝું કનડતો નથી.

એવો બીજો પ્રશ્ન કાશ્મીરનો છે, અથવા કહો કે પાકિસ્તાન સાથેના આપણા સમસ્ત સંબંધનો છે. ભાગલા પડ્યા પછી પાકિસ્તાનને એક સ્વતંત્ર રાજ્ય તરીકે પ્રમાણીને એની સાથે મૈત્રીસંબંધ ટકાવી રાખવા હિંદ સંઘે થાય એટલું કર્યું છે. પણ હિંદની ભલાઇને નિર્બળતા ગણીને પાકિસ્તાને એકેએક બાબતમાં હિંદને હેરાનગતિ પહોંચાડી છે. હિંદ ભદ્ર રહીને પોતાની કાયદેસરની હદ ઓળંગવાનું નથી અને સામનો કરશે તોપણ આત્મરક્ષણ પૂરતો જ કરશે, એવો એને સધિયારો મળી જવાથી લશ્કરી આક્રમણ કરવામાંથી પણ એ પાછું પડ્યું નથી. થયેલા કરારો અને સમજૂતીઓનો છડેચોક ભંગ કરતાં એ લાજતું નથી અને સરિયામ જુઠાણાં ચલાવીને હિંદમાં વસતા સમાનધર્મીઓને સળી કરવામાં પણ એ હમેશાં તત્પર હોય છે. પાકિસ્તાન આમ શાથી કરે છે તેની હવે કોઇને નવાઈ નથી, પણ હિંદ સરકાર વળતો ઘા કેમ નથી કરતી તેની જ હિંદી પ્રજાને નવાઈ છે. હિંદ સરકારની આ સમાધાનપ્રિય પ્રકૃતિ પર હિંદી પ્રજા આફરીન છે એમ પણ માનવાની જરૂર નથી. પ્રજા સરકાર પર ગુસ્સે પણ થાય છે અને આપણે ત્યાંનું કોમવાદી રાજકારણ આ પ્રકારના ગુસ્સાને સંગઠિત કરવાનું પણ તાકે છે. તેમ છતાં ખામોશીની આ પરાકાષ્ઠાએ પણ આપણને હજી સુધી પરાજયનાં શરમસંતાપમાં દાટી દીધા નથી. પોતાની નૈતિક અને કાયદેસરની હદમાં રહીને હિંદ પુષ્કળ દૃઢતા અને ગૌરવથી પાકિસ્તાનની ચાલને એક પછી એક હંફાવતું રહ્યું છે. તૂટી જાય એટલી હદ સુધી તાણવાની

પાકિસ્તાનની એક સુનિશ્ચિત નીતિ થઇ પડી છે અને સ્પષ્ટ ગેરલાભ દેખાય ત્યારે જ એ આગળ વધતાં અટકે છે. હિંદે 'જેવાની સાથે તેવા' થવાનું રાખ્યું હોત તો કાં તો આ ઘર્ષણમાંથી દારુણ યુદ્ધ સળગી ઊઠત અને ત્રીજા વિશ્વયુદ્ધને નોતરું કદાચ વહેલું જાત; અથવા તો પાકિસ્તાન પાંશરુ ચાલવાના પાઠ ભણ્યું હોત. પણ હિંદની દૃઢ પણ અત્યંત સમાધાનકારી નીતિને પરિણામે જો વિશ્વયુદ્ધને નોતરું નથી ગયું તો પાકિસ્તાન પાંશરું પણ નથી થયું. તેમ છતાં હિંદની નીતિનો કાશ્મીરના પ્રશ્નમાં ખરેખર વિજય થયો છે. રાષ્ટ્રસંઘે નીમેલા કમિશન આગળ પોતાનો કેસ પાકિસ્તાન હારી ગયું તેથી કે થોડોક વધુ સમય મેળવી હિંદને મરણતોલ ફટકો લગાવાય એવી તૈયારી કરવાની નેમથી પાકિસ્તાને યુદ્ધમોકુફી કબૂલી છે તે વિષે નિર્ણય કરવો કઠણ છે. પણ કરોડો રૂપિયા જે યુદ્ધ પાછળ હોમાતા હતા તે હમણાં તો અટક્યું છે. આ પ્રશ્ન પણ ઉકલી ગયો તો ન જ ગણાય. કાશ્મીરમાં લોકમત લેવાનો સમય આવશે કે કેમ અથવા કયારે આવશે તે કહેવું પણ કઠણ છે. છતાં જે આંતરરાષ્ટ્રીય તટસ્થ પંચ આ પ્રશ્ન તપાસી રહ્યું છે તેની આગળ હિંદ ગરવી આત્મશ્રદ્ધાથી પોતાનો કેસ રજૂ કરી શક્યું છે અને પોતાને શું પરવડશે અને શું નહિ પરવડે તે પણ દૃઢતાથી સ્થાપિત કરી શક્યું છે. કાશ્મીરનો અણઉકેલેલ પ્રશ્ન હતો તેવો જ વિકટ છે, પણ તે હવે ઉજાગરા કરાવતો નથી.

ત્રીજો પ્રશ્ન આપણાં દેશી રાજ્યોનો ગણી શકાય. હિંદના રાજ્યશરીર પર ફૂટી નીકળેલાં સેંકડો ચાંદાં જેવાં આ દેશી રાજ્યોએ, જો નેતાઓ સાવધાન ન હોત તો બ્રિટિશરોને ત્યાં સ્વરાજ્ય ગિરો મૂકવાની ફરજ પાડી હોત. એમને સાધીને અંગ્રેજ અમલવાળું પોલિટિકલ ખાતું જે દાવ ખેલી રહ્યું હતું તેની સમયસર જાણ પડી જવાથી ભાગલા પછીના હિંદની અખંડતામાં કંઇ વિઘ્ન આવ્યું નહિ. આ કાવતરાને લક્ષમાં રાખીને જ ભાગલાની શરતે પણ અંગ્રેજોને બને તેટલા વહેલા કાઢવાનું ઠરેલું. પણ અંગ્રેજોના ગયા પછી રાજાઓ કંઈ રાતોરાત દેશભક્તો બની ગયા નહોતા. પરંતુ સરદારશ્રીએ સામ અને દંડ બેઉ નીતિનો આશ્રય લઇને આ પ્રશ્નને એટલી સફળ રીતે ઉકેલી આપ્યો છે કે વિરોધીઓને પણ એની પ્રશંસા કરવી પડે છે. આજે આ અપૂર્વ સિદ્ધિનું મહત્ત્વ આપણને પૂરું નહિ સમજાય. ભવિષ્યનો ઈતિહાસકાર એનાં ઉત્તમ પરિણામો નોંધી કદાચ સાચી કદર કરી શકશે. કાઠિયાવાડથી આસામ ને કાશ્મીરથી કન્યાકુમારી સુધીના અખંડ, સંગીન, સુશ્લિષ્ટ બળવાન હિંદની રચના આ રીતે સરદારશ્રીને હાથે સિદ્ધ થઇ છે. આપણા પ્રાચીન ઇતિહાસ પર દૃષ્ટિપાત કરીશું તો સમજાશે કે અખંડતા અને વિશાળતાના યુગો જ હિંદના સુવર્ણયુગો હતા. એ અખંડતા ને વિશાળતા સ્થાપિત કરીને સુવર્ણયુગને અવતરવાની સુવિધા સરદારશ્રીએ કરી આપી છે તે માટે એમને દેશવાસીઓનો ધન્યવાદ ઘટે છે.

તેમ છતાં આ પ્રશ્ન પણ પૂરો ઉકલ્યો તો હજી ન જ ગણાય. ગુલામોના યે ગુલામ જેવી રાજસ્થાની પ્રજા બાકીના હિંદની પ્રજાની હરોળમાં તો આવી ગઈ છે, પણ મ્હૈસૂર ત્રાવણકોર કે વડોદરા જેવાં પ્રગતિવાંછુ દેશી રાજ્યોને બાદ કરતાં બીજાં રજવાડાંમાં વહીવટ, કેળવણી, ઉદ્યોગ, ન્યાય અને નાગરિક-સ્વાતંત્ર્યને નામે લગભગ મીંડું જ હતું એમ કહેવું જોઇએ. જોડાણ પછી આ બધી જગ્યાએ ઉત્તમ વહીવટ સ્થાપવા માટે કાર્યદક્ષ સન્નિષ્ઠ અમલદારો તથા કાર્યકરોની ભારે અછત છે. જુદાંજુદાં સત્તાસ્થાનોની ખેંચાખેંચમાં જે કરવાનું છે તે કામ રવડી જાય છે. એક રીતે જોતાં આ એક દેશવ્યાપી મહારોગ છે. સ્વરાજ્યને બેઆબરૂ કરવામાં ધનલોલુપતા

[નિરંજન ભગત] देहि मे विवरम्*

હે 'આર્ય'ની અપમાનિતા! તું કયાં જશે?
તું માનવીનું સૃજન, તારું સ્થાન, મુક્તિ! સ્વર્ગમાં તો ના હશે!
કારાગૃહોને કુંજ માની
છાની છાની
ત્યાં રચી તવ પ્રેમની કેવી કથા!
ત્યાં અશ્રુથી જેણે ચૂમી તવ ચરણપાની,
જોઇને તેં આજ એની રાજધાની?
આજ એને શો કશોય વિલાસ! ને તારે વ્યથા!
એ લુબ્ધ
કોઈ રાજલક્ષ્મીની લીલામાં, ના રહી દૃષ્ટિ, ન એને રહી શ્રુતિ;
ઉન્માદમાં ક્યાંથી હવે એને હશે તારી સ્મૃતિ?
હે ક્ષુબ્ધ,
આવી વિડંબનામાં, આ ક્રીડામાં શું ઊભી તું નત શિરે?
'રે, કયાં જવું?' એ પ્રશ્ન તું તવ પ્રાણને પૂછતી ધીરે?

જો, આ ધરા; ને જો, ધરાના સર્વ ગાયકનું હૃદય;
સ્નેહમાં બન્ને ય છે કેવાં સદય!
આજ તો તું ત્યાં શમી જા!
ત્યાં થકી પુનઃ પ્રગટજે ગર્વથી તું ગાનમાં,
ને ધન્ય થૈને ધ્યાનમાં;
ને ત્યાં થકી તું સકલ જનના પ્રાણમાં, મનમાં રમી જા;
ત્યારે જ તે આ સૃષ્ટિમાં તવ પ્રેમની સાચી પ્રતિષ્ઠા યે થશે!
તું આજ કિન્તુ કયાં જશે?
આજ તો રે આ ધરાને ફરી જ દે તું વિના શરમ:
"देहि मे विवरम्..."

*જનતાનાં શ્રેય-ક્ષેમને વિસારી મૂકીને મુક્તિની વિડંબના કરી રહેલા ધન-સત્તા-લોલુપ પ્રધાનો-અમલદારો-કાર્યકરોના સ્વાર્થી ને છાકભર્યા લાપરવા વર્તાવ સામે કોપેલી જનતાની લાગણીનો પડઘો પાડતા આ કાવ્યમાં આપણી મુક્તિને 'શાકુન્તલ' નાટકના પાંચમા અંકમાં વર્ણવેલી અપમાનિત શકુન્તલાની વિષમ અને કરુણ પરિસ્થિતિમાં કલ્પી છે, જે, અંતે એ આપત્તિમાંથી ઊગરવા ધરતી પાસે માર્ગ માગે છે. ℂ 'આર્ય'ની અપમાનિતા=નાટકમાં શકુન્તલા અંતે પોતાનો દુષ્યંત પ્રત્યેનો પુણ્યપ્રકોપ માત્ર 'અનાર્ય' એ એક જ શબ્દથી પ્રગટ કરે છે. આજે દેશમાં જેઓ એક બાજુથી આપણી પ્રાચીનતાનું ગૌરવગાન કરી રહ્યા છે તેઓ જ બીજી બાજુથી આપણાં જીવનમૂલ્યોનું અપમાન કરી રહ્યા છે. ℂ માનવીનું સૃજન=લજ્જાનત શિરે રાજસભામાં ઊભેલી અપમાનિત શકુન્તલા તો સ્વર્ગમાં (માતા મેનકા પાસે) જઇને વસી, કારણકે એ જેટલી પૃથ્વીની એટલી જ સ્વર્ગની પણ સરજત હતી, પણ મુક્તિ એ તો માત્ર પૃથ્વીના માનવીનું જ સર્જન છે: એ કયાં જશે? ℂ ધરા ને ધરાના સર્વ ગાયક=જે ધરાનું ગૌરવ જાણે છે એવા કૃષિવરો અને જેમને કારણે ધરાનું ગૌરવ છે એવા ઋષિવરો-એટલે કે શ્રમજીવીઓ અને દેશદાઝવાળા નિર્લોભ ચિંતકો. મુક્તિનું માનભર્યું સ્થાન તો એમનાં જ હૃદયમાં છે.

અને સત્તાલોલુપતાએ કશી જ બાકી રાખી નથી. દેશની પ્રજા જેવી હશે તેના કરતાં અમલદારો અને કાર્યકરો બહુ સારા થવાનો સંભવ નથી એમ 'સમૂળી ક્રાંતિ'માં શ્રી કિશોરલાલ મશરૂવાળાએ કહ્યું છે. તેઓ કહે છે કે કૂવા કરતાં હવાડામાં વધારે સારું પાણી હોવાની આશા રાખવી વ્યર્થ છે. સિદ્ધાંતરૂપે એમનું કથન વાસ્તવિક હોવા છતાં આપણે ત્યાંની પરિસ્થિતિનું કદાચ એ પૂર્ણ દર્શન નથી. તંત્રમાં વરતાય છે તે ચારિત્ર્યની ઊણપ જો સમસ્ત પ્રજામાં પણ હોય તો તો આપણને ભગવાન બચાવે. પણ જન-સમુદાયને એકસામટો વિચારીએ તો એને જેમ ચારિત્ર્યનો તીવ્ર આગ્રહ હોતો નથી તેમ ચારિત્ર્યહીનતામાં એ રાચતો પણ નથી. કદાચ એમ કહી શકાય કે મનુષ્યસમુદાયમાં સર્વત્ર તેમ આપણે ત્યાં પણ સદ્વૃત્તિઓનું પ્રાબલ્ય દુર્વૃત્તિઓ કરતાં વધારે છે. આપણે ત્યાં જે વિશિષ્ટ પરિસ્થિતિ છે તેને સમજવા માટે એટલું યાદ રાખવું જોઇએ કે આપણા સમાજનો ઊજળો કહેવાતો જે વર્ગ છે—જે વેપાર-ધંધા ચલાવે છે, અમલદારી કરે છે, સારીસારી નોકરીઓમાં ગોઠવાયેલ છે, ભણાવે છે અથવા તો 'સેવાભાવ'થી જાહેર કામકાજોમાં પડે છે—તેને જે મળી છે તે કેળવણી જ ખોટી મળેલી છે. સમાજનાં સૂત્રો આ વર્ગના હાથમાં છે, પણ એ વર્ગનો નીતિનો પાયો જ લૂલો છે. લાખ્ખો ગામડાંમાં વસતી આ દેશની કરોડોની બનેલી ગરીબ અભણ મૂઢ પ્રજામાં તો ટેવમાં રૂપાન્તર પામેલા કેટલાક ઉત્તમ સંસ્કારો હજી યે જોવા મળે છે. પણ પેલો ઊજળો કહેવાતો વર્ગ મોટે ભાગે નગુરો છે. સ્વાર્થ એ જ એના જીવનનો ચાલક હેતુ છે. સમસ્ત પ્રજાના હિતમાં, આ નગુરા વર્ગને બરાબર અંકુશમાં લઈને અકલ્યાણમાંથી પાછો વળવાની ફરજ પાડવામાં નહિ આવે ત્યાં સુધી છેક ટોચ પર જે ઉત્તમ નેતાઓ દિવસ કે રાત જોયા વિના દેશના કલ્યાણ માટે જાત ઘસી રહ્યા છે તેમની અને પ્રજાની વચ્ચે નગુરાઓનો અંતરપટ રહ્યા જ કરશે ને નેતાઓનાં સુકાર્યો પ્રજા સુધી પહોંચશે નહિ. દુર્વૃત્તિને અંકુશમાં લેવા અને સદ્વૃત્તિઓને દઢાવવા નૈતિક સાફસુફીનો કઠોર કાર્યક્રમ એક વાર તો યોજવો જ જોઇશે. તે વિના ઉપર કહ્યો તે મહારોગ નીકળશે નહિ અને એ જશે નહિ ત્યાં સુધી સામાન્યતઃ દેશસમસ્તની અને વિશેષતઃ રાજસ્થાનોની પ્રજાને એકીકરણના લાભો પણ પચશે નહિ.

આપણે બહુ કપરા કાળમાં સ્વરાજ્યની જવાબદારી ધારણ કરી છે એ પણ ભૂલવું ના જોઇએ. અંગ્રેજો પોતાની જવાબદારી પોતાને જ નુકસાન કર્યાં વગર અદા કરી શકે એમ નહોતા માટે આ દેશ છોડી ગયા હતા. 'પીવાતું નથી તો ઢોળી દઇએ'નો પ્રયોગ પણ એમણે કરી જોયેલો. તે વખતે જે કૉંગ્રેસ પક્ષે આખા દેશનું સુકાન હાથ ધરવાની જબ્બર હામ ભીડી તેને ખરેખર ધન્યવાદ ઘટે છે. પ્રજાને કૉંગ્રેસના નેતૃત્વમાં જે દઢ વિશ્વાસ હતો તેમાંથી એને બળ મળી રહ્યું હતું. દેશમાં બીજા પક્ષો તે વખતે પણ હતા. વિના પ્રયત્ને સત્તા મળતી હોત તો એમને એ નહોતી જોઇતી એમ પણ નહોતું. પણ પ્રજા એમનો ઘડો કરતી નહોતી, એટલે એમનું કંઇ વળેલું નહિ. ત્યારથી માંડી તે આજ સુધી એ પક્ષો પોતાનો વિશ્વાસ પ્રજા કરે તેમ કરવાને બદલે કૉંગ્રેસ પ્રત્યેનો વિશ્વાસ પ્રજા ખુએ એ નીતિ અનુસાર ચાલી રહ્યા છે. એમાં એમને થોડીક સફળતા પણ મળી છે, એ કલકત્તા ને કેરલની હમણાંની ચૂંટણીઓ પરથી પ્રતીત થાય છે. એમને સફળતા મળવાનું મુખ્ય કારણ એ છે કે ઉદ્યોગો ને પ્રજાની અન્ન-વસ્ત્રની પ્રાથમિક જરૂરિયાતોની બાબતમાં કૉંગ્રેસ સરકારે દાખવવી જોઈતી કુશળતા દાખવી નથી. એક પક્ષે એ ધણીને ધાવાનું કહે છે તો બીજે પક્ષે એ ચોરને નાસવાનું કહે છે. પરિણામે ધણી અને ચોર બેઉની તેણે ઈતરાજી વહોરી છે. કૉંગ્રેસે વહીવટ સંભાળ્યો ત્યારે મોંઘવારી વધતી જતી હતી એટલે ભાવોને સ્થિર કરવા માટે સરકારે ધમપછાડા કરવા તો માંડયા, પણ કોઈ પણ સ્થિર અર્થનીતિને અભાવે એ ભાવો અંકુશમાં લઈ શકી નહિ. સરકારને સમતોલ અને નિઃસ્વાર્થ માર્ગદર્શકો હજી સુધી મળ્યા લાગતા નથી. આથી એક બાજુએ કરોડો રૂપિયા ખરચીને અનાજ બહારથી ખરીદવું પડે છે અને આપણને મળે છે તે અનાજ પણ હલકી જાતનું મળે છે; તો બીજી બાજુએ અનાજનું ઉત્પાદન વધારવાની પ્રવૃત્તિમાં વેગ જ આવતો નથી. હમણાંજ મળેલી અખબારી પરિષદમાં પં. જવાહરલાલે આ હકીકતનો સ્વીકાર કર્યો છે. સરકાર ક્યારે અંકુશ નાખશે ને ક્યારે ઉઠાવી લેશે તેનો કંઈ ધડો જ નથી. કોઈ પ્રશ્ન ઉગ્ર બને ત્યારે સરકાર નાહિંમત બનીને સ્વીકારેલી નીતિ જોડે સમાધાન કરી લે છે. જો કૉંગ્રેસે સત્તા પર આવતાં પ્રજાને આપેલાં વચનો પાળી બતાવવાની હિંમત દાખવી હોત તો ભૂલો તો થાત પણ પ્રજાનો વિશ્વાસ અફર રહેત. હવે જ્યારે કૉંગ્રેસ સરકાર પોતાની નીતિને સ્થિરતા ને સ્પષ્ટતા આપવાનો પ્રયત્ન કરે છે ત્યારે પ્રજાનો વહેમ દઢ થતો જાય છે કે માનેલું તેમ આ સરકાર ગરીબ પ્રજાનું રખવાળું કરનાર સરકાર નથી પણ તાલેવાનોનું રખવાળું કરનાર સરકાર છે. વિરોધી દળો આ વહેમ પ્રજાના ચિત્તમાં દાખલ કરવામાં ફાવ્યા છે અને સંજોગો એ વહેમને પુષ્ટ કરે છે.

વહેમ પુષ્ટ કરવામાં કૉંગ્રેસનો સંસ્થા તરીકે પણ ઓછો ફાળો નથી. ઉચ્ચ કોટિના નેતાઓ સરકાર ચલાવવામાંથી ઊંચા આવતા નથી એ સ્થિતિમાં સ્વરાજ્ય માટે લડત (અનુ૦ પૃ૦ ૨૫૩ ઉપર)



રમત ચાલુ છે (સરકાર અને કાળાં બજાર વચ્ચે). ચિત્રકાર · રંગલો

રાજવહીવટ અને સાહિત્યકાર્ય બંનેમાં એકસરખી પ્રતિભા દાખવીને ઉજ્જવલ કૃતિઓ મૂકી જનાર દેશભક્ત અને મેધાવિન ભારતપુત્ર



રમેશચન્દ્ર દત્ત

જેમના જન્મને આ ૧૩મી ઑગસ્ટે ૧૦૧ વર્ષ પૂરાં થયાં

બંગાળના ઉજ્જવલ ઉષ:કાળનો અને 'વંદેમાતરમ્'ના ઉદ્ઘોષનો એ સમકાલીન આર્યપ્રાણ હતો. આજે તો એમનું નામ બહુ ઓછાને સ્મરણે ચડે છે, પણ જે કાળમાં હિંદી પ્રતિભાની વીજચમકની પૂરી પિછાન ન હતી એ સમયે પોતાની જન્મજાત મેધા, વિદ્વત્તા અને રાજકાર્યકૌશલ વડે દેશી-પરદેશી સૌનાં આદર અને પ્રશંસાનું ભાજન બનનાર રમેશચન્દ્ર દત્તનું નામ શક્તિશાળી ભારતપુત્રોની નામાવલિમાં સદા અંકિત રહેશે.

બંગાળના ઉત્થાનનો આત્મા ત્યારે અવતરી ચૂક્યો હતો. બ્રિટિશ હકૂમતની પહેલી જમાવટ જેમ બંગાળમાં થઈ, તેમ ભારતના બીજા દેશો કરતાં બંગાળ જાગી પણ વહેલું ગયું. જ્યાં ને ત્યાં નવવિધાનનું ચેતન ફરકવા લાગ્યું હતું. ધાર્મિક, સામાજિક અને રાજકીય ક્ષેત્રોમાં નવો પ્રાણસંચાર થયો હતો. અટક આગળ અટકી જવાની આડી પાળ કૂદીને પણ કોઈ કોઈ વિરલ હિંદીજન બ્રિટિશ ટાપુની રાજધાનીને કાંગરે પહોંચી જીવનસજ્જ બની પુનઃ ભારતમાતાની સેવામાં રત થતો હતો. સ્વદેશહિતના ઝનૂની 'રાજ્યદ્રોહીઓ'ને આવવાને હજૂ થોડી વાર હતી. બંડ-બળવાની બૉમ્બ-બનાવટ હજૂ કોઈ જાણતું નહોતું. બૉયકૉટની બાંગનો યે ત્યારે ખ્યાલ આવ્યો ન હતો. મૃત્યુ જેવી નિષ્ક્રિયપણાની તંદ્રામાંથી હિંદ આળસ મરડીને ઊઠતું હતું. એ કાળે બંગાળની આંખ પ્રથમ ઊઘડી હતી. ઘોર અંધારું ધીના અંધકારની રજ ખંખેરી અબધૂત શો બંગદેશ સંજીવનમંત્ર ભણતો હતો.

કલકત્તામાં ઈ. ૧૮૪૮ની ૧૩મી ઑગસ્ટે શ્રી રમેશચંદ્ર દત્તનો જન્મ થયો ત્યારે બંગાળના બૌદ્ધિક-આધ્યાત્મિક જાગૃતિકાળનાં ચોઘડિયાં બજતાં હતાં. સંસ્કૃત ભાષાનું તેમજ સંસ્કૃતમાં લખાએલાં ધર્મશાસ્ત્રોનું વાચન-મનન-નિદિધ્યાસન શરૂ થયું હતું. હિંદનું તત્ત્વજ્ઞાન નવા અર્થમાં સાકાર થતું હતું. આ સઘળી પ્રગતિમાન પ્રવૃત્તિને ગતિમાન કરનાર પ્રભાત-તારક હતા પુણ્યનામી શ્રી રામમોહન રાય. ધર્મ, સમાજ અને શિક્ષણનાં ક્ષેત્રોનું ખેડાણ નવેસર હાથ ધરનાર હતા એ સૌમ્ય રાજયોગી. પુરાણી અનિષ્ટ રૂઢિઓને કાઢી સુધારો આગે ધપી રહ્યો હતો. કેળવણીની સંસ્થાઓ સ્થપાતી હતી. રૂઢિચુસ્તપણું ઘસાતું ચાલ્યું હતું અને રાજકીય પ્રવૃત્તિ તથા આર્થિક ચડતી અંકુરવા લાગી હતી. હુન્નરધંધા જોકે પડી ભાંગેલા હતા અને કલાનો ઊગમ થયો નહોતો, છતાં અંગ્રેજી ભાષાના સ્પર્શવિમર્શથી સાહિત્યમાં નવાં રૂપ નીકળવા લાગ્યાં હતાં ને બંગાળી ગદ્યપદ્યમાં નવો શ્વાસોચ્છ્વાસ શરુ થયો હતો. આવા વાતાવરણમાં બાળક રમેશ ઊછર્યો અને એનું ચારિત્ર્ય-ઘડતર થયું.

એમનું પિતૃકુળ પ્રથમથી જ સુપ્રતિષ્ઠિત અને સુશિક્ષિત હતું. એમના પ્રપિતામહ શ્રી નીલમણિ દત્ત ક્લાઈવ અને વૉરન હેસ્ટિંગ્ઝના સમયમાં કલકત્તાના અગ્રણી નાગરિક હતા. નીલમણિના જ્યેષ્ઠ પુત્ર શ્રી રસમય બાબુ વેપારમાં પંકાયા હતા. સાથેસાથે એ પંડિત હતા. એમના અવસાન પછી દત્ત કુળનાં કેટલાંક કુટુંબીઓ ક્રિશ્ચિયન થયાં. રસમય બાબુનાં પૌત્રી તે સુવિખ્યાત કવયિત્રી શ્રીમતી તોરુ દત્ત. એકવીસ વર્ષની કાચી ઉંમરે એમનો દેહવિલય થયો, પણ એમના જીવનકાવ્યની સુવાસ સાત સાગર પાર કરીને બ્રિટન સુધી પથરાઈ ગઈ. અંગ્રેજી ભાષાની કવિતામાં એમની કૃતિઓને વિશિષ્ટ માન મળ્યું અને કવિઓમાં સ્ત્રીકવિ તરીકે એમની ગણતરી થઇ.

આ ઉપરાન્ત દત્ત કુટુંબને સરકારી અમલદારીની છાયા હતી. રસમય બાબુના ભત્રીજા ઈશાનચંદ્ર ડેપ્યુટી કલેક્ટર હતા. એઓ પણ સાહિત્યરસિક સજ્જન હતા. એમનું કુટુંબ હિંદુધર્મી હતું. આપણા જીવનચરિતના નાયક શ્રી રમેશચંદ્ર એમના બીજા પુત્ર. પિતા જોડે પુત્ર પણ જિલ્લાની ફેરબદલીઓમાં ફરતો એટલે ગામડાંની કુદરતનો પ્રેમ તથા સાહિત્યનો રસ એને વારસામાં ઊતર્યો.

તેર વર્ષની વયનો વિદ્યાર્થી રમેશ જ્યારે કલકત્તાની હૅર સ્કૂલમાં ભણતો હતો ત્યારે, ૧૮૬૧માં પિતા ઈશાનચંદ્રનો સ્વર્ગવાસ થયો. માતા તો બે વરસ પહેલાં ચાલી ગઈ હતી, એટલે રમેશ અને એમનાં ભાઇબહેનોની સંભાળ કાકા શશીચંદ્રને શિર આવી. શશીચંદ્ર લેખક અને વિદ્વાન હતા. સો ટચની પ્રતિષ્ઠા અને પ્રામાણિકતા તેમજ ટેકીલી સ્વાતંત્ર્યવૃત્તિ એમનામાં ભારોભાર ભરી હતી. રમેશના ઘડતરમાં એમના કાકાના આ ગુણસંસ્કારનો ઘેરો પટ બેઠો.

ઈ. ૧૮૩૪માં મૅટ્રિકમાં પોતાની શાળામાંથી પહેલા આવી તે કલકત્તાની પ્રેસીડેન્સી કૉલેજમાં દાખલ થયા, અને તેના પ્રથમ વર્ષમાં આખી યુનિવર્સિટીમાં બીજો નંબર મેળવ્યો. પણ તેમના અંતરમાં ઊંચી મહત્ત્વાકાંક્ષાઓ ઊભરાતી હતી. અને ઇંગ્લંડ જઇને

સિવિલ સર્વિસની પરીક્ષા પસાર કરી આવી, કુલપરંપરામાં ચાલી આવતી અમલદારીની પ્રથાને અજવાળવાના તેમને કોડ હતા. હિંદીઓને આ પરીક્ષા આપવાનો હક્ક મળ્યે હજુ ચૌદ વર્ષ થયાં હતાં અને એ દરમ્યાન માત્ર એક જ હિંદી–સ્વ.રવીન્દ્રનાથ ઠાકુરના મોટા ભાઇ સત્યેન્દ્રનાથ (જે પાછળથી અમદાવાદના કલેકટર થયા હતા) —તેમાં પાસ થઈ આવ્યા હતા. એ કાળે સમુદ્રપાર જવું ભારે વિકટ હતું, કેમકે રૂઢિચુસ્ત સમાજ તેને એક મહાપાતક સમજતો હોવાથી વડિલોની રજા મળે તેમ ન હતી, ને સમુદ્રની મુસાફરી બહુ લાંબી ને કંટાળાભરી ગણાતી. વળી આ વખતે રમેશચન્દ્રની ઉંમર જોકે ૧૯ જ વર્ષની હતી, પરંતુ નાનપણમાં ૧૫ વર્ષની વયે તેમનું લગ્ન થયું હતું અને એ બે પુત્રીના પિતા પણ હતા. આમ છતાં, એ બધાં બંધનોને અળગાં કરી, બે મિત્રો સાથે રમેશચન્દ્ર ચુપચાપ હિંદનો કિનારો છોડી ગયા. તેમાંના એક હતા, પાછળથી 'બંગાળના સિંહ'નું બિરુદ પામેલા અજોડ વક્તા ને દેશસેવક શ્રી સુરેન્દ્રનાથ બૅનરજી, ને બીજા હતા, પાછળથી કલકત્તા હાઇકોર્ટના જજ બનેલા શ્રી બિહારીલાલ ગુપ્તા. એમાં સુરેન્દ્રનાથ સિવાયના બીજા બે ભાગેડુ હતા.

ઈ ૧૮૬૯માં એત્રણે જણે સિવિલ સર્વિસની પરીક્ષા પસાર કરી જેમાં રમેશચન્દ્ર કુલ ૩૨૫ ઉમેદવારોમાં ત્રીજે નંબરે આવેલા અને અંગ્રેજી સાહિત્યના વિષયમાં તો ૫૦૦માંથી ૪૨૦ માર્ક મેળવી તે બીજા નંબરે આવેલા, જ્યારે સંસ્કૃતમાં તે ૫૦૦માંથી ૪૩૦ માર્ક મેળવી સહેલાઈથી પહેલા આવેલા. અભ્યાસ ઉપરાંત ઈંગ્લંડમાં એમણે બીજો પણ ઘણો રાજકારણી અનુભવ મેળવ્યો, ને ત્યાંના વિદ્વાનો તથા પ્રોફેસરો સાથે ગાઢ સંબંધો બાંધ્યા. પરીક્ષાઓ પસાર કરીને સ્કૉટલંડ તથા આયર્લંડની સફર કરી ૧૮૭૧ના ગ્રીષ્મમાં આ મિત્રત્રિપુટી ફ્રાન્સ, જર્મની, સ્વિટ્ઝર્લૅંડ ને ઈટલી થઇ સ્વદેશ પાછી ફરી. ફ્રાન્સમાં પોલીસને શંકા આવવાથી એ ત્રણેને પકડી એક રાત પૂરી રાખેલા, પણ સદ્ભાગ્યે તરત તેમનો છુટકારો થયો. રમેશચંદ્રે 'યુરપમાં ત્રણ વર્ષ' નામે પુસ્તકમાં પોતાનો આ પ્રવાસ વર્ણવ્યો છે.

આ પછી ૧૮૭૧થી ૧૮૮૨ સુધીનાં બાર વર્ષ એમણે બંગાળમાં જુદાજુદા હોદ્દાઓ પર અમલદારી કરી, જે દરમ્યાન એમણે અસાધારણ શક્તિ દાખવીને ઉજ્જ્વલ વહીવટ કર્યો, અને સાથેસાથે બંગાળની સાચી પરિસ્થિતિના જાણકાર બન્યા તથા પ્રજાના હૃદયને પૂરી રીતે પારખી લીધું. એ નોકરીમાં રહ્યા પછી ચોથે જ વર્ષે ૧૮૭૪માં બંગાળના નદિયા તાલુકામાં સખત દુકાળ પડયો. સેંકડો માણસો મરણશરણ થયાં અને બધે દુ:ખનો દાવાનળ વ્યાપી રહ્યો. એ ભયંકર દશ્યો વચ્ચે એમણે એકલે હાથે દુષ્કાળ-નિવારણનું કામ કર્યું, ભાંગેલાં ગામડાં ફરી વસાવ્યાં ને વ્યવસ્થાપૂર્વક થોડા વખતમાં શાંતિ અને આબાદી સ્થાપી દીધી. એવો જ કસોટીનો બીજો પ્રસંગ પણ તરત આવેલો. ગંગામુખમાં આવેલા દક્ષિણ શાહબાદપુર નામે બેટમાં મોટે ભાગે બંગાળી મુસલમાનોની વસતિ હતી. એક વખત એક રાતના સખત વાવાઝોડામાં લાખેક માણસ ત્યાં જળપ્રલયમાં ડૂબી ગયું, ઘર-બાર પડી ગયાં, રાચરચીલું ને ઢોર તણાઈ ગયાં કે વેરવિખેર થઈ ગયાં. અધૂરામાં પૂરું કૉલેરા ફાટી નીકળ્યો. પરંતુ રમેશચંદ્ર દત્તનું બુદ્ધિકૌશલ્ય આ વસમી પરિસ્થિતિને પણ પહોંચી વળ્યું.

નોકરીની શરૂઆતથી જ રમેશબાબુના સ્વતંત્ર સ્વભાવ અને વ્યવસાયાત્મિકા બુદ્ધિનો પરચો નજરે પડવા લાગેલો. પ્રજાના હિત આડે આવતા, ગળીની ખેતી ચલાવનાર યુરોપિયન મંડળને નારાજ કરવામાં એમણે પાછી પાની ન કરી. એ વખતના લેફ્o ગવર્નર સર ઍશ્લી વિષે એમની વિદાયવેળાના એક લેખમાં દત્ત બાબુએ એમના કાર્યની કદર કરીને પછી લખ્યું '...પણ એમનો અહંભાવ, ઊછરતા પત્રકારત્વને રૂંધી નાખવાના એમના પ્રયત્નો, બંગાળની મ્હોરતી મહેચ્છાઓને ડામી દેવાના એમના પ્રયાસો–એ બધું એમની જોડે ચાલ્યું જશે.' પોતાના વહીવટ દરમ્યાન થએલા અનુભવે એમણે બંગાળના ખેતી વિષયક પ્રશ્નો ચર્ચતું 'બંગાળનો કિસાનવર્ગ' પુસ્તક બહાર પાડયું. રમેશચંદ્ર દત્તે ઘણાં ઉપયોગી સૂચન કર્યાં: શરૂઆતમાં તો એનો ઉપહાસ કરવામાં આવ્યો, પણ થોડાં જ વરસ બાદ એમની સલાહ સ્વીકારાઇ અને પરિણામે સને ૧૮૮૫નો 'બંગાલ ટૅનન્સી ઍક્ટ' હસ્તીમાં આવ્યો.

ઇ. ૧૮૮૩માં તે બાકરગંજ જિલ્લાના ડિસ્ટ્રિક્ટ ઑફિસર (કલેક્ટર) નીમાયા. એક હિંદીને આ પદનું માન પહેલવહેલું મળતું હતું, એટલે એ જગ્યા દેશીઓને કાયમની આપવી કે નહિ એ પ્રશ્ન તે વખતે ઊભો થયો ને ઍંગ્લો ઇન્ડિયન છાપાંઓએ તેનો ખૂબ વિરોધ કર્યો. પણ દત્તબાબુની કાર્યકુશળતાએ જ એનો ઉત્તર આપી દીધો અને એમની નિમણૂંક કાયમની કરવામાં આવી. વળી, યુરોપિયન તહોમતદારનો કેસ ચલાવવામાં હિંદી તથા યુરોપિયન ન્યાયધીશને એકસરખી સત્તા પણ ત્યારે જ સોંપવામાં આવી. આમ, અમલદાર દરજ્જે દત્ત બાબુએ પોતાની ઊંચી લાયકાત સાબિત કરી.

તે પછી એ મૈમિનસિંગ જિલ્લામાં બદલાયા. છ હજાર ચોરસ માઈલના વિસ્તાર અને ૩૦ લાખની વસતિવાળા એ જિલ્લાના લોકો અડબાઉ અને તોફાની હતા અને એ જિલ્લાનો વહીવટ મુશ્કેલ ગણાતો. ફક્ત નદી મારફત જિલ્લાનો વ્યવહાર સંકળાએલો હતો ને શણની ખેતી વધી હતી. પરંતુ દત્ત બાબુએ બધી જવાબદારી બાહોશીથી સંભાળી લીધી, ને લોકોનાં મન તથા પ્રેમ જીતીને ત્યાંના મુલ્કી પ્રશ્નોને થાળે પાડવા ઉપરાંત તેમણે કેળવણી, આરોગ્ય ને વ્યવહારખાતામાં પણ સુધારા કરાવ્યા. વળી એમણે નાનીનાની સ્વાયત્ત શાસન કરનારી સંસ્થાઓ બાંધવા સરકારને સૂચવ્યું, જેને પરિણામે પંચાયત-મંડળોની યોજના ઘડવામાં આવી.

નોકરીના આવા વખતમાં યે બીજી બાજુ એમની સાહિત્યસાધના તથા લેખનકાર્ય તો સાથેસાથ ચાલુ જ હતાં. બંગાળી જીવનને સ્પર્શતી નવલકથાઓ પણ એમણે લખી હતી. પણ બધું અંગ્રેજીમાં જ એ લખતા. આ દરમ્યાન એ બંગાળના ખ્યાતનામા સાહિત્યસમ્રાટ બંકિમચન્દ્ર ચૅટરજીના સંપર્કમાં આવ્યા. તેમણે એમને માતૃભાષામાં લખવાનો આગ્રહ કર્યો. રમેશચન્દ્રે સંકોચ બતાવ્યો કે હું બંગાળી લેખનશૈલી બીલકુલ જાણતો નથી, ને કેમ લખું? બંકિમચન્દ્ર કહ્યું કે શૈલી જેવી કોઈ વિશિષ્ટ વસ્તુ છે જ નહિ. તમારા જેવો શક્તિશાળી માણસ જે લખે તે જ શૈલી બનશે. શૈલી તો સત્ત્વની પાછળ આપોઆપ આવે છે. અને એ પછી એમણે ચાર ઐતિહાસિક નવલકથાઓ લખી જે અત્યંત લોકપ્રિય થઈ, એટલું જ નહિ, પણ કેટલીકનાં તો અંગ્રેજીમાં તથા બીજે ભાષાંતરો પણ થયાં.

પણ એમનું ખરેખરું ઉજ્જ્વલ કાર્ય તો એમણે કરેલું ઋગ્વેદનું બંગાળી ભાષાંતર. પરંતુ એમણે એ શરુ કરતાં જ આખા બંગાળમાં મોટો ઉહાપોહ મચી ગયો. હિંદુઓના પવિત્રમાં પવિત્ર ગ્રંથ ઉપર દત્ત જેવો એક અ-બ્રાહ્મણ આમ હાથ ચલાવે એ કેટલું ભયંકર મહાપાતક છે એ દર્શાવી પંડિતોએ ભારે ખળભળાટ કરી મૂકયો. બંગાળી વર્તમાનપત્રોમાં રોષ ભરેલા પત્રો ઊભરાવા લાગ્યા અને રમેશચન્દ્ર પર નિંદાવચનોનો વરસાદ વરસવા લાગ્યો. પણ એ કશાને ન ગણકારતાં એમણે શાન્તિથી પોતાનું કાર્ય ચાલુ રાખ્યું અને ઈ. ૧૮૮૫માં તે સંપૂર્ણ રૂપમાં પ્રકટ થયું. એમની સામે પ્રકટેલા રોષ ને વરસેલી

નિદાનું પરિણામ એ આવ્યું કે એ ભાષાંતરની ઘણી નકલો ખપી ગઇ. બંગાળી ભાષામાં આજે પણ ઋગ્વેદનું એ એક જ ભાષાંતર છે. એ પાછળ એમણે એટલો સ્વાધ્યાય ને એકાગ્રતા સાધ્યાં હતાં કે દેશી તથા યુરોપી પંડિતોએ એ કૃતિને વધાવી લીધી.

ઇ. ૧૮૮૬માં તે ઇંગ્લંડ ગયા અને ત્યાંથી તથા યુરોપની સફરેથી એ પાછા આવ્યા કે તરત તેમને પબના જિલ્લામાં મૂકવામાં આવ્યા. ત્યાંના કલેક્ટરે ત્યાં હિંદુ-મુસલમાનો વચ્ચે વૈમનસ્ય વધારી મૂક્યું હતું તેને દત્તે આવીને થાળે પાડી શાન્તિ સ્થાપી. આ વખતે અમ[illegible]રીના આ કપરા કામની સાથોસાથ એમણે ઋગ્વેદના ભાષાંત[illegible] જ—બલ્કે તેનાથી ચડિયાતું બીજું મહાભારત કામ ઉપાડયું હ[illegible] તે, એમને દેશપરદેશમાં ખ્યાતનામા બનાવનાર "પ્રાચીન હિંદનો સાંસ્કૃતિક ઇતિહાસ". ૧૮૮૮થી૧૮૯૦ સુધીનાં ત્રણ વરસમાં એ ચિરંજીવ કૃતિના એમના ત્રણ ગ્રંથો બહાર પડયા અને ચોમેરથી એમને મુક્ત કંઠની પ્રશંસા વરી.

તેમના ઉમદા વહીવટીકાર્યે, દીર્ઘદ્રષ્ટિભર્યાં અને કૃષિઉદ્ધારક મહેસૂલી કાયદાઓ તથા યોજનાઓ, ને મેધાવંત સાહિત્યકાર્યની કદરશનાસીમાં સરકારે તેમને ઈ. ૧૮૯૨માં સી. આઈ. ઇ. નો ઇલ્કાબ આપ્યો. એવામાં તેમની તબિયત બગડી અને તે ફરી ઈંગ્લંડ હવાફેર માટે ગયા. ત્યાંથી ૧૮૯૩માં પાછા આવીને તેમણે 'બંગાળી સાહિત્ય પરિષદ'ની સ્થાપના કરી. ૧૮૯૪માં તેમની શક્તિઓથી પ્રસન્ન થએલી સરકારે તેમને બરદ્વાન જિલ્લાના કમિશ્નરની જગ્યાએ ચડાવ્યા, અને સાથોસાથ ત્યાંનાં દેશી રાજ્યોના પોલિટિકલ એજન્ટ પણ નીમ્યા. આ જગ્યાઓ મેળવનાર પણ એ પહેલા જ હિંદી હતા, અને એ બંને દરજ્જે એમણે અસાધારણ કાર્યકૌશલ બતાવ્યું. એ જ અરસામાં બંગાળની 'લેજિસ્લેટિવ કાઉન્સિલ'માં પણ એ સભ્ય ચુંટાયા.

આમ, એમની કારકિર્દીનો મધ્યાહ્ન તપતો હતો એ કાળે, ૧૮૯૭માં એ એકાએક નોકરીમાંથી રાજીનામું આપી પેન્શન પર ઊતરી ગયા. એમની આ નિવૃત્તિથી લોકોના આશ્ચર્યનો પાર રહ્યો નહિ, ને એ વિષે જાતજાતની અફવાઓ ઊડવા લાગી. એમ પણ બોલાવા લાગ્યું કે એમના અમુક સ્પષ્ટ કથન અને સ્વતંત્ર અભિપ્રાયોને કારણે સરકારનું વલણ એમના તરફ બહુ સારું ન હતું. પણ આ બધી કપોળકલ્પનાઓ હતી. ખરી વાત તો એ હતી કે રાષ્ટ્રનું અને સાહિત્યનું કાર્ય મોકળા મનથી કરવાની તમન્ના એમને આકર્ષી રહી હતી, અને એ માટે પૂરતો અવકાશ મેળવવા એમણે મોટા પગારની અમલદારી નોકરીના મોહનો અંચળો ઉતારી નાખ્યો હતો. ભારતની રાષ્ટ્રીય અસ્મિતાને જાગૃત કરી નવજીવનથી રંગવી અને ભૂતકાલીન સમૃદ્ધિને ભૂલી ગએલી આર્ય પ્રજામાં પુનઃ આત્મશ્રદ્ધા પ્રકટાવવી, એને માટે સારામાં સારું સાધન સાહિત્ય છે એની એમને પ્રતીતિ થઈ હતી. વળી એમની બીજી ભાવના પોતાના દેશને વધારે મુક્ત અને સ્વતંત્ર બનાવવાની હતી. સત્ત્વ અને શક્તિમાં હિંદીઓ કોઈ રીતે ઊતરતા નથી, તો રાજ્યવ્યવસ્થામાં પણ તેઓ અગ્ર ભાગ લેતા થાય એ તેમની ઉત્કટ ઇચ્છા હતી અને તેથી પોતાના દેશબંધુઓને એ કાર્યમાં એમનો વ્યાજબી હિસ્સો મળે એવી પ્રવૃત્તિમાં તે ઉદ્યુક્ત થયા.

નિવૃત્ત થઇને એ ૧૮૯૭થી૧૯૦૪ સુધીનાં સાત વર્ષ ઇંગ્લંડમાં રહ્યા. ત્યાં લંડન યુનિવર્સિટી કૉલેજમાં હિંદી ઈતિહાસના વ્યાખ્યાતા તરીકે એમની વરણી થઈ. અહીં એમના વિદ્યાર્થીઓમાંના કેટલાક તો હિંદી સિવિલિ સર્વિસ માટેના અંગ્રેજો તથા હિંદીઓ હતા. એ જગ્યા એમણે સ્વીકારી તો ખરી, પરંતુ એમનો બાકીનો ઘણોખરો સમય સાહિત્ય તથા દેશસેવાની પ્રવૃત્તિમાં જ વીતતો.

એ કાળે હિંદની હિતપ્રવૃત્તિનું કાર્ય મુખ્યત્વે દાદાભાઇ નવરોજી અને સુરેન્દ્રનાથ બૅનરજી કરતા. એમની સાથે રમેશચન્દ્ર દત્તે પુરાવેલો ફાળો નાનોસૂનો નથી. ખરું જોતાં એ સમયે દેશસેવાના કાર્યમાં સખત મહેનત ઉઠાવનાર આ ત્રણ જ અગ્રણીઓ હતા. તેમની એ દેશભક્તિ અને પ્રતિભાવંત કાર્યશક્તિની કદર તરીકે ઇ. ૧૮૯૯ની હિંદી મહાસભા(કૉંગ્રેસ)ના પ્રમુખ તરીકે દેશે એમને ચૂંટેલા.

આ ગાળામાં એમણે એમના જીવનનું ત્રીજું મોટું સાહિત્યકાર્ય હાથ લીધું. આપણાં બે મહાકાવ્યો રામાયણ અને મહાભારતને અંગ્રેજી કાવ્યરૂપમાં ઉતારીને જગત સમક્ષ હિંદના એ અમર સાહિત્ય-વૈભવને મૂકવાનો એમણે સંકલ્પ કર્યો ને સંસ્કૃતભાષાના વિખ્યાત અભ્યાસી ને જર્મન વિદ્વાન પ્રો૦ મૅક્સમુલર આગળ એ આકાંક્ષા મૂકી. ૯૦,૦૦૦ શ્લોકના એ મહાકાવ્યના કથાવસ્તુને ટૂંકામાં આ રીતે પરભાષામાં ઉતારવાનું કામ અશક્ય હોવાની પ્રોફેસરે સલાહ આપી. પણ દત્ત તો કૃતનિશ્ચય હતા. વર્ષોની મહેનત પછી એમણે જ્યારે મહાભારતની ટુંકાવેલી હાથપ્રત પ્રોફેસરના હાથમાં મૂકી ત્યારે એમના આશ્ચર્ય ને આનંદનો પાર રહ્યો નહિ ને પોતે એની પ્રસ્તાવના લખી આપવાનું સ્વીકાર્યું. એ પ્રકટ થયે રામાયણ ને મહાભારતની ૧૦ ને ૧૫ હજાર નકલો ખપી ગઈ એ જ એની સફળતાનો પુરાવો છે.

રમેશચન્દ્ર દત્ત ઈંગ્લંડમાં હતા ત્યારના એ વડોદરા-નરેશ સ્વ૦ સયાજીરાવ ગાયકવાડની આંખમાં વસી ગયા હતા. પોતાના રાજ્યને પ્રગતિમાન બનાવવાના સદાના મહેચ્છુ એ રત્નપારખુ રાજવીને મન એમની કિંમત ને કદર ઘણી હતી; એટલે ઈ. ૧૯૦૪માં દત્ત હિંદ પાછા આવ્યા ત્યારે સયાજીરાવે એમને પોતાના રાજ્યમાં આવવા આમંત્ર્યા ને એ વડોદરા રાજ્યના મહેસૂલી પ્રધાન તથા પાછળથી દીવાન થયા. એ સ્થાનેથી એમણે રાજ્યમાં પુષ્કળ સુધારા દાખલ કર્યા તેમાં રાજકારોબાર ખાતાથી ન્યાયખાતાને મુક્ત ને સ્વતંત્ર બનાવ્યું. જકાત લેવી બંધ પાડી, કેટલાક ભારે કરવેરા કાઢી નાખ્યા, મહેસૂલના દર ઘટાડયા, સ્થાનિક લોકશાસન ખીલવ્યું, શિક્ષણને ફરજિયાત તથા મફત બનાવ્યું અને ઘરઘંધા તથા કારખાનાને ઉત્તેજન આપ્યું. આ બધાંથી પ્રજાનો એમણે એટલો તો પ્રેમ સંપાદન કર્યો કે તેમને "દારિદ્રોંકા દોસ્ત"નું ઉપનામ પ્રજાએ આપેલું.

રમેશચંદ્ર દત્ત દૃઢતાપૂર્વક માનતા હતા કે હિંદી આમજનતાના જીવનધોરણને ઊંચું લેવાની મુખ્ય જરૂરત છે. હિંદની પ્રજાનો મોટો ભાગ ખેતીવાડી ઉપર નભતો હોઇને એ ખેતીવિષયક પ્રશ્નો ઉપર ખૂબ ધ્યાન આપતા. એ જાણતા હતા કે હિંદના ખેડુ કુટુંબને વર્ષભર પૂરું ખાવા પણ મળતું નથી. જમીનદારવર્ગની સ્થિતિ જોકે ઠીક છે, પણ એમનું યે મહેસૂલનું બંધારણ વધુપડતું કડક છે ને તેનો સઘળો ભાર સાંથ આપીને જમીન ખેડવા રાખનારને માથે પડે છે. અતિશય તંગીને કારણે ખેડુ કુદરતના કોપ આગળ હારી બેસે છે ને દુકાળ સામે એ ટકી શકતો નથી—બલ્કે તૂટી જાય છે. હિંદના ઉદ્યોગધંધા નષ્ટભ્રષ્ટ થઈ ગયા એ આ સઘળી પીડાનું મૂળ છે. બીજું કારણ છે સરકારી મહેસૂલનીતિ. રિવિઝનો વારંવાર થવાથી જમીનના દર ચઢિયાતા થતા જતા અને ઉત્પન્ન વધતું નહિ હોવાથી ખેડુ પાયમાલ થતો હતો. આના ઉપાય તરીકે ઇરિગેશનનાં બાંધકામનો વિકાસ કરવાની એમની ભલામણ હતી. વચ્ચે એ હિંદ આવ્યા ત્યારે આ બધા સુધારા તે વખતના ગવર્નર જનરલ લૉર્ડ કર્ઝન આગળ તેમણે મૂકયા. પણ એને તે ભારે ક્રાન્તિકારી લાગ્યા, એટલે ઈંગ્લંડ જઇને તેમણે એ વિષે પ્રચાર શરુ કર્યો અને હિંદી પ્રધાન સમક્ષ એક માગણીપત્ર રજૂ કર્યું, જે- (અનુસંધાન પૃ. ૨૫૦મા પાના ઉપર)

ભેદી લૂંટ

જેમાં માણસોને તાવ આવે છે ને ઝવેરાતને પગ.



નરેન્દ્રે બીજો બાર કર્યો જવાબમાં તેના જમણા હાથને સખ્ત આંચકો લાગ્યો ને રિવોલ્વર પડી ગઈ.

વિશ્વેશબાબુ! આ કામ તમે જ હાથમાં લો. આમાં મારા એકલાની આબરૂનો સવાલ નથી પણ અમારી કંપનીની સદ્ધરતા પણ તૂટી જશે.' યુનિવર્સલ ઍરવેઈઝ કંપનીની હૉસ્ટેલના મૅનેજર આગ્રહમાં થોડી આજીજી ઉમેરીને બોલતા હતા.

યુરોપથી મલાયા જતા ઉતારુઓ કલકત્તા જોવા રોકાતા. એમની સગવડ માટે યુનિવર્સલ ઍરવેઈઝ કંપનીએ પોતે જ એક વિશાળ હૉસ્ટેલ (નિવાસગૃહ) ઍરોડ્રોમની સામે બાંધેલી. તેમાં દરેક ઉતારુ માટે અલગ ઓરડીની વ્યવસ્થા હતી. દરેક ઓરડીમાં ઉતારુઓની કીમતી ચીજો સાચવવા એકેક તિજોરીની પણ સગવડ રાખેલી હતી, જેની ચાવી ઉતારુઓને અપાતી, અને જ્યારે ઉતારુ ઓરડી ખાલી કરતો ત્યારે મૅનેજરને તે સોંપી જતો.

હમણાંહમણાં હૉસ્ટેલમાં ખૂબ ગિરદી રહેતી, કારણકે તેમાંના બધા ઉતારુઓ રાત્રે તાવ આવી જવાની ફરિયાદ કરતા અને તેથી ઘણાખરા એકબે દિવસને માટે આગળ જવાનું મુલતવી રાખતા. આમ, યુરોપમાંથી આવનારા ઉતારુઓ વચ્ચે જતા હતા, પણ આગળ જનારાઓની સંખ્યા ઘટતી જતી હતી, અને પરિણામે હૉસ્ટેલમાં અણધારી ભીડ થવા લાગી હતી.

પરંતુ મુશ્કેલી આટલેથી જ અટકી ન હતી. હવે તો પાંચમા માળની કોઈ ને કોઈ ઓરડીના ઉતારુની ફરિયાદ આવવા લાગી હતી કે રાત્રે તેમની તિજોરી લુંટાઇ જતી હતી. તેમની ફરિયાદ પણ વિચિત્ર હતી. સૂતી વખતે તેઓ પોતાનું જોખમ તિજોરીમાં મૂકી, તેને ચાવી દઇ, બરોબર તપાસી લેતા અને ઓરડીના બારણાંને પણ અંદરથી કળ લગાવીને પછી જ સૂતા. સવારે તેઓ ઊઠતા ત્યારે બારણાની કળ અને તિજોરી બંનેનાં તાળાં જેમનાં તેમ વાસેલાં જ હોય, ને છતાં તિજોરીમાંથી તેમનું જર કે ઝવેરાત ગુમ થયું હોય! હૉસ્ટેલના બીજા દરદીઓની જેમ રાત્રે તાવ આવી ગયાની ફરિયાદ તો તેમની પણ રહેતી

આથી, સ્વાભાવિક રીતે જ પોલીસનાં પુનિત પગલાં દરરોજ હૉસ્ટેલ પર થવા માંડેલાં. ઉતારુઓ આથી વધુ મુંઝાતા અને પોતાની તબિયત આગળ જતાં રોકતી છતાંયે પોલીસખાતાની ઝંઝટમાંથી બચવા આરોગ્યનું જોખમ ખેડીને પણ આગળ જવા તેઓ તૈયાર થતા.

પોલીસને તો મૅનેજર પર જ શંકા આવતી. ખોરાકમાં એવો કોઈક પદાર્થ નાખી, ઉતારુઓને માંદા પાડી, મૅનેજર જ ડુપ્લીકેટ ચાવીની મદદથી આ ભેદી લૂંટ ચલાવતા હશે એમ પોલીસ માનતી હતી. પરંતુ એક જ બાબતનો ખુલાસો નહોતો થતો, કે દરેક ઉતારુ પોતાની ઓરડીને અંદરથી બારણાની કળ લગાવીને સૂતો હતો તે કળનું તાળું કેવી રીતે ખોલવામાં આવતું હશે? અને એ સવાલના ખુલાસાના અભાવે જ મૅનેજર પર વોરંટ નહોતું નીકળી શકતું.

પોલીસને પોતાના પર શંકા છે તે મૅનેજરની જાણ બહાર ન હતું. પણ તે સ્થિર બુદ્ધિનો અને ધીરજવાળો માણસ હતો. તે સમજતો હતો કે જો પોતે ગભરાઇ જશે તો કાવતરું વધુ મજબૂત બની જશે. તેથી અંતે તેણે કલકત્તાના નામચીન ડિટેક્ટિવ વિશ્વેશબાબુને આ કામ સોંપવાનું યોગ્ય ધાર્યું.

વિશ્વેશબાબુએ તેમને સધિયારો આપ્યો: 'તમે બેફિકર રહો. મારાથી બનતું બધું હું કરી છૂટીશ. પહેલાં તો મને તમારા ઉતારુઓને જોવા દો. અને એક રાત મારે તમારી હૉસ્ટેલમાં પણ છાની રીતે ગાળવી છે. પણ તમારા નોકરો સુધ્ધાં કોઈને તેની ખબર ન પડવી જોઇએ. શ્યામસુંદર ઝવેરી નામ ધારણ કરીને હું વેશપલટો કરી એક ઉતારુ તરીકે જ આવીશ. એ પરથી તમે મને ઓળખી શકશો.'

યોજના સમજી લઈ મૅનેજર રવાના થયા.

[૨]

'ડૉક્ટર સાહેબ ત્યારે આ મૅલેરિયા નથી એ તો ખરું ને?'

'ચોક્કસ વિશ્વેશબાબુ! આ સામાન્ય પ્રકારનો મૅલેરિયા નથી, પણ તેના જેવો જ ભળતો કોઈ રોગ છે. મારી આ ડૉક્ટરી આલમથી એ અજાણ્યો છે તેની હું ખાતરી આપી શકું છું.'

'આપે હૉસ્ટેલમાં અપાતો ખોરાક તપાસ્યો? એમાં તો કશું શંકા જેવું નથી ને?'

'બીલકુલ નહિ, ઉલટું તે તો એક અત્યંત આરોગ્યદાયક અને

નમૂનેદાર ખોરાક તરીકે ગણાવી શકાય. ખોરાક ઉપરાંત દરેક દર-દીનું લોહી પણ મેં તપાસ્યું છે. કોઇ પણ દરદીના લોહીમાં મૅલેરિયાના જંતુઓ જણાયા નથી. પરંતુ લોહીમાંના રજકણો અચેતન અવસ્થામાં જણાયા છે. તેથી જ કહું છું કે એ મૅલેરિયા નથી.'

'ત્યારે મારી શંકા ખરી છે, ડૉક્ટર,' વિશ્વેસ બાબુએ જણાવ્યું. 'એ હૉસ્ટેલમાં બનતા બનાવોની તપાસ કરવા હું જાતે જ એક ઉતારુ તરીકે ગએલો. મારે સારી યે રાત જાગીને શું બને છે તે જોવું હતું; મેં એ ખોરાક નહોતો લીધો; અને છતાં કમભાગ્યે હું જાગી જ ન શક્યો. મારા જાગવાના બધા પ્રયત્નો નિષ્ફળ ગયા. સવારે ઊઠ્યો ત્યારે અંગે અંગમાં સુસ્તી ભરી હતી. રાત્રે ઊંઘ દરમ્યાન તાવ રહ્યો હતો. ગમે તેવી મૅલેરિયલ જગ્યામાં પણ હું બબ્બે ત્રણ ત્રણ રાત રોકાયો છું, છતાં મને તેની અસર થઇ નથી. એટલે આ બાબતમાં મને શંકા હતી અને તેના સમર્થનમાં તમારો અભિપ્રાય પણ મળ્યો.'

'તો હવે શું કરશો? એ હૉસ્ટેલના બનાવો કોઈ પણ ઉપાયે નજરોનજર નિહાળ્યા વિના તો આનો ભેદ ન ઉકલી શકે.'

'ખરી વાત, ત્યાં રહીને તો કશું જ જાણી શકાય તેમ નથી'

'વિશ્વેસબાબુ, એવું કોઈ યંત્ર હોય તો કેવું સારું કે જેની દૂરગામી શક્તિ વડે કે અહીં બેઠાં ત્યાં શું બને છે તે જાણી શકીએ?'

'હા...હા...હા...' ઊંડા વિચારમાં ધીમું ધીમું ડોકું હલાવતા વિશ્વેસબાબુ ગણગણ્યા અને પછી તરત ઊભા થતાં બોલ્યા, 'બરોબર, કદાચ છેલ્લી લડાઈમાં શોધાએલું રડારયંત્ર આમાં મદદ રૂપ થઇ પડે. અહીંના મિલિટરી કૅમ્પમાં તપાસ કરી જોઉં, જો હોય તો. ઠીક ત્યારે, ડૉક્ટર, તકલિફ દરગુજર કરશો: આભાર તમારો.' આમ કહેતા વિશ્વેસબાબુ ડૉક્ટરથી છુટા પડયા.

[૩]

અગાધ ઘેરાં લીલાં પાણીવાળા બંગાળના ઉપસાગરની નિઃસીમ સ્તબ્ધતા વચ્ચે સ્ટીમ લૉંચનો છગછગાટ કરતો અવાજ આવતો હતો અને એ અવાજમાં અંદર બેઠેલાઓની વાતો ડુબી જતી હતી.

'હવે ડૉક્ટર, તમને માંડીને વાત કહું. તે દિવસે તમારી પાસેથી ઊઠીને હું પરબારો મિલિટરી કૅમ્પ પર ગયો હતો. મેં સઘળી હકીકત કર્નલને જણાવી રડારની માગણી કરી. તેણે ધીરજથી મારી વાત સાંભળી અને ખૂબ સહાનુભૂતિપૂર્વક સહાય કરવાની ખાત્રી આપી હેડ મિકૅનિકને બોલાવ્યો, અને મારો પરિચય તથા કામની સમજ આપીને ખૂબ ખબરદારીથી કામ બજાવવાની ભલામણ કરી મારી તહેનાતમાં સોંપ્યો. નક્કી કર્યા પ્રમાણે જમી પરવારીને હું રાત્રે દસ વાગ્યે રડાર સ્ટેશને પહોંચી ગયો. સત્યેન્દ્ર દેવ કાબેલ મિકૅનિક છે. તે મારી રાહ જોઇને જ બેઠેલો હતો. હું ગયો કે તરત તેણે રડારનો સ્ક્રીન ચાલુ કર્યો અને તેના પર હૉસ્ટેલનું મકાન દેખાયું. ત્યાં માણસોની થતી અવર જવર પણ જોઈ. પરંતુ દરેક રૂમની અંદર શું બનતું હતું તે નહોતું દેખાતું. લૉબીમાંથી માત્ર વાસેલાં બારણાં જ જોઇ શકાતાં હતાં. ઘડીભર તો હું નિરાશ થઈ ગયો. પરંતુ એટલેથી હારી ન ખાતાં, રૂમની બહાર જે કંઈ બનતું તે દેખી શકાતું તે પર દેખરેખ રાખતો રાતના અઢી વાગ્યા સુધી એમ ને એમ બેઠો રહ્યો. હવે તો હૉસ્ટેલની બહારની અવરજવર પણ દેખાતી બંધ થઈ ગઈ હતી. એવામાં અચાનક બરોબર અઢી વાગ્યે પાંચમા માળની ત્રણ નંબરની ઓરડી મેં ઊઘડતી જોઈ. ને તેમાં સૂતેલો ઉતારુ બહાર આવ્યો. થોડી વારમાં તો તે હૉસ્ટેલની બહાર જતો દેખાયો. તેના હાથમાં એક નાનું સરખું પાકીટ હતું. હવે તો તેની આકૃતિ સ્ક્રીન પર સ્પષ્ટ દેખાવા લાગી.' વિશ્વેસબાબુ શાંતિથી વર્ણન કરી રહ્યા હતા અને ડૉક્ટર એકચિત્તે એ સાંભળી રહ્યા હતા.

'પછી તો તે મેદાન વટાવી સામે આવેલા એરોપ્લેન રાખવાના ગરાજ પાસે આવ્યો. દરેક ગરાજને તાળું લગાવેલું હતું. ફક્ત છેલ્લું ગરાજ ઉઘાડું હતું. પેલો ઉતારુ અંદર ગયો અને તરત જ ખાલી હાથે પાછો ફર્યો. પછી જે રીતે તે આવ્યો હતો તે જ રીતે તે હૉસ્ટેલમાં ચાલ્યો ગયો અને પોતાની રૂમમાં જઈ અંદરથી બારણું વાસી દીધું.

લાગલા જ મેં મિકૅનિકને પેલા ગરાજ પર એકદમ યંત્ર ગોઠવવાનું કહ્યું. તરત જ સ્ક્રીન પર ગરાજ દેખાયું અને બેએક મિનિટમાં જ તેમાંથી એક મૉનોપ્લેન બહાર આવ્યું અને ચકરાવા લેતું ઊડયું. સત્યેન્દ્રને પણ હવે આમાં રસ પડતો હતો, એટલે હું સૂચવું તે પહેલાં તો તેણે રડારને વિમાનની ગતિ પર નોંધવા માંડયું. ઊડતું ઊડતું એ મૉનોપ્લેન દૂર આવેલા એક ટાપુ પર ઊતર્યું. તરત સત્યેન્દ્રે તેના અક્ષાંશ રેખાંશ મશીન પરથી નોંધી લીધા.

જેવું મૉનોપ્લેન નીચે ઊતર્યું એવો જ ટાપુ પરનો એક માનવી તેની પાસે આવ્યો અને પ્લેનમાંથી પેલું પાકીટ લઇને ચાલ્યો ગયો. તરત જ પ્લેન ફરીથી ઊડયું અને પાછું ગરાજમાં આવીને ગોઠવાઈ ગયું. આ બધું અમે રડારના સ્ક્રીન પર સ્પષ્ટતાથી જોયું.'

'પછી?' ડૉક્ટરે આતુરતાપૂર્વક પૂછયું.

'પછી કલાકેક ત્યાં જ આરામ લઇ સવારમાં વહેલા સાડા પાંચ વાગ્યે મેં અને સત્યેન્દ્રે હૉસ્ટેલ પર આવી મૅનેજરને ઉઠાડયા. વહેલા પરોઢિયે મને અચાનક આવેલો જોઇ મૅનેજર જરા અચંબો પામ્યા: 'કેમ? અત્યારે કાંઈ કામકાજ?'

'અમારે તમારાં વિમાનો જોવાં છે,–પેલી તપાસની બાબતમાં.'

'વિમાનો?!' આશ્ચર્યથી તેણે પૂછયું. 'ભલે, ચાલો.'

આગળ તે અને પાછળ અમે ચાલ્યા. અને પેલો ઉતારુ ચાલ્યો હતો તે જ રસ્તે મેદાનની સામેની બાજુએ આવેલાં ગરાજો પાસે અમે પહોંચ્યા. મૅનેજરે એક પછી એક બધાં ગરાજ ઉઘાડી એકે એકે વિમાન અમને બતાવ્યું ને છેવટે છેલ્લા ગરાજ પાસે આવ્યો.

'આ ગરાજ કેમ વાસેલું નથી?' મેં પૂછયું.

'કારણકે એમાં એક જૂનું ને નિરૂપયોગી મૉનોપ્લેન પડયું છે. તે ચાલુ નથી એટલે ગરાજ વાસવાની જરૂરત નથી લાગતી.


'તો પછી કાંઈ નહિ;એ જોવાની જરૂર નથી.' સત્યેન્દ્ર વચ્ચે બોલી ઊઠયો ને હું કંઈ ન બોલું તે માટે તેણે હળવેથી મારું કાંડું દાબ્યું.

અમે પાછા હૉસ્ટેલ પર આવ્યા. ત્યાં પેલો ઉતારુ એ દરમ્યાન મૅનેજરની રાહ જોતો જ ઊભો હતો. અમે પહોંચતાં જ તે ગભરાટથી બોલી ઊઠયો: 'મૅનેજર, મારા રૂમમાંથી ચોરી થઈ છે. તમે પોલીસને ખબર આપો. મારી તિજોરીમાંથી ઝવેરાતની આખી પાકીટ જ ગુમ થઈ છે.'

મેં અને સત્યેન્દ્રે એકબીજા તરફ નજર કરી, અને જેવો મૅનેજર પેલા ઉતારૂને લઈ ટેલીફોન રૂમમાં ગયો કે તરત જ અમે બન્ને ગરાજ તરફ ચાલ્યા. 'પેલા ઉતારૂની વાત ચાલે છે તેટલી વારમાં તો આપણે પાછા પહોંચી જઈશું.' સત્યેન્દ્ર રસ્તામાં બોલ્યો. ગરાજમાં વિમાનને જોતાં જ સત્યેન્દ્ર બોલી ઊઠયો: "V. 2!"

ગયા મહાયુદ્ધમાં ઈંગ્લંડ પર બૉમ્બમારો કરવા જર્મનીએ આ વિમાની વગરનું વિમાન શોધી કાઢેલું. એ બૉમ્બરોનું સંચાલન ફ્રાંસના કિનારા પર થતું.' આટલું કહીને વિશ્વેસબાબુ અટકી ગયા.

'એટલે આપણે હવે એ જ ટાપુ તરફ જઈ રહ્યા છીએ એમ ને?' આટલું બોલી ડૉક્ટર શાંત બેસી રહ્યા. એ શાંતિમાં એમ ને એમ અરધો કલાક વીતી ગયો. ફક્ત લૉંચનો પેલો (અનુ૦ પૃ૦ ૨૪૮મે)



કિરાતકન્યા હાથમતી

'સંગમશોભના સાબરમતી નામના આ જ લેખકના વિખ્યાત નદી-પરિચયનો અનુગામી, અને વિવિધ અવલોકનો, ચિંતનો તથા વિદ્વત્તાભર્યાં વિધાનોથી સભર ને પ્રાસાદિક પ્રવાસ-લેખ

લેખક · પ્રો. રામપ્રસાદ શુકલ એમ. એ.

ભીલોડાથી આગળ ચારેક માઈલ પર ચિબોડા પાસે હાથમતીનું નદી-સ્વરૂપ પૂર્ણ રૂપે જોવા મળે છે. જળભરપૂર એના પૂર્વ તરફના કિનારા ઉપર લીલી વાડીઓ ઝૂકી રહેલી છે, જ્યાંથી સંધ્યાકાળે નદીતટે રાત ગાળવા ઊતરી પડેલા સારસોનાં જૂથની રમણીય ક્રીડાઓ જોતાં ગાળેલી એક ચિરસ્મરણીય સાંઝનો કેવળ ઉલ્લેખ કરીને જ આગળ વધીએ. અહીંથી પુનર્જીવિત થતો નદીપ્રવાહ છેક સાબરના સંગમ સુધી ઓછોવત્તો પણ લગભગ અસ્ખલિત વહે છે. ભીલોડાની ઉપરવાસ પણ હાથમતીની ખીણમાં શેરડીનો પાક ખૂબ થાય છે, તથાપિ એનાં મુખ્ય કેન્દ્રો તો આ ગાળાનાં જ ગામડાં. એમાં પણ કલ્લેકા ને શુરાવાસ એ બે સામસામે નદીકિનારે આવેલાં ગામોની શેરડીનો ગોળ નમૂનેદાર ગણાય છે. રતુંબડી કાળી શેરડીના વાવેતરને અહીંના ઘણા ખેડૂતો વળગી રહ્યા છે: જોકે યુક્તપ્રાંત-બિહારની ધોળી શેરડીના બીજનું વાવેતર આજુબાજુ વ્યાપક બન્યું છે.

પણ આ ગાળાને ઓળંગતાં પહેલાં હાથમતીની ખીણનું ઐતિહાસિક દૃષ્ટિએ સૌથી પ્રાચીનતમ એવું તીર્થસ્થાન અવલોકવું જોઈએ. નદીના પશ્ચિમ કિનારે લગભગ પોણો માઈલ દૂર દેસણ ગામ છે: એને ગોંદરે ઈન્દ્રાશી નદીના તટપર ભવનાથ નામનું સુપ્રસિદ્ધ તીર્થસ્થાન છે. અહીં મધ્યમાં મહાદેવનું મંદિર, પ્રાંતભાગમાં બીજાં મંદિરે

અને છેડા પર એક તળાવડું છે જેને ભૃગુકુંડ તરીકે ઓળખવામાં આવે છે. આ કુંડની પ્રાચીનતા તથા ચમત્કારિકતા વિષે અનેક વાતો પ્રચલિત છે. એમાંથી આટલી સિદ્ધ હકીકત છે કે આ કુંડની માટી ચોપડીને ત્યાંના પાણીમાં નિત્ય સ્નાન કરવાથી લાંબે કાળે પત જેવા ભયંકર રોગની શાંતિ થાય છે અને કેટલાકનો કોઢ પણ મટે છે. બૉમ્બે ગૅઝેટીઅર(વૉલ્યુમ પાંચમું પૃ. ૪૩૩)માં એને વિષે નોંધ છે કે 'The earth and water of this pond have so great a name for curing leprosy that many people suffering from that disease come from all parts of Gujarat. Under the directions of the temple devotees, the patients bathe in the water, and, covering their bodies with the earth, allow it to remain from three to four hours. From forty to fifty percent are said to be cured.' અને આની નીચે ફુટનોટમાં નોંધ્યું છે કે 'A sample of this earth, very heavy and of a light ash colour, was in July 1878 sent by the Assistant Political Agent through the apothecary in charge of the Sadra Civil Hospital to the Chemical Analyser to Government.' ઈડર સંસ્થાનના વૈદકખાતા તરફથી પતના રોગીઓને સારવાર માટે અહીં રાખવાની વ્યવસ્થા કરવામાં આવતી અને ગરીબ રોગીઓને રાજ્ય તરફથી મફત ખાવાપીવાની સગવડ મળતી. (૧૯૪૨ સુધી આવી વ્યવસ્થા હતી એવું મારી જાણમાં છે. અત્યારની માહિતી મને નથી.) ઋગ્વેદપ્રસિદ્ધ સુકન્યા શાર્યાતિના વૃદ્ધ પતિ ચ્યવન ભાર્ગવને આ કુંડમાં સ્નાન કરવાથી યૌવન પ્રાપ્ત થએલું એવી દંતકથા આજ દિવસ સુધી પ્રચલિત છે. ભૃગુઋષિઓએ અહીં ઘણા યજ્ઞો કર્યાં હોવાનું કહેવાય છે, અને આ જ કુંડની વેદી બનાવીને એમાં અનેક વખત આહૂતિઓ આપવામાં આવેલી એવી કિંવદંતી પણ છે. આ સ્થળ ચ્યવન ઋષિનું નિવાસસ્થાન હતું કે નહિ અને કુંડજળમાં સ્નાન કરવાથી એમને યૌવન પ્રાપ્ત થયું કે નહિ ઈત્યાદિ પ્રશ્નોને અલગ રાખીએ, તોપણ તીર્થસ્થાન તરીકે આ સ્થળનું માહાત્મ્ય પ્રાચીન સમયથી છે એ વિષે અનેક ઐતિહાસિક પુરાવાઓ ઉપલબ્ધ છે. તેમાંના થોડા તપાસીએ.

(अ) આ મંદિરના પ્રાંતભાગમાં રામજી મંદિર તરીકે જાણીતા નાના મંદિરમાં વિ. સં. ૧૩૫૪નો શિલાલેખ છે.[૯] એમાં સ્પષ્ટ ઉલ્લેખ છે કે શિવ અને શક્તિના ભક્ત વૈજલ્લદેવે ભૃગુકુળના પ્રાંતભાગમાં માતાપિતાના આત્માની પ્રીત્યર્થે સૂર્યમંદિર બંધાવ્યું.

तेन श्री भृगुकुंडस्य जगत्यां देववासणे
मातृपितृसमुद्दिश्य कारितं सूर्यमंदिरं

આમ છેક ઇ. ૧૨૯૮માં ભૃગુકુંડ પ્રખ્યાત તીર્થસ્થાન હતું એવો આ દસ્તાવેજી પુરાવો છે. એ જમાનામાં પણ આ સ્થળ ઘણા લાંબા સમયથી પવિત્ર તીર્થ તરીકે જાણીતું હોવું જોઇએ, જેને કારણે સૂર્યમંદિર બંધાવનાર માતાપિતાના પુણ્યાર્થે તીર્થસ્થાને દેવમંદિર બંધા-



હાથમતી પાસે ઇન્દ્રાશીને તટે ભવનાથનું પ્રાચીનતમ તીર્થસ્થાન (રાસમાળામાં આપેલું એક જૂનું ચિત્ર)

વવા પ્રેરાય છે. આમાં ભૃગુકુંડ એવો જે શબ્દ છે એથી પણ ભૃગુઓના આ સ્થળ સાથેના સંબંધની પાછળ લાંબી પરંપરા એ સમયે પણ હોવાનો પુરાવો છે.[૯] देववासणे શબ્દ ઉપરથી દેસણ ગામનું જૂનું નામ પણ મળી આવે છે देववासण: देवाउण: देआसण: देसण થયું લાગે છે.

(आ) પૌરાણિક પરંપરા પ્રમાણે ભૃગુઓનું મુખ્ય સ્થળ નર્મદાના મુખ આગળ ભૃગુકચ્છમાં હતું. ગુજરાતના બીજા વિભાગોમાં પણ ભૃગુકુળનાં થાણાં હતાં. એ કુળના વિખ્યાત મહર્ષિ દધીચિનો આશ્રમ પદ્મપુરાણ અનુસાર સાબરમતીને તટે હતો. ભૃગુકુળના મુખ્ય પુરુષ ચ્યવન ભાર્ગવની પત્ની આનર્તના શર્યાતિ રાજાની પુત્રી હતી. સ્કંદપુરાણમાંના પ્રભાસખંડ પ્રમાણે ચ્યવનપત્ની શાર્યાતિનો પિતા શર્યાતિ વલ્લભીમાં હતો. વળી ખેડબ્રહ્મામાં પણ ત્રિવેણીસંગમ પાસે ભૃગુઋષિનો આશ્રમ છે. આ રીતે પ્રાચીન સમયથી ગુજરાત-કાઠિયાવાડમાં ભૃગુકુલો પથરાએલાં હતાં એ નિઃશંક હકીકત લાગે છે.

(इ) देववासण શબ્દ પરથી જેમ દેસણ ગામનું નામ તેમ હાથમતી-ખીણનાં બીજાં ગામો પણ આ સંબંધમાં વિચારવા જેવાં છે: शुरावास=(स्थविर+आवास) આ નામનું બીજું એક ગામ વડાલી પાસે પણ છે. (स्थूल+आवास એવી વ્યુત્પત્તિ પણ શક્ય છે.) बडोली, बडाली, बुढेली, बुड्ढिया આમાં वृद्ध+पल्ली ની શક્યતા વધુ છે. વડાલીને वट+पल्ली તરીકે વ્યુત્પન્ન કરવામાં આવે છે, તથાપિ

[૯] આ શિલાલેખ તા. ૧૪-૧૧-૧૯૩૩ના રોજ મેં ઉતારી લીધેલો અને પાછળથી 'ઈડર સંસ્થાનના કેટલાક પુરાતન અવશેષો' નામે પુસ્તકમાં છપાયો છે. લેખનપદ્ધતિની આમાં બે વિશિષ્ટતાઓ છે: (૧) પડી માત્રાનો ઉપયોગ: એટલે કે કાનો વર્ણની પહેલાં લખાયો છે; (૨) આ લેખ કાવ્યમય સંસ્કૃત ઢબનો ચોત્રીસ છંદોબદ્ધ શ્લોકોનો છે. પહેલા ચાર શ્લોકોમાં સૂર્યની પ્રશસ્તિ છે. ગુજરાતના છેલ્લા વાઘેલા રાજા કરણના શાસનકાળમાં આ પ્રશસ્તિ ઉત્કીર્ણ થઈ છે.

वृद्ध શબ્દથી બીજલાઘવ સચવાય છે. આ ઉપરાંત પણ હાથમતીની ખીણનાં બીજાં ગામોનાં નામો પ્રાચીનતાની દૃષ્ટિએ વિચારવા જેવાં છે થોડાં ઉદાહરણોમાં लीलछा, (नील+छाया), जांबुडी (जम्बू+पल्ली), बंडिरिजिद्रि (ભંડરેજ); हस्तिकपल्लिका (હાથરોલી); सिंहपल्लिका (સૅંબલિયા); देसुरक्षितेज्ज (દોથર-બેરોજ); कोलंब (ખોડમ); वड्डुसोमालिका (ઓડ-સામેરા); सीहमुहिज्ज (શેમળિયું); विश्वपल्लि (ધસરી); दुहुर्दुहिकापद्रक (દહેગામડા); दुहुदुहु (ડોડી-સર); जाइण्णपल्लि (જણાલી); गुडपल्लि (ગોડલ-ગોરલ); नगरक (નગરું); देयापल्लि (દિયોલી); रोहिणीयजे (રૂવૅાચૈ-જ); कवित्थाविक (કઠવાડિયા); गण्डुक (ગઢુ; करित्थाविक (કરોલી અથવા કાવલી); तापसपल्लिका (તસિયા); ઇત્યાદિ ગામોનાં નામો વિચારવા જેવાં છે. આમાંનાં કેટલાંક ગામોનાં નામો વલભીનાં દાનપત્રો જેટલાં જૂનાં છે અને દાનપત્રોમાંના ઉલ્લેખો અનુસાર એને બરાબર ઘટાવી શકાય એમ છે. 'સંસ્કૃતિ' માસિકના જુલાઈ અંકમાં આવેલા ખેટકાહાર સંબંધી આની ખાસ વિસ્તૃત વિચારણા કરી છે.

ખાસ કરીને ભૃગુકુંડને લગભગ ઘસાઇને પસાર થતી ઇન્દ્રાશી નદીનું નામ પણ પ્રાચીન લાગે છે અને इन्द्र+अश=ઇન્દ્રને જ્યાં યજ્ઞભાગ મળ્યો એ જૂના કથાનકનું સ્મરણ થયા વિના રહેતું નથી. સર્વ પુરાવાઓને એકઠા કરતાં આ સ્થળની પ્રાચીનતા પરત્વે તેમજ ભૃગુકુલ સાથે એના સબંધ પરત્વે ઝાઝો સંદેહ રહે તેમ નથી.

(ई) શિલાલેખમાં વૈજલ્લદેવ આ મંદિર બંધાવનાર શિવ અને શક્તિનો ઉપાસક હતો (शिवशक्तिभक्त:) એવો સ્પષ્ટ ઉલ્લેખ છે; એટલે આ સ્થાનમાં શિવ, શક્તિ ને સૂર્ય એ ત્રિવિધ દેવોની પૂજા થતી હશે. શિવપૂજા તો ભવનાથના શિવમંદિરથી પણ વ્યક્ત થાય છે; અને શક્તિની પૂજા ભૃગુકુંડની પશ્ચિમે ડુંગરની ગુફામાં ભમરેચી માતાનું સ્થાનક છે એથી સૂચિત થાય છે. (આ માતાના સ્થાનક પાસે પુષ્કળ મધપૂડા છે.) ભવનાથ શબ્દ શિવપૂજાના વ્યાપક પ્રચારનો સૂચક છે તેમજ પ્રભાસક્ષેત્રના ભવનાથની યાદ આપે છે.

શ્રી રત્નમણિરાવ જોટે એમના 'ખંભાતના ઇતિહાસ'માં स्कंभतीर्थ=ખંભાત એવો મત રજૂ કર્યો છે એમના મત પ્રમાણે સ્કંભ એ વૈદિક દેવ છે અને એનો અર્થ શિવનું જ્યોતિર્મય લિંગ થાય છે. પ્રાચીન કાળથી ગુજરાતનો આ કિનારો શૈવ મતોનું ખાસ સ્થાન હતું. અને લિંગપૂજાનો આ કિનારા પર આરંભ થયો એમ માનવાને કારણ છે. સ્કંભનો સ્તંભાકાર શિવલિંગમાં અધ્યારોપ થયો છે. ('ખંભાતનો ઈતિહાસ' પૃષ્ઠ. ૨૩.)

ભવનાથથી ચારેક માઈલ પર બામણા પાસે ખંભેરિયો [खंम+इश्वर] ને મોડાસાની દિશામાં ખંભીસર નામનું ગામ છે. આ બંનેમાં ખંભ=સ્કંભ ચોખ્ખો દેખાઇ આવે છે. આ રીતે સ્કંભ શબ્દ વ્યાપક ભાસે છે ને એને શૈવ મત સાથે સંબંધ છે એમ સ્વીકાર્યા પછી પણ આખા ડુંગરનું નામ ખંભેરિયો છે એ હકીકત વિચાર કરવાને પ્રેરે છે કે શિવપૂજા=લિંગપૂજા=શિષ્નપૂજા આવા નિર્ણય ઉપર આવવું શું અનિવાર્ય છે? શ્રી રત્નમણિરાવ પોતે પણ શિવને પર્વત તેમજ જળ બંને સાથે સંબંધ છે એમ સ્વીકારે છે. પણ પર્વત સાથેનું શિવનું જોડાણ પાછળથી થએલું છે એમ માને છે. (ખંભાતનો ઈતિહાસ પરિશિષ્ટ ૩, પૃષ્ઠ ૨૩૫ની પાદટીપ) अर्हिर्लु ધન્ય શબ્દથી સમુદ્રજળ સાથેનો શિવલિંગનો સંબંધ તેઓ સૂચવે છે. પણ મને એમ લાગે છે કે પર્જન્યવૃષ્ટિથી પલળતા ડુંગરના પ્રતીક તરીકે શિવપૂજા આપણે ત્યાં આવી હોય, એ પક્ષ શું વિચારવા જેવો નથી? ઋગ્વેદનાં સૂક્તો, સંસ્કૃતનાટકોનાં ભરતવાક્યો, ઐતિહાસિક શિલાલેખો ઇત્યાદિ પ્રાચીન આર્વાચીન સર્વ સમયનાં લખાણોમાં પર્જન્યવૃષ્ટિની પ્રાર્થનાઓ તો હોય જ છે. વૃષ્ટિને આધારે જ આપણા દેશનું જીવન, ને આપણી નદીપ્રધાન સંસ્કૃતિ જન્મેલાં. મેઘવૃન્દને ધરા ઉપર ઉતારનાર તો પર્વત જ છે. અદ્રી સાથે અથડાવાથી જ વાદળાં વરસે. એ વિના વૃષ્ટિ નહિ અને વૃષ્ટિ વિના સંસ્કૃતિ અને સંપત્તિ નહિ. આપણાં ઘણાંખરાં ગામો નદી, નિર્ઝર, વહેળા, વોંકળા ઝાંઝરી ઇત્યાદી પાણીશેરડાઓની નજીક જ વસેલાં હોય છે. આમ, જળ વિના સ્થળ (વસવાટનું) નહિ એમ લગભગ કહી શકાય. પર્જન્ય માટે ઝંખતી પ્રજા પર્વતનાં પ્રતીકો બનાવીને વર્ષાસૂચક જળાધારીઓમાંથી શિવલિંગો ઉપર જળનો અભિષેક કરે એમાં નવાઇ પણ શી છે? શિવની મહાપૂજા હોય ત્યારે આખું શિવલિંગ જળથી ડુબાડુબ થઈ જાય એટલું ગર્ભભાગમાં પાણી ભરી દેવામાં આવે છે એ પણ શું પર્વત પર વરસતા અનરાધાર વરસાદનું તેમજ સૃષ્ટિમાં થતા જળબંબાકારનું પ્રતીક નથી? કુદરતને ખોળે વસતી પ્રજા આવાં શિવ (કલ્યાણમય)–પ્રતીકો રચી એની પૂજા ન કરે તો જ નવાઈ. हिरण्यरेतस શબ્દ પણ સુવર્ણની સોટી એ અર્થમાં વીજળીનો સૂચક નથી? આચાર્ય આનંદશંકરભાઇએ અગ્નિપૂજામાંથી શિવપૂજાનું રૂપાંતર થયાનું ગણાવ્યું છે, તથાપિ જળ અને પર્વત એ બંને સાથેનો શિવનો યુગપત્ સંબંધ જોતાં ઉપર આપેલો ખુલાસો વધુ સ્વીકાર્ય લાગતો નથી?

ભવનાથની પશ્ચિમે ઈન્દ્રાશીને સામે કિનારે મઉ નામનું શાંત ગામડું છે અને ત્યાં એક નાની સુંદર ગઢી છે. મહુડાનાં ઘણાં વૃક્ષોને કારણે આ ગામનું નામ મધુ=મઉ પડયું હશે એમ લાગે છે. જોકે એને मृतक: ઉપરથી પણ ઘટાવી શકાય; કારણ મધ્યમકાળમાં અહીં યુદ્ધોમાં ખપી ગએલા વીરોનું એ સૂચક છે. ઇન્દ્રાશીને કિનારે ગાળેલી અનેક રમ્યસંધ્યાઓ અને કવચિત ઉડાવેલી દાળબાટીની ઉજાણીઓ આજે પણ ચિત્રવત્ સ્ફુરે છે, અહીં નદીના તલમાં કે કિનારે ફરતાં પોતાપણું અનુભાવાય છે. અને

भावस्थिराणि जननान्तर सौह्रदानी'

એ કાલિદાસની પંકતિનો ભાવ હ્રદયમાં રમી રહે છે.

દેસણથી થુરાવાસનું એકાદ માઈલનું અંતર મધુવનના માર્ગે વટાવવું એ પણ એક મઝા છે. અહીંથી થોડે આગળ જતાં નદી પશ્ચિમ તરફનો વળાંક લઇ, ડુંગરાઓની વચ્ચે દાખલ થઈ, ફત્તેહપુર શણગાલ વટાવી પાણી ઝીલી છેક સોલંકીના વાસણા સુધી પહોંચે છે ત્યાં સુધી એ ડુંગરનો સાથ છોડતી નથી. ઘણુંખરું તો એ નૈઋત્ય દિશા તરફ ઢળતા ડુંગરાઓની સમીપ રહીને જ આગળ માર્ગ કરે છે અને છેક ખેડ ગામ પાસે ખુલ્લા મેદાનમાં પ્રવેશે છે ડુંગરની આ દીકરી મેદાનમાં દાખલ થતાં પાછળ સ્મરણીય સિમાચિહ્નો મૂકી જવા માગતી હોય એમ, ખેડથી એકાદ માઇલ દૂર રોડા ગામ પાસે શિલ્પકળા અને સ્થાપત્યના વિપુલ અવશેષો આજે પણ આંખને અજવાળતા ઊભા છે.[૧૦] હજારેક વર્ષનો ઘસારો લાગ્યાં છતાં (અનુ૦ પૃ૦ ૨૪૭મે)

૧૦ ઈડર સસ્થાનના કેળવણી ખાતાએ સને ૧૯૩૩ ઑકટબરથી આ અવશેષોનું રક્ષણ કરવા માટે બની શકતી જહેમત ઉઠાવેલી, પરંતુ લોકોની મૂર્ખતાને કારણે, ને ચાંદરણી જાગીરદાર—જેની હદમાં આ અવશેષો છે—ના દુર્લક્ષને પરિણામે, અવશેષો પૂરતા પ્રમાણમાં જાળવી શકાયા નથી એ આ લેખકની જાતમાહિતી છે. આજુબાજુના પ્રદેશમાં કુવાનાં થાળાં બનાવવા માટે ખેડૂતો આમાંથી શિલાઓ ઉઠાવી ગયાના ઘણા પ્રસંગો બન્યા છે. પણ હવે આ અવશેષોની વિસ્તૃત નોંધો લેવાનો તેમજ તેની જાળવણી માટેનો પૂર્ણ પ્રબંધ થવો બહુ જરૂરી છે. સાથોસાથ એક બીજી હકીકતનો પણ ઉલ્લેખ

નાયિકા-ભેદ

યોગેન્દ્ર પ્રિયદર્શી

નાટકમાં વર્ણવેલા મુખ્ય ફળનો અધિકારી જેમ નાયક છે, તેમ શૃંગાર-રસ-પ્રધાન નાટકની ફલાધિકારિણી નાયિકા છે. જેમકે 'શાકુન્તલ' નાટકમાં શકુન્તલા. આ જ રીતે 'રત્નાવલી' નાટકની નાયિકા સાગરિકા છે, વસુમતિ કે વાસવદત્તા નહિ; કારણકે તેમાં વર્ણવેલા ફળની અધિકારિણી સાગરિકા છે.

નાયકની પેઠે નાયિકાના પણ પ્રકૃતિ, વય, અવસ્થા, સ્વભાવ વગેરે અનુસાર જુદાજુદા અનેક ભેદો છે. આ નાયિકાભેદના પ્રેમી કવિઓએ તેમનું વર્ણન પ્રાચીન સંસ્કૃત ગ્રંથોમાં વિસ્તારપૂર્વક કરેલું છે.

મુખ્ય ભેદ

નાયિકાના સૌથી મુખ્ય ત્રણ ભેદ છે: સ્વકીયા, પરકીયા તથા સામાન્યા. તે, સ્વીયા, અન્યા તથા સાધારણી તરીકે પણ ઓળખાય છે. આ ત્રણ ભેદોમાંથી જ બીજા બધા ભેદોની ઉત્પત્તિ છે.

સ્વકીયા: પોતાની સ્ત્રીને સ્વકીયા કહે છે. રૂપ, ગુણ તથા શીલ એ તેનાં ભૂષણો છે.

પરકીયા: પારકી કે અન્યની સ્ત્રીને પરકીયા કહે છે.

સામાન્યા: પોતાની નહિ કે અન્યની નહિ તેવી અથવા બન્નેની સહિયારી સ્ત્રીને (વેશ્યા વગેરેને) સામાન્યા કહે છે.

સ્વકીયાના પાછા માનીતી તથા અણમાનીતી એવા બે ભેદ છે, તે જ્યેષ્ઠા તથા કનિષ્ઠા તરીકે ઓળખાય છે.

જ્યેષ્ઠા સ્વકીયા: નાયકની સૌથી માનીતી કે પ્રિય પત્ની.

કનિષ્ઠા સ્વકીયા: નાયકની સૌથી અણમાનીતી કે અપ્રિય પત્ની. કેટલાકના મત પ્રમાણે જ્યેષ્ઠા સિવાયની અન્ય સર્વ સ્ત્રીઓ કનિષ્ઠા કહેવાય છે.

પરકીયાના પણ બે ભેદ છે: ઊઢા તથા અનૂઢા. ઊઢા એટલે વિવાહિતા ને અનૂઢા એટલે અવિવાહિતા (કન્યકા). અવિવાહિતા સ્ત્રી (કન્યકા) પિતાને હસ્તક હોવાથી તેને પણ પરકીયામાં ગણી છે.

ઊઢા સ્ત્રી વિવાહિતા હોવા છતાં તે પરપુરુષના પ્રેમમાં પડેલી હોય છે. આથી તે નાટકમાં કદી મુખ્ય નાયિકા કે વસ્તુની ફલાધિકારિણી તરીકે આવતી નથી. નાયકને પરસ્ત્રી સાથે પ્રેમ બંધાઈ શકે ખરો, પરંતુ તે નિષ્ફળતામાં જ પરિણમવો જોઈએ તેવો નિયમ છે. પરંતુ નાયક પરણેલો હોવા છતાં તેને કન્યાનુરાગ (અનુઢાનો પ્રેમ) સંપાદન કરવાની છૂટ રાખેલી છે. આ છૂટ કદાચ તે વખતના બહુપત્ની-રિવાજને કારણે હશે.

સામાન્યાના પણ વેશ્યા, ગણિકા વગેરે ભેદો છે. સામાન્યા સ્ત્રી માત્ર ધનના લોભથી જ અન્યને પ્રેમ કરતી હોય છે; ખરા અંતઃકરણથી કોઇને ય ચાહતી હોતી નથી. જોકે અપવાદ દરેક વસ્તુમાં હોય છે: જેમકે 'મૃચ્છકટિક'ની વસંતસેના એક જ પાત્રને ચાહતી હોય છે. પરંતુ માત્ર રૂપકમાં જ આ પ્રમાણે દર્શાવાય છે. નહિ તો સામાન્યરીતે તો ગણિકા વગેરે એકથી વધુ પાત્રની પ્રેયસી હોય છે. વળી તેવાં પાત્રોને રૂપકમાં નાયિકા તરીકે યોજવાની મનાઈ છે; માત્ર પ્રહસનમાં જ તેઓ નાયિકા તરીકે યોજાય છે. પરંતુ અન્ય રૂપકોમાં પણ તેમને નાયિકા તરીકે યોજવી જ હોય તો તે વસંતસેનાની જેમ માત્ર એક જ પાત્રને વરેલી હોવી જોઇએ.



ખંડિતા નાયિકા: આ અંકના પાછલા પૂંઠા પર આપેલા એ પ્રાચીન ચિત્રનો નાયિકાના મનોભાવ દર્શાવતો ભાગ

યૌવન અનુસાર ભેદ

વય કે યૌવન અનુસાર નાયિકાના ત્રણ ભેદો કહ્યા છે: મુગ્ધા, મધ્યા તથા પ્રગલ્ભા.

મુગ્ધા: અંકુરિત-યૌવના; તારુણ્યમાં પ્રવેશેલી કુમારિકા. તે પરાઙ્મુખ, વિશેષ લજ્જાયુક્ત તથા માનવાળી હોય છે.

મધ્યા: મધ્ય યૌવના; લજ્જા તથા કામભાવ જેનામાં સમાન અંશે હોય તેવી ચતુર સ્ત્રી.

પ્રગલ્ભા: પૂર્ણ-યૌવના; પૂર્ણ તારુણ્યયુક્ત કામપ્રદીપ્ત સ્ત્રી. તે રતિક્રિયામાં કુશળ તથા કિંચિત્ જ લજ્જાયુક્ત હોય છે.

પ્રગલ્ભાના વળી બે ભેદ છે: રતિપ્રિયા તથા આનંદસંમોહિતા.

અવસ્થા અનુસાર ભેદ

નાયિકાઓ જુદેજુદે સમયે જુદીજુદી પરિસ્થિતિ અનુસાર જુદીજુદી અવસ્થાઓમાં હોય છે. આ અવસ્થાઓ અનુસાર નાયિકાના બીજા આઠ ભેદો છે. તે સંસ્કૃત સાહિત્યમાં 'અષ્ટ-નાયિકા' તરીકે પ્રસિદ્ધ છે. તે આ પ્રમાણે: (૧) વાસકસજ્જા; (૨) વિરહોત્કંઠિતા; (૩) સ્વાધીનભર્તૃકા; (૪) કલહાન્તરિતા; (૫) ખંડિતા; (૬) વિપ્રલબ્ધા; (૭) પ્રોષિતપતિકા; તથા (૮) અભિસારિકા.

વાસકસજ્જા: રતિસંભોગની લાલસાથી મંગળ કરનારી, અથવા કામકેલિ (રતિક્રીડા) માટે આતુર બની યોગ્ય વસ્ત્રાભૂષણો ધારણ કરી પતિની વાટ જોતી સ્ત્રી.

વિરહોત્કંઠિતા: પતિ કાર્યવશાત્ યોગ્ય સમયે આવી ન શકતાં દુઃખથી વ્યાકુળ બનેલી સ્ત્રી; અથવા વિરહથી ઉત્કંઠિત બની 'કેમ ન આવ્યા? શું થયું હશે? કંઈ અશુભ તો નહિ થયું હોય?' વગેરે તર્કવિતર્ક કરતી સ્ત્રી.

સ્વાધીનભર્તૃકા: પતિ જેના પર આસક્ત હોય યા પતિને જેણે વશ કર્યો હોય કે જેનો પતિ હમેશાં પાસે રહેતો હોય તેવી સ્ત્રી.

કલહાન્તરિતા: કલહ-કંકાસથી કંટાળેલો પતિ પોતાની પાસે ન આવતાં તેના ક્રોધથી સંતાપ પામતી સ્ત્રી.

ખંડિતા: પતિને અન્ય સ્ત્રીમાં આસક્ત થએલો જોઈ ખિન્ન થએલી સ્ત્રી; અથવા અન્ય સ્ત્રીમાં આસક્ત થએલો પતિ ન આવવાથી દુ:ખિત થએલી અને 'એ હમણાં આવશે' એમ ધારી, સર્વ તૈયારી કરી, તેની વાટ જોતી બેઠેલી સ્ત્રી.

વિપ્રલબ્ધા: સંકેત પ્રમાણે યોગ્ય સ્થળે ગયા છતાં પ્રિયતમ અન્ય સ્ત્રીની આસક્તિથી કે અન્ય કારણસર ન આવી શકવાથી છેહ પામેલી કે અવમાનિત થએલી સ્ત્રી.

પ્રોષિતપતિકા: પતિના પરદેશ જવાથી કેશાલંકાર નહિ સજતી કે કામવેદનાથી પીડિત થએલી સ્ત્રી.

અભિસારિકા: કામથી પરવશ બની, લજ્જા છોડી, કાન્તને અમુક સંકેતસ્થાને મળવા જનારી સ્ત્રી.

અભિસારિકાના પણ ત્રણ ભેદ છે: કૃષ્ણાભિસારિકા, દિવાભિસારિકા તથા શુક્લાભિસારિકા.

કૃષ્ણાભિસારિકા: કૃષ્ણ પક્ષની (અંધારી) રાત્રે શ્યામ વસ્ત્રો ધારણ કરીને ગુપ્તરીતે પ્રિયના મિલનસ્થાને જનારી સ્ત્રી.

દિવાભિસારિકા: દિવસે ખુલ્લીરીતે પ્રિયને મળવા જનારી.

શુક્લાભિસારિકા: શુક્લપક્ષની રાત્રીમાં (અજવાળી રાતે) શ્વેત વસ્ત્રો ધારણ કરીને પ્રિયમિલનાર્થે જનારી સ્ત્રી.

વળી, અભિસારિકાના જાતિ અનુસાર પણ પાછા ત્રણ ભેદ છે—અથવા તો ત્રણ પ્રકારની સ્ત્રીઓ અભિસારિકા તરીકે યોજાય છે: વેશ્યા, પ્રેષ્યા તથા કુલજા. તેમાં વેશ્યા એટલે રૂપવિક્રેતા—પોતાના રૂપનો વેપાર કરનારી; પ્રેષ્યા એટલે પરિચારિકા (નોકરાણી); અને કુલજા એટલે કુલાંગના—ઉચ્ચ કુળની સ્ત્રી.

વેશ્યા: વિવિધ વસ્ત્રાભૂષણોથી આભૂષિત, મોહક ચાલવાળી તથા મધુરવાણીવાળી હોય છે. પ્રાચીન કાળની વેશ્યાઓ સ્વભાવથી ઉદાર તથા અનેક દાસદાસીઓથી વીંટળાએલી રહેતી.

પ્રેષ્યા: નેત્રાભિનય સહિત કામપ્રદીપ્ત વાણી ઉચ્ચારે છે તથા શીઘ્ર ગતિથી ચાલે છે.

કુલજા: ભયથી શરીર સંકોચતી, આજુબાજુ જોતી તથા આખું શરીર વસ્ત્ર વડે ઢાંકીને ચાલે છે.

પ્રકૃતિ અનુસાર ભેદ

નાયકની જેમ નાયિકાના પણ પ્રકૃતિ અનુસાર ચાર ભેદ છે: (૧) ધીરા; (૨) ઉદ્ધાતા; (૩) લલિતા તથા (૪) નિર્ભૃતા. નાટ્યશાસ્ત્રમાં તેનાં લક્ષણો આપેલાં નથી, પરંતુ તેના વર્ગ આપેલા છે:

ધીરા: રાજાની સ્ત્રીઓ તથા દિવ્ય પ્રકારની સ્ત્રીઓ.

ઉદ્ધાતા: ઉચ્ચ કુળની સ્ત્રીઓ.

લલિતા: ગણિકાવર્ગની સ્ત્રીઓ.

નિર્ભૃતા: શિલ્પકારિણી (રૂપલેખા) વર્ગની સ્ત્રીઓ.

સ્વભાવાનુસાર ભેદ

નાયિકાઓના વળી સ્વભાવ અનુસાર પણ બીજા ત્રણ ભેદો છે: ધીરા, અધીરા તથા ધીરાધીરા. તેનાં લક્ષણો તો નામ ઉપરથી જ સમજી શકાય તેવાં છે.

ધીરા સ્ત્રી પોતાનો હેતુ વિલાસસૂચક કટાક્ષ તથા અંગચેષ્ટાઓ વડે ગુપ્ત રીતે પ્રગટ કરે છે.

અધીરા સ્ત્રી પોતાનો હેતુ અધીર બનીને ખુલ્લી રીતે પ્રગટ કરે છે.

ધીરાધીરા સ્ત્રી છાની તથા ખુલ્લી બન્ને રીતે પ્રગટ કરે છે.

વળી સ્વભાવ અનુસાર નાયિકાના બીજા પણ કેટલાક ભેદો છે. જેમકે ગર્વિતા, માનવતી, અન્યસુરતદુ:ખિતા ઈત્યાદિ.

ગર્વિતા: પતિના પ્રેમ તથા સ્વરૂપનો ગર્વ લેનારી.

માનવતી: પ્રિયના અપરાધ સમયે માન ધારણ કરનારી સ્ત્રી.

અન્યસુરતદુ:ખિતા: અન્ય સ્ત્રીનાં રતિસુખ કે સંસારસુખ જોઇને ઇર્ષ્યાથી દુ:ખી થનારી સ્ત્રી.

ગર્વિતાના વળી બે પેટા-ભેદ છે: રૂપગર્વિતા તથા પ્રેમગર્વિતા.

રૂપગર્વિતા: એટલે પતિના રૂપથી ગર્વિત હોય તે.

પ્રેમગર્વિતા: એટલે પતિના પ્રેમથી ગર્વિત હોય તે.

અનુરક્તા-વિરક્તા

ઉપર વર્ણવેલી સર્વ નાયિકાઓના પાછા અનુરક્તા તથા વિરક્તા એવા બે ભેદ છે. નાયક પ્રત્યે અધિક પ્રસન્ન કે અનુરક્ત થએલી સ્ત્રી અનુરક્તા કહેવાય છે; અને નાયકથી રોષિત કે વિરક્ત થએલી સ્ત્રી વિરક્તા કહેવાય છે. તેનાં લક્ષણો આ પ્રમાણે છે:

અનુરક્તા: પ્રિયતમના ગુણ પોતાની સખીને કહે, પોતાનું ધન પણ તેને આપી દે, તેના મિત્રોનો સત્કાર તથા શત્રુઓની નિંદા કરે, તેના સૂઇ ગયા પછી જ સૂએ તથા જાગ્યા પહેલાં જાગે, તેનાં સુખ-દુ:ખમાં ભાગીદાર રહે, તેના દર્શનથી આનંદિત થાય, તેની સામે મુગ્ધ ભાવે જોયા કરે, સામું ચુંબન કરે તથા કદી ક્રોધ ન કરે વગેરે ગુણોવાળી સ્ત્રી અનુરક્તા (અનુરાગવાળી) છે તેમ સમજવું.

વિરક્તા: અનુરક્તાથી વિરુદ્ધ લક્ષણોવાળી. જેમકે પ્રિયતમે કરેલા ચુંબનવાળું મુખ ધોઇ નાખે, તેને અપ્રિય હોય તેવી વાતો કરે, તેના મિત્રો પર દ્વેષ રાખે તથા શત્રુઓની પ્રશંસા કરે, તેના સૂતાં પહેલાં અવળું મુખ કરી સૂઈ જાય, કોઈ પણ પ્રયત્ને ખુશ ન થાય, અકારણી ક્રોધ કરે, વગેરે લક્ષણોવાળી સ્ત્રી વિરક્તા સમજવી. (ચાલુ)

(**ગંધક:** સામેના પૃષ્ઠને અનુસંધાને)

અને રેડિયો ઍકટીવિટીના કામમાં ચળકતા પડદા બનાવવા માટે વપરાય છે. જુદાજુદા પ્રકારના ચકચકિત રંગો બનાવવા માટે નીચે પ્રમાણેના પદાર્થોનાં મિશ્રણ વપરાય છે:

ઘેરો વાદળી: (૧) ૨૦ ગ્રામ ચૂનો, ૨૦ બેરિયમ હાઇડ્રૉક્સાઈડ, ૬ ગંધક, ૧ પોટાશિયમ સલ્ફેટ, ૧ સોડિયમ સલ્ફેટ, ૨ લીથિયમ કાર્બોનેટ અને ૨ મેંદો: આ બધાંને મેળવી, ગરમ કરી બારીક ભૂકો કરવો. પછી તેમાં નીચેનું દ્રાવણ અ ઉમેરવું અને એને ફરીને ગરમ કરવું. (બધાં જ વજન ગ્રામમાં સમજવાનાં છે.) અ દ્રાવણ: દારૂમાં બિસ્મથ નાઇટ્રેટના ૦·૫ ટકા દ્રાવણના બે સી. સી. + એક ટકા રૂબીડિયમ નાઇટ્રેટના બે સી. સી.:

લીલો: (૧) ૪૦ સ્ટ્રૉન્શિયમ કાર્બોનેટ, ૬ ગંધક, ૧ લીથિયમ કાર્બોનેટ, ૧ આરસેનિક સલ્ફાઈડ તેમાં ઉમેરવાનું દ્રાવણ: ૦·૫ ટકા થેલિયમ નાઇટ્રેટના દ્રાવણના બે સી. સી.: ક્રિયાઓ બધી ઉપર મુજબ.

હાઈડ્રોજન સલ્ફાઈડ અને સલ્ફર ડાયૉક્સાઇડ વાયુઓને મેળવવાથી કોઈ પણ પ્રક્રિયા થતી નથી; પરંતુ તેમાં એકબે ટીપાં પાણી નાખવાથી એકદમ ગંધક પેદા થાય છે. જ્વાળામુખી પ્રદેશોમાંથી નીકળતા ગંધકની ઉત્પત્તિ ઉપર મુજબ થતી હશે એમ માનવામાં આવે છે કારણ કે એ બંને વાયુઓ એ પ્રદેશમાં માલૂમ પડે છે.

જગતના કદાચ સૌથી જૂનામાં જૂના અને આધુનિક ઉદ્યોગોમાં સર્વવ્યાપી રસાયનતત્ત્વ

ગંધકના બીજા ઉપયોગી પદાર્થો

રોજિંદા જીવનમાં વિજ્ઞાન-૩૬ ★

લેખક · ડૉ. નરસિંહ મૂ. શાહ, એમ. એસસી. પીએચ. ડી.

આનંદજનક આતશબાજી ને વિનાશક દારૂગોળાથી માંડી ફાઉન્ટનપેનનાં ખોખાં સુધીનાં ઉદ્યોગક્ષેત્રોમાં કેટલું વ્યાપક એનું વૈવિધ્ય છે તે આ લેખ કહેશે.

ગંધક અને તેમાંથી બનતા ઉપયોગી પદાર્થ કાર્બન ડાઇ-સલ્ફાઇડ સંબંધી માહિતી ગયા હપ્તામાં આવી ગઈ. હવે ગંધકના બીજા ઉપયોગી પદાર્થો લઈએ.

સલ્ફર ડાયૉક્સાઇડ

ગંધકને હવામાં બાળીએ ત્યારે તેમાંથી સલ્ફર ડાયૉક્સાઇડ નામનો વાયુ બને છે. પ્રયોગશાળામાં ત્રાંબાને ગંધકના તેજાબ સાથે ગરમ કરવાથી પણ આ વાયુ બનાવી શકાય છે. બળતા ગંધક જેવી, ગળાને રૂંધતી ગંધવાળો આ વાયુ ઝેરી છે અને વાતાવરણમાં તેનું અસ્તિત્વ નુકસાનકર્તા છે. જ્વાળામુખીના પ્રદેશમાં આ વાયુ નીકળે છે. મોટા ઉદ્યોગો ધરાવતાં શહેરોની હવામાં પણ આ વાયુ જૂજ અંશમાં માલૂમ પડે છે. ગ્રીક મહાકવિ હોમરે તેમજ પ્લીનીએ તેના ઉપયોગ સંબંધે ઉલ્લેખ કરેલો છે. કીમિયાગરો તેને ગંધકનો તેજાબ માનતા, પરંતુ આધુનિક રસાયનશાસ્ત્રના પિતા ફ્રેન્ચ રાસાયનિક લવાઝીયેએ ૧૭૭૭માં પુરવાર કરી બતાવ્યું કે તે જુદો જ પદાર્થ છે.

આ વાયુને જરા ઠંડો પાડી દબાણમાં રાખવાથી તે પ્રવાહી થઈ જાય છે. તેની નાનીનાની ટ્યૂબો બજારમાં મળે છે અને તેનો ઉપયોગ રેફ્રીજરેટરોમાં થાય છે. ઊનનો રંગ કાઢી નાખી સફેદ કરવા (bleaching) માટે પણ વપરાય છે. જોકે ક્લોરીન વડે કરેલું બ્લીચિંગ કાયમનું થાય છે ને સલ્ફર ડાયૉક્સાઇડ વડે કરેલું અસ્થિર હોય છે, તથા એવા બ્લીચ કરેલા પદાર્થને ઠંડા પાણીમાં બનાવેલા તેજાબના દ્રાવણમાં બોળવાથી રંગ પાછો આવે છે.

સલ્ફર ડાયૉક્સાઈડમાં જંતુઓનો નાશ કરવાની શક્તિ છે, એટલે તેનો ઉપયોગ જંતુવિનાશક તરીકે જૂના કાળથી જાણીતો છે. પ્લેગના દિવસોમાં ઉંદરના દરમાં ગંધક બાળવામાં આવતો એ આપણે જાણીએ છીએ. આજે પણ મચ્છર, ચાંચડ આદિ જંતુઓથી ઓરડાનું વાતાવરણ શુદ્ધ કરવા બારણાં બંધ કરીને ગંધક બાળવાથી તે જંતુઓ નાશ પામે છે. કાગળના ઉદ્યોગમાં આવતા સલ્ફાઇટ બનાવવા માટે પણ તે ખૂબ વપરાય છે.

સોડાના સ્ફટિકો પર આ વાયુ પસાર કરવાથી 'સોડિયમ મેટા-બાઈ સલ્ફાઇટ' બને છે, જે પદાર્થ ફોટોગ્રાફીમાં વપરાય છે. વળી પ્લૅટીનમ ધાતુના સંસર્ગમાં હવા યા ઑક્સીજન સાથે આ વાયુને ગરમ કરવાથી તેમાંથી સલ્ફર ટ્રાયૉક્સાઇડ બને છે. આ ટ્રાયૉક્સાઇડ ગંધકના તેજાબની બનાવટમાં ખૂબ ઉપયોગી છે. એને ગંધકના તેજાબમાં ઓગાળવાથી ફ્યૂમિંગ સલ્ફ્યુરિક અસિડ બને છે. આ ફ્યૂમિંગ ઍસિડ ગળીની બનાવટમાં ખૂબ ઉપયોગી છે. જૂના કાળના કીમિયાગરો હીરાકશીને ખૂબ ઉષ્ણતાએ આસવીને તેમાંથી આ ટ્રાયૉક્સાઈડ બનાવતા, પણ તે જૂજ પ્રમાણમાં જ તૈયાર થઇ શકતો.

આ ઉપરાંત સલ્ફર ડાયૉક્સાઈડમાંથી સોડિયમ સલ્ફાઈટ, સોડિયમ હાઇડ્રોજન સલ્ફાઇટ વગેરે બીજા ઉપયોગી પદાર્થો પણ બનાવાય છે, જે જુદાજુદા ઉદ્યોગોમાં પુષ્કળ વપરાય છે. આથી સલ્ફર ડાયૉક્સાઈડના ઉદ્યોગને આપણા દેશની સરકારે પણ રક્ષણ આપેલું છે.

હાઇપો

ફોટોગ્રાફીમાં 'ફિક્સિંગ' કરવા માટે વપરાતો 'હાઇપો' નામનો પદાર્થ પણ ગંધક વડે જ બને છે. સોડિયમ સલ્ફાઇડના દ્રાવણને ગંધક સાથે હવાની ગેરહાજરીમાં ઉકાળીને ઠારવાથી 'હાઈપો'ના સ્ફટિક બને છે. વળી બ્લીચ કરેલા કાપડમાંથી ક્લોરીનના રહી ગએલા અંશો કાઢી નાખવા માટે 'ઍન્ટીક્લોર' તરીકે પણ તેનો ઉપયોગ થાય છે. કાપડની મિલોમાં સામાન્ય રીતે 'હાઇડ્રો' તરીકે ઓળખાતો સોડિયમ હાઇપોસલ્ફાઈટ અગત્યનો પદાર્થ છે. તેનો ઉપયોગ રંગાટમાં થાય છે. ગળી જેવા પાણીમાં જે રંગો અદ્રાવ્ય હોય છે તે તેમાં ઓગળે છે ને સાથોસાથ તેના રંગને પ્રતિ ઑક્સાવે (reduce) કરે છે એટલે તે રંગવિહીન દ્રાવણમાં કાપડ બોળીને હવામાં રાખવાથી પાછો રંગ આવે છે.

પરસલ્ફ્યુરિક ઍસિડ

૫૦ ટકા ગંધકના તેજાબના બરફથી ઠંડા રાખેલા દ્રાવણમાં પ્લૅટીનમ ધાતુના તારને એનોડ તરીકે અને ત્રાંબાના તારને કૅથોડ તરીકે રાખીને વીજળી પસાર કરવાથી પરસલ્ફ્યુરિક ઍસિડ બને છે, અને તેમાંથી તેના ક્ષારો—પોટાશિયમ તથા ઍમોનિયમ પરસલ્ફેટો—બનાવાય છે. આ પરસલ્ફેટો તીવ્ર જરાણકર્તાઓ (oxidising agents) છે. ઍમોનિયમ પરસલ્ફેટ રંગ કાઢવા બ્લીચિંગ માટે અને ફોટોગ્રાફીમાં નેગેટિવની ઘેરાશ ઓછી કરવા માટે વાપરવામાં આવે છે.

સલ્ફાઇડો


હાઇડ્રોજન સલ્ફાઈડ નામનો દુર્ગંધવાળો ઝેરી વાયુ રાસાયનિક પૃથક્કરણમાં ખૂબ ઉપયોગી છે. પાણીવાળા ગંધકના યા મીઠાના તેજાબના દ્રાવણ સાથે લોઢાના સલ્ફાઈડને પ્રક્રિયા કરવાથી એ વાયુ પેદા થાય છે. આલ્બ્યુમીન સડી જાય ત્યારે આ વાયુ છૂટે છે, એટલે ગંધાતાં ઈંડાં જેવી આ વાયુની વાસ આવે છે. તેમાંથી બનાવેલા ક્ષારો 'સલ્ફાઈડ' કહેવાય છે. સોડિયમ અને પોટાશિયમ સલ્ફાઇડો ખેતીવાડીમાં જંતુવિનાશક તરીકે વપરાય છે. બેરિયમ સલ્ફેટ અને ઝિંક (જસત) સલ્ફાઈડના મિશ્રણને લીથોફોન કહે છે અને તે રંગરોગાનમાં સફેદા તરીકે વપરાય છે.


બેરિયમ, કૅલ્શ્યમ અને ઝિંક સલ્ફાઇડોને સૂર્યના પ્રકાશમાં રાખવાથી તેમનામાં અંધારામાં ચળકવાની શક્તિ આવે છે. એનો ઉપયોગ રાત્રે અંધારામાં ચકચકતા (luminous) રંગો તરીકે થાય છે. ઘડિયાળોમાં જે રેડિયમ-ડાયલો આવે છે તેમાં ખરી રીતે રેડિયમ હોવું જ નથી, પરંતુ આ રંગ જ હોય છે.

બંધ વાસણમાં ઝિંક સલ્ફાઈડને લાલચોળ થાય ત્યાં સુધી ગરમ કરવાથી તેમાં ચળકવાની શક્તિ આવે છે. આ ઝિંક સલ્ફાઇડ એક્સ રે

(અનુસંધાન સામેના પાનાને છેડે)

પચ્ચીસ વર્ષ પહેલાં





અંક ૮ · શ્રાવણ ૧૯૮૦ (ઑગસ્ટ ૧૯૨૪)

કદાચ ગુજરાતી પત્રકારત્વમાં પહેલી જ વાર કન્યાઓ માટેનો ખાસ અંક 'કુમારે' કાઢ્યો. એ વખતે દરેક હિંદી માસની પૂનમે પ્રકટ થતા 'કુમાર'નો શ્રાવણ (ઑગસ્ટ) અંક 'વીરપસલી અંક' તરીકે જે પ્રકટ થયો તેનું સંપાદન બહુધા કન્યાઓને અનુલક્ષીને કરેલું. 'કુમાર'ના પહેલા જ અંકથી મોટો ને સક્રિય સાથ આપી રહેલા શ્રી દેશળજી પરમારે લખેલો, ભાઈનું કલ્યાણ વાંછતી બહેનના ઉદ્ગારો આલેખતો 'રક્ષાબંધન' પરનો મુખલેખ; વૈષ્ણવધર્મના ઉદયકાળે ઊગેલી કૃષ્ણચંદ્રના સાચા પ્રેમની બીજ સમી મીરાંબાઈનું ચરિત્ર—જેણે વણખેડી જમીન જેવી રાજસ્થાની-ગુજરાતી ભાષાની વેરાન ભૂમિમાં ફૂલ જેવાં અમર પદ ઉતારી આપ્યાં; ભાઈબહેનનાં હેત આલેખતાં ગીતો; બાપનું બિરદ જાળવનારી એક કાઠી કન્યાની વીરતાની સ્વ. મેઘાણીની આલેખેલી કથા; દેશદેશની કન્યાઓનાં ચિત્રો; હિંદના સર્વ પ્રાંતોનાં આંગણાંને રંગભર્યું બનાવતી 'રંગોળી'ની કળા ઉપર નમૂનારૂપ આલેખનો સાથેનો સચિત્ર ઉપયોગી લેખ; આપણાં એક કાળનાં મુગ્ધ ને અસહાય કન્યાજીવન તથા નારીજીવનનાં ચિત્રો આલેખતી તથા ધૃતિ, ક્ષમા, સહનશીલતા ને તપસ્યા બોધતી આપણી બે જાણીતી લોકકથાઓ (જેમાંની એક સ્વ ગિજુભાઇએ ને બીજી શ્રી ત્રિભુવન ગૌરીશંકર વ્યાસે લખેલી); વ્યવહારુ નારીજીવનના ખરા બનેલા પ્રસંગોનાં આલેખન; અને 'ઇતિહાસદર્શન', 'આકાશદર્શન', 'માધુકરી', 'મિજલસ' આદિ નિયમિત વિભાગો;—આવી વિવિધ સામગ્રીથી એ આખો અંક ભરેલો હતો. દર મહિને એકએક ઋતુગીત આલેખતા શ્રી ત્રિભુવન વ્યાસ આ અંકમાં 'મધરાત'નું ગીત ગાય છે. એમની ચિત્રણાશક્તિ દાખવતી બે કડીઓ:

> કાજળના રગડા સમ ગગને સિંધુ તિમિર તણો છલકે;
> તરતા તેના તરંગ ઉપર અગણિત તારલિયા મલકે;
> મૂંગા મૂંગા કરે કિલ્લોલ: અંધારી મધરાત અઘોર!
> તાંડવ કરતી મહા ભયંકર કાલિકા સમ ચંડ બની,
> સ્મશાનમાં, નિર્જન જંગલમાં ગુફા મહીં ગાજે રજની;
> કાચાં હૈયાં રહે ન ઠોર: અંધારી મધરાત અઘોર!

ઇતિહાસના અભિનવ પ્રસંગો આલેખતી શ્રી 'ધૂમકેતુ'ની લેખમાળામાં પણ કન્યા-વીરત્વનો જ એક પ્રસંગ છે તે ઉતારીએ:

''સમરકંદ ને બલ્ખનાં મુલ્કમશહૂર મેદાનોમાં, સાહસ ને શૌર્ય માના દૂધની સાથે જ બાળકની રગેરગમાં જાય છે. એક વેળા ઔરંગઝેબ ત્યાંના લોકો સામે યુદ્ધમાં ઘૂમતો હતો. તેના કેટલાક ઘોડેસવારો એક નાના ગામડામાં લૂટફાટ કરતા હતા, એટલામાં એક ડોશીએ કહ્યું: 'બેટા! જો જીવવાની આશા હોય તો ચાલ્યા જાઓ. મારી દીકરીઓ બહાર ગઈ છે તે આવી પહોંચશે તો તમારા બાર વાગી જશે!' પણ સાંભળે કોણ? તેમણે તો ડોશીને સાથે ઉપાડી, ને લૂટનો માલ લઈ આગળ ચાલ્યા. થોડે દૂર ગયા ત્યાં ડોશીએ ફરી કહ્યું: 'હજી પણ કહું છું કે તમારો જાન બચાવો; મારી દીકરીઓ આવે છે.'

થોડી વારમાં તો હાથમાં કામઠાં ને ખભે તીરનાં ભાથાંવાળી તાર્તાર કુમારિકાઓ ઘોડા પર આવી પહોંચી. જ્યારે તીરોના સપાટાથી સૈનિકો વીંધાઇને પડવા લાગ્યા, ને મોગલોનાં તીર તો કામઠે પણ પહોંચે નહિ એવી સ્થિતિ થઇ ત્યારે મોગલો બધી લૂટ એમ ને એમ પડતી મૂકી રવાના થઈ ગયા.''

આને રંગોળી ઉપરનો લેખ તો આજે પણ એટલો જ ઉપયોગી હોઇ તેનો મુખ્ય ભાગ તારવી તે ચિત્રો સાથે ઉતારી લેવો જરૂરી છે:

''માણસના દેહને જેટલી સુઘડતા અને શણગારોની જરૂર હોય તેટલી ઘરને પણ જોઇએ. આથી જ ઘરનું બારણું અને બારસાખ માણસો અનેક નકસી અને તોરણો વડે શણગારવા માટે મહેનત લે છે. દુનિયાના સૌ દેશોમાં આ ભાવ એકસરખો છે.


આપણા આર્ય લોકો પહેલેથી જ ધર્મ અને કળાના તો ઉપાસક. એટલે તેમણે દરેક ઠેકાણે મંગળ અને સુંદર ભાવનાં ચિહ્નો કે મૂર્તિઓ ગોઠવ્યાં છે. ઘરના બારસાખ પર તેમણે ગણેશની મૂર્તિ ને મંગળ તોરણ રચ્યાં; દેવસ્થાનમાં મન્દિરના દ્વાર સામે જ જમીન પર સુંદર ફૂલવેલ ગરુડસ્થંભ અને કાચબા કોર્યા; થાંભલાઓ ઉપર ખીલેલાં કમળફૂલ અને અમૃતકળશ ગોઠવ્યા.

પણ ઘરના આંગણાંમાં કંઇ આવું બધું ન બની શકે. એટલે નિત્ય આંગણાં સ્વચ્છ કરી, ઉપર છાણ-માટીનું સુંદર લીંપણ કરી, તે ઉપર ચાક, ચૂના કે રંગબેરંગી માટી વડે સાથીઆઓ ને મંગળ આકૃતિઓ પાડવાનો રિવાજ ચલાવ્યો.

આ રિવાજ આખા હિન્દુસ્તાનમાં હતો એમ સંસ્કૃત કાળની કથાઓ અને કાવ્યો ઉપરથી જણાય છે. ઘરનાં અને આંગણાંનાં શોભા-શણગાર સ્ત્રીઓ જ કરતી; પણ મુસલમાનોના વખતમાં સ્ત્રીઓને ઓઝલમાં રહેવું પડતું, તેથી એ રિવાજ નાબૂદ થઇ ગયો; છતાં યે જે જે દેશ એવા પરદેશી હુમલાઓથી બચી શક્યા ત્યાં ત્યાં હજી પણ, આંગણાં શણગારવાની આ સુંદર કળા જીવતી રહી છે અને ત્યાં હજી યે એ કળા જુદાંજુદાં રૂપ સજે છે.

હાલમાં રંગોળી અથવા રંગાવલિ પૂરવાની રીત સૌથી વધારે મદ્રાસ તરફના મુલકમાં, દક્ષિણમાં અને બંગાળમાં તથા પારસી લોકોમાં ખૂબ ચાલે છે. આપણા ગુજરાતમાં તો માત્ર દીવાળીના તહેવારોમાં જ આંગણે રંગોળી પુરાય છે; પણ તેમાં યે ખાસ સુંદર સંસ્કારવાળું કામ તો ભાગ્યે જ હોય છે.


મહારાષ્ટ્રમાં તો દક્ષિણી સ્ત્રીઓ ને કન્યાઓ સવારના પહોરમાં વહેલાં ઊઠી, ઘર વાળીચોળી, આંગણું સ્વચ્છ કરી, બારણાંની આગળનો ભાગ લીંપે છે, અને તે પર એકાદ ફૂલ, એકાદ સાથીઓ કે કમળનું મંગળ ચિહ્ન અથવા બીજી જાતજાતની આકૃતિઓ કરે છે. સફેદ રંગ માટે ચીરોડીનો ભૂકો કે ચોખાનો લોટ લે છે; પીળા રંગ માટે હળદર વાપરે છે; લાલ રંગ માટે કંકુ કે ગુલાલ રાખે છે. નાનપણથી જ તેઓ આ કામમાં બરોબર લક્ષ આપી શીખી લે છે અને ટેવાઇ જાય છે એટલે તો પછી તેમની ચપટીઓમાંથી ચોખ્ખી રેખાઓ સપાટાબંધ ફૂટતી આવે છે. મહારાષ્ટ્રની રંગોળીમાં મોટે




પ્રાંતપ્રાંતની રંગોળીના નમૂના



મહારાષ્ટ્રના બે નમૂના　　　નીચે: કાચબાનું આલેખન



બંગાળની રંગોળી 'આલ્પના'ના થોડા નમૂના



ભાગે ભૂમિતિબંધ રચનાઓ હોય છે, એટલે તેમાં ચોરસને હિસાબે કેટલાંક બિન્દુ મૂકીને તે પ્રમાણે આકૃતિઓ ગોઠવાય છે.

મદ્રાસ તરફની રંગોળીઓ વધારે કલાપૂર્ણ હોય છે. તેમાં વધારે વળાંકો, વેલો અને આકૃતિઓ રચાય છે. એટલી આલેખનશક્તિ તો ત્યાંની સ્ત્રીઓમાં સહજ હોય છે. મનમાંથી અવનવા આકાર ઉપજાવવાની તથા ચીતરવાની એમની શક્તિ જોઇને એમની કલ્પના અને કુશળતા માટે આપણુને માન તથા આશ્ચર્ય થાય છે.

આવી ઘેરઘેર પુરાતી રંગોળીઓ ઉપરાંત રંગોળી પૂરનારા બીજા ખાસ હુન્નરદારો પણ હોય છે. તેઓને દેવસ્થાનોમાં કે શ્રીમંત લોકોને ત્યાં ઉત્સવોમાં રંગોળીઓ પૂરવા બોલાવવામાં આવે છે. કોલસાનો બારીક ભૂકો ભરી જમીનને સાવ કાળી કરી નાખી તે પર કાગળમાં કોરેલી જુદાજુદા આકારોની જાળીઓ વડે તેઓ રંગો ભરે છે. કરી અટપટી આકૃતિઓ બનાવે છે, અને કોઇકોઈ વાર પુરાણુ કે ઇતિહાસના પ્રસંગો પણુ આલેખે છે. કાળી ભોંય ઉપર એ રંગો અજબ તેજભર્યા લાગે છે. આવતાજતા લોકો બે ઘડી ત્યાં ઠરીને આંખો તૃપ્ત કરી લે છે. કોઇનું ગાયન સાંભળીને જેવો આનંદ થાય તેવો આનંદ રંગોના આ ગાયનમાંથી આપણુને આંખ દ્વારા મળે છે.

સ્ત્રીઓની આ કળાથી નગરજનો આંગણેઆંગણે નિતનવી આકૃતિ જુએ, નિત્યનવાં સુજન થાય ને નવી કળા રચાય, તેમાંથી નવો ઉત્સાહ ને નવું ચેતન પ્રગટે એ શું ઓછું સુભાગ્ય છે? અને આવી આકૃતિઓ સરજનારી સ્ત્રીઓ ઘરકામમાં પણુ કેટલી ચતુર ને નિપુણુ હોય?

ગરીબ કે તવંગર સૌને જેમાંથી કળાની પ્રસાદી એકસરખી મળે છે એવી રંગોળીની આ પ્રથા ગુજરાતમાં કેમ ન પ્રસરે? કેળવાએલી બાળાઓ તો, જો ધારે તો, આ વિચાર ઉપાડી લઈ, માતાપિતાને

અમેરિકામાં અભ્યાસ
તથા ત્યાંની બીજી અભિનવ માહિતી આપતા પત્રો

નાતાલની રજા બીજી જાન્યુઆરીએ પૂરી થશે. ઠંડી સારા પ્રમાણમાં વધતી જાય છે. ટેમ્પરેચર—૧૩°F સુધી ઊતરી છે. હું 0°Fમાં કેટલીક વખત ચાલ્યો હોઇશ. બરફ પણ પડે છે. અમદાવાદ કરતાં ૧૧૦°-૧૧૨° ઓછી ટેમ્પરેચર કેવી હોય તેની કલ્પના કરશો. પગ સાચવવા માટે 'ગમ-બૂટસ્' પહેરવામાં આવે છે. વેલિંગ્ટન શૂઝની ટાઈપના પણ બૂટ ઉપર પહેરવાના. એનાથી થોડા ટૂંકા હોય છે. કાન સાચવવા 'ઇયર-મફ્સ' પહેરીને ફરવું પડે.

અહીં પ્રજાતંત્ર (Democracy) છે તે ટપાલનો કાગળ નાખતી વખતે પણ પ્રજાને પૂરેપૂરી તક આપે છે! દરેક જગ્યાએ ટપાલપેટીની જોડે જ કચરાપેટી રાખવામાં આવે છે; એટલે કોઈ ભૂલથી કચરાપેટીમાં પણ કાગળ નાખી દે. વળી યુનાઇટેડ સ્ટેઇટ્સની સરકાર દર અઠવાડિયે નવી ટિકિટ કાઢે છે. કેટલી પંચાત! પૈસા વધુ ખર્ચાય!

અમેરિકન પી. એચડી. થવાનો મોહ ઊતરતો જાય છે; કારણ કે એમાં ઘણો સમય બરબાદ થાય તેમ છે અને વિદ્યાર્થી પુસ્તકનો કીડો બની જાય છે. તેના કરતાં લંડન પી. એચડી. થવું સારું. બે-અઢી વર્ષમાં પતી જાય. બંનેની કિંમત દુનિયામાં એકસરખી જ છે. દરેક સત્રમાં હિંદી વિદ્યાર્થીઓની એક ટુકડી અમેરિકા આવે છે. એમાંના એંશી ટકા વિદ્યાર્થીઓ કેમિકલ એન્જિનીઅરિંગ લે છે. જોકે ઘણા ઓછા મિશિગન કે એમ. આઈ. ટી. ગ્રૅજ્યુએટ થાય છે.

બ્રિટિશ પદ્ધતિની આપણી પરીક્ષાઓ ને અમેરિકન પદ્ધતિની પરીક્ષાઓ વચ્ચે ઘણો જ ફરક હોય છે. આપણે ત્યાં વિદ્યાર્થીની સ્મરણશક્તિની કસોટી થાય છે. બને તેટલા આંકડા ને હકીકતો યાદ રાખવા રાતદિવસ પ્રયત્ન કરો અને પરીક્ષામાં મળતા ત્રણ કલાક દરમ્યાન જેટલું યાદ રહ્યું હોય તે બને તેટલી ઝડપે ઓકી કાઢો. આમ કે આમ. વળી વિષયોની પણ પસંદગી કરવાની નહિ. બધું જ ફરજિયાત. ઘણા-ઘણા વિષયો ને બધી જ ગોખણપટ્ટી! અમેરિકામાં નવ સવાલમાંથી ગમે તે પાંચના ઉત્તરો લખવાના. એટલે વિષયમાં અણગમતું હોય તેવું ઘણું છોડી દઇ શકાય. પરિણામે આપણે ત્યાં વિદ્યાર્થી ઘણો જ પ્રયત્ન કરે તો યે બીજા કે ત્રીજા વર્ગમાં પરાણે પાસ થાય. જ્યારે અત્રે સહેલાઈથી પોતાની પસંદગીનું વાંચી ઊંચે નંબરે આવે. આપણે ત્યાં એવું પણ બને છે કે વિદ્યાર્થી ગમે તેમ કરી થોડાં વર્ષો આગળ રહે છે. એમાં મોટે ભાગે એનું નસીબ કામ કરતું હોય છે. વળી પરીક્ષા વર્ષમાં એક જ વાર લેવાય, એટલે મોટે ભાગે વિદ્યાર્થીઓ પહેલા સત્રમાં બિલકુલ વાંચતા જ નથી.

અહીં પરીક્ષા તો માત્ર બુદ્ધિની કસોટી જ છે. પરીક્ષાઓમાં ઘણી વખત વધારે data આપવામાં આવે છે. કેટલીક વાર ઘણી જ થોડી data અપાય છે. વધારે data આપવામાં આવે ત્યારે કોઇ જાળમાં ફસાઈ ન જવાય તેની વિદ્યાર્થીએ તકેદારી રાખવી પડે છે; નહિ તો ખરી વાત બાજુમાં રહી જાય ને અવળે ચીલે ચઢી જવાય. ઓછી ડેટા આપે ત્યારે બુદ્ધિ કસવી પડે ને તેમાં ભૂલ થઇ જવાનો પાકો સંભવ રહે. પછી એ નિર્ણયશકિત કલ્પનાનો વિષય બની જાય. આથી જ હિંદી વિદ્યાર્થીઓને અમેરિકામાં ઘણી વખત તકલીફ પડે છે. તેવી જ રીતે ઊલટી રીતે પણ સોએ સો ટકા સાચું જ છે. અહીંના—અમેરિકાના વિદ્યાર્થીઓ હિંદમાં આવે તો એકેએક વિદ્યાર્થી એકેએક વિષયમાં નાપાસ થાય! ચોપડી જોયા સિવાયની લાંબી પરીક્ષાઓ આપવાથી તેઓ ટેવાએલા જ નથી હોતા.

અમેરિકા જેવો હુન્નરમાં આગળ વધેલો દુનિયામાં બીજો કોઈ દેશ નહિ હોય એ વાત ખરી; પણ અહીં બધું જથ્થાબંધ ને કંઈક અંશે તકલાદી બનાવવામાં જ સમજ્યા છે. એક માણસ સ્ક્રૂ બનાવતો થયો એટલે આખી જીંદગી સ્ક્રૂ જ બનાવ્યા કરે—ને પોતાનો સ્ક્રૂ ઢીલો કરતો જાય! લોકોમાં મૌલિકતા એ રીતે ઓછી થાય છે. આ રીતે અમેરિકન ઉદ્યોગશીલતા પ્રત્યે માન ઓછું થાગ છે.

અત્યારે રજાઓ છે એટલે જરા નિરાંત છે. અત્યારે મારો રોજિંદો કાર્યક્રમ: સવારે દસ-અગિયાર વાગે ઊઠું છું. ઍડમિનિસ્ટ્રેશન બિલ્ડિંગને આંટો મારી આવું છું બરફપાથર્યા રસ્તા પર લપસતો લપસતો કેટલાક મિત્રોને 'સાહેબજી' કરું છું. અધ્યાપકોને મળી, નવા સત્ર માટે જરૂરી તૈયારીઓ કરી વિષયોની વર્ગણી કરી, ગ્રૅજ્યુએટ સ્કૂલમાં થઈ ઘેર આવું છું. કેટલીક વાર હિંદી રસોઇ બનાવવાનો પણ મિથ્યા પ્રયત્ન કરીએ છીએ, વાસણ માંજીએ છીએ, રસોડું સાફ કરીએ છીએ, સહકારી દુકાનોની મુલાકાત લઇએ છીએ ને છેવટે ઘેર આવી થાકયાપાકયા વહાલા વતનની યાદ કરીએ છીએ.

બ્લુ બુકસ ને ફાઇનલ પરીક્ષા પૂરી થઇ ગઇ છે એટલે માથા પરનો બોજો સહેજ ઊતરી ગયો છે, છતાં ય હજી થાક લાગે છે. શાથી? જાણો છો? મારું હૃદય ૧,૦૩,૩૮૦ વાર દિવસમાં ધબકે છે; મારું લોહી એક દિવસમાં ૧,૬૮૦ હજાર માઇલની મુસાફરી કરે છે; ૨૩,૦૪૦ વાર હું શ્વાસ લઉં છું તેથી ૪૩૮ સ્ટૅન્ડર્ડ ક્યુબિક ફીટ હવા હું લઉં છું; સેંકડો શબ્દો બોલું છું; ૭૫૦ માંસપેશીઓ હલાવું છું; ૭૦,૦૦૦ મગજનાં અણુઓને ગતિ આપું છું—આટલું બધું થાય પછી થાક લાગે જ ને?!!

અમેરિકા માટે એક મહા પુરુષે કહ્યું છે: 'અહીં માબાપો છોકરાંની આજ્ઞાને આધીન રહે છે.' હિંદમાં એથી ઊલટું છે.

હવે થોડુંક અણુ-બૉમ્બની બનાવટ વિષે: એ શોધખોળનો મોટો ફાળો મિશિગનનો છે. બાકીનું કામ શિકાગો અને કોલંબિયામાં થયું છે. મિશિગન યુનિવર્સિટી પાસે ત્રીસ કરોડ ઈલેકટ્રોન વૉલ્ટ સિનેટ્રોટ્રાન છે. શોધખોળ ચલાવવા માટે એ મુખ્ય વસ્તુ છે. ઍટમ નાખવા માટે પ્રોટોનને બદલે ઇલેકટ્રોન વાપરે છે. ઈલેકટ્રોન ૪,૫૦,૦૦૦ ચક્કર લગાવે છે (દર સેંકડે ૧,૮૬,૦૦૦ માઈલ) ત્યારે બરાબર ગતિ પામે છે. આથી શોધખોળનાં યંત્રોનો કાંઈક ખ્યાલ આવશે.

આ દેશમાં એક રીતે હિંદી વિદ્યાર્થીઓને માન આપવામાં આવે છે. જે કોઈ વસ્તુ પર 'હિંદી'ની છાપ વાગે તેને માટે માન પ્રગટ થાય છે. હિંદી ગ્રીષ્મ, હિંદી સાડી વગેરે. ઈસ્વી સન ૧૯૪૮ની વિગતો દર્શાવતી એક ફિલ્મમાં ગાંધીજીની વિરાટ સ્મશાનયાત્રાનાં દશ્યો બતાવ્યાં હતાં. 'લાઇફ'માં હમણાં 'પંડિત જવાહરલાલ: હિંદના વડા પ્રધાન' નામક આઠ પાનાં ભરીને લેખ આવ્યો હતો. હિંદી રાજનીતિ એમના હસ્તક કેવી ચાલી રહી છે એનો ચિતાર આપવામાં આવ્યો હતો. તેમાં હિંદીઓ વિષે પણ ઘણી ટીકા હતી. એક ફિલ્મમાં 'રાજસી હિંદ'ના દેખાવો આપવામાં આવ્યા હતા. 'ઍન આર્બર ન્યૂઝે' એક તંત્રીનોંધ લખી હતી: 'હિંદના નહેરૂ જગતના કાર્યમાં અગત્યનો ભાગ ભજવશે. એમના નાજુક હાથોમાં એશિયાનું ભાવિ મૂકવામાં આવ્યું છે. આ પળે એશિયાને પોતાની અગાધ શક્તિ સમજાતી જાય છે. એ શકિત સંકલિત કરવાનું કાર્ય પંડિત નહેરૂને સોંપવામાં

આવ્યું છે. એટલે નહેરુ એશિયાઈ વિભાગના આગેવાન બની જશે. એટલે પશ્ચિમના જગતને દુનિયાની શાંતિ માટે પણ એમની મૈત્રી સાધ્યાં વિના છૂટકો નથી. નહિ તો પૂર્વ-પશ્ચિમનું સંકટ ઝઝૂમતું જ રહેવાનું.' આવા લેખો તો ઘણાં સામયિકોમાં પ્રગટ થાય છે. હમણાં જગતમાં સૌથી વધારે પ્રચાર ધરાવતા એક પત્રમાં "હિંદ સ્વતંત્ર પણ ભૂખ્યું' નામે લેખ પ્રગટ થયો હતો: 'હજી જૂના પ્રશ્નોનો ઉકેલ આવ્યો નથી અને તેથી હિંદનું ભાવિ હજી નિશ્ચિત નથી. ઘણા લોકો સરકાર પર અનેક પ્રકારનું દબાણ લાવે છે. મૃત્યુનો આંકડો જગતમાં ત્યાં ઊંચામાં ઊંચો છે: દર હજારે બાવીસ. તેવી જ રીતે જન્મપ્રમાણ પણ ઓછું નથી: દર હજારે ચોત્રીસ. આ રીતે દર વર્ષે ૪॥ કરોડની વસ્તી વધતી જ જાય છે. . . સ્વતંત્ર હિંદની પહેલી સરકારે હિંદની આંતરિક સ્થિતિ સુધારવા અનેક યોજનાઓ તૈયાર કરી છે, પરંતુ હજી કાંઈ ખાસ પગલાં લેવાયાં નથી. એ ન લેવાય તો હિંદ પર આફત આવી પડે તેમ છે. એવી કટોકટીની પળ છે કે રાજક્રાંતિ પણ થઈ જાય.'

તમને એમ લાગતું હશે કે અહીં મારે લહેર છે, પરંતુ ખરું પૂછો તો અહીં મને વતન જેવો આનંદ આવતો જ નથી ને જરૂર કરતાં એક ક્ષણ પણ અહીં વધારે રોકાવાનું ગમે તેમ નથી.

હવે દુનિયાના મોટામાં મોટા સ્ટોરનો કંઇક ખ્યાલ આપું. 'મૅકી સ્ટોર્સ' ન્યૂ યૉર્કનો વિખ્યાત સ્ટોર છે. 'ત્રેવડ ત્રીજો ભાઈ છે' એ આ સ્ટોરનો મુદ્રાલેખ છે. ન્યૂ યૉર્ક જતો પ્રત્યેક પ્રવાસી આ સ્ટોરની મુલાકાત લેવાનું ચૂકતો નથી. દરરોજ એક લાખ ને વીસ હજાર માણસો આ સ્ટોરની મુલાકાત લે છે. વડોદરા કે રૉકફેલરના સૉલ્ટ લેઈક સિટીની વસ્તી જેટલી આ સંખ્યા થઈ. સ્ત્રીની હૅટથી માંડીને પ્રીફૅબ (Prefabricated House) સુધીની કોઈ પણ ચીજ આ સ્ટોરમાં મળે છે. આ સ્ટોર દરરોજનો ૩૫ લાખ રૂપિયા વકરો કરે છે. કોઈ દિવસ વકરાની રકમ ૪૫ લાખ રૂપિયા સુધી પણ પહોંચે છે. (મેં પણ એક પટો ખરીદી એ વકરામાં મારો ફાળો નોંધાવ્યો હતો.) એક વર્ષમાં તેણે સાડા સાત લાખ પુસ્તકો વેચ્યાં હતાં દર કલાકે દોઢ લાખ રૂપિયાનાં ફર જૅકેટ્સ વેચાય છે ને દર કલાકે પાંચસો ટાઈ.

આ સ્ટોરમાં પાંચસો નોકરીઆતો તો ઘરાકોના સ્વાંગમાં ફરતા રહે છે, જેથી ખાસ ગ્રાહકો કિંમતનો કડદો કરીને પણ ખરીદવા પ્રેરાય છે. એકીકલમે સાઠ લાખ રૂપિયાનો માલ ખરીદીને બહાર નીકળનાર ઘરાકો પણ આ સ્ટોરની મુલાકાત લે છે. જગતનાં સોળ મોટાં શહેરોમાં 'મૅકી'ની શાખાઓ છે. દર વર્ષે તે લગભગ ૩૫ લાખ રૂપિયા જાહેર ખબર પાછળ ખર્ચે છે. નાનામાં નાની ચીજ ખરીદનાર ગ્રાહકની ફરિયાદ પણ સંચાલકો ધ્યાન પર લે છે. દર વર્ષે લગભગ બે લાખ સાઠ હજાર ફરિયાદો નોંધાય છે. સ્ટોરનું ઘણુંખરું સંચાલન સ્ત્રીઓના જ હાથમાં છે ને કેટલીક સ્ત્રીઓને તો એક લાખ રૂપિયા સુધી વાર્ષિક પગાર મળે છે. આ સ્ટોર મૅકી નામે દરજીએ શરૂ કરેલો.

વચગાળાની રજા પૂરી થઈ છે. આવતી કાલથી સો દિવસનું કામ શરૂ થશે. મૅથૅમૅટિક્સમાં મારી બ્લુબૂક ઍવરેજ ૮૯/૧૦૦ છે. ફાઇનલ પરીક્ષામાં ૯૨/૧૦૦ અને ગ્રેઇડ 'એ' આવી છે. આ પ્રમાણે ચારે વિષયોમાં હું પસાર થયો છું. શરૂઆતમાં મને બીક રહેતી, કારણ કે મેં જે વિષયો લીધેલા તેવા અત્યાર સુધીમાં ભાગ્યે જ કોઈએ લીધા હશે. કોઇ હિંદીએ તો આ વિષયો લીધા જ નથી.

ગ્રામોફોનને બદલે હમણાં એક વાયર રેકર્ડર મશિન નવું નીકળ્યું છે. તે આશરે દોઢસો ડૉલરમાં મળે છે. તેમાં સામાન્ય વિદ્યુત્-ગ્રામોફોન પેઠે રેકર્ડ વગાડી શકાય છે. વળી સામાન્ય રેકર્ડ વગાડીએ તેની સાથે એક-મૅગ્નેટિક વાયર ઉપર તે ઉતારી પણ શકાય. એટલે કોઈની પાસેથી સારી સારી રેકર્ડ લાવી ઉતારી લીધી હોય તો પછી રેકર્ડની જરૂર પડે નહિ. આ તારને એક ડિસ્ક પર વીંટી દેવાનો ને તેનો બીજો છેડો બીજી ડિસ્ક જોડે જોડવાનો. સ્વિચ ચાલુ કરીએ એટલે એ તારમાં ઊતરેલી રેકર્ડ વાગવા માંડે! આ પ્રમાણે પિસ્તાલીસ મિનિટ સુધી ચાલુ પ્રોગ્રામ મળે. આમ, પીન તેમજ રેકર્ડ વગર એ જ પ્રકારની મોજ માણી શકાય ને યંત્રને વારેવારે સ્પર્શ પણ કરવો ન પડે: રેડીઓ જેવું જ થઇ જાય! ત્રણચાર વર્ષે જ્યારે રેકર્ડ જૂની થઇ જાય અને તેનો વપરાશ બંધ પડે ત્યારે સાદી રીતે તે તાર પરથી રેકર્ડ ઘસી નાખવાની, એટલે તેના પર બીજી રેકર્ડ ફરી ઉતારી શકાય!

વળી આપણો અવાજ, કોઇનાં ભાષણ વગેરે બધું જ એ તાર ઉપર રેકર્ડ કરાય; માત્ર એક ટેલિફોન જેવું ટ્રાન્સમીટર તેને લગાડી દેવાનું. એ મોં આગળ કે રેડિઓ આગળ ધરી રાખવાનું. મોઢેથી બોલેલી કોઇ પણ ભાષા રેકર્ડ કરી શકાય છે. આ એક નવીનતા જ છે. ગ્રામોફોનને બદલે આ ખરીદવું સારું. એ તાર પણ ફ્યુઝના તાર જેવો જ હોય છે ને ઘણો જ સસ્તો મળે છે. આ રીતે રેકર્ડ ખરીદ્યા સિવાય રેડીઓ પર સાંભળેલી તમામ રેકર્ડનો લાભ ઉઠાવી શકાય છે.

આપણે ત્યાં વડાં, ભજિયાં પૂરી વગેરે તળવામાં ઘણો વખત લાગે છે અને દરેક ચીજ એક જ ઘાટની બનતી નથી. વળી બધી સરખી તળાતી પણ નથી. અત્રે એક વીજળીથી કામ આપતું એવું યંત્ર આવે છે કે તૈયાર કરેલો લોટ એક વાસણમાં મૂકી, ટાઇમ મૂકી, યંત્ર ચાલુ કરો એટલે એક જ જાતનાં સરખાં તળેલાં, ભજિયાં વગેરે બહાર પડે છે.

ડેટ્રૉઈટ યુનાઇટેડ સ્ટેઈટ્સ ઑવ અમેરિકામાં ચોથું મોટું શહેર છે. જગતનું એ મોટર-શહેર કહેવાય છે. ગંદુ પણ ઠીકઠીક પ્રમાણમાં છે. ધમાલિયું પણ ખૂબ જ. એની વસ્તી ૩૫ લાખ છે. ફોર્ડ, પ્લીમથ, હડસન, કૅઇસર-ફ્રેઝર, ડૉજ વગેરે મોટરનાં કારખાનાં અહીં છે. ૩॥ લાખ મજૂરોને રોજી મળે છે. દર વર્ષે નવ અબજ ડૉલરની મોટરો તૈયાર થાય છે. હું Y. M. C. A. માં ઊતર્યો હતો. એક ગ્રીક રેસ્ટોરાંમાં હિંદી ખોરાક મળ્યો. બરફી જેવી મીઠાઈ હતી, તેને એ લોકો 'બકલાવા' કહેતા.

અહીં હજામોની દુકાનો આગળ એક સિલિન્ડર ફરે છે. તેના પર આડા લાલ વાદળી ને ધોળા પટા દોરેલા હોય છે. ચાલુ કામ હોય ત્યારે આ સિલિન્ડર ફર્યા જ કરે છે. જૂના વખતમાં હજામો ડૉક્ટર હતા, તેનું આ સંકેતચિહ્ન છે. ગમે તે પ્રવાસી તેમની હસ્તી પારખી શકે. ભૂરા ને રાતા પટા તે બે પ્રકારનાં લોહીનું પ્રતીક છે ને દાક્તરના પાટાનો પણ ખ્યાલ આપે છે. (ચાલુ)

કોલસાથી દાંત સાફ થાય, મોઢું નહિ.

તું એટલો બધો મીઠો ન બનતો કે જગત તને ચાવી જાય; અને એટલો કડવો પણ ન બનતો કે જગત તને થૂંકી નાખે.

કાયરના હાથમાં તલવાર અને મૂર્ખના હાથમાં કલમ મૂકતાં પહેલાં વિચાર કરજે.

જન્મભૂમિની ધૂળ મસ્તકે ચઢાવાય, મોઢામાં ન મુકાય!

Our Friends Abroad

[જગતસંપર્ક સાધતો પત્રમિત્ર-વિભાગ]

ન્યૂ ઝીલૅન્ડનો પત્ર

મોકલનાર: Ramesh Patel, 129 Ponsoeby Auckland (N. Z.)

મુ. સ્નેહી શ્રી રવિભાઈ,

અનેક જાતની પ્રવૃત્તિઓમાં પરોવાએલા માણસોને કેટલીક વસ્તુઓની વિસ્મૃતિ થઇ ગઈ હોય છે; એટલે આપને મારું સંભારણું તો ક્યાંથી હોય ? પણ આપનું સંભારણું મારા નાનકડા હૈયામાં ઘણીવાર કલા-રસ પેદા કરી રહે છે; આજે ઘણા વખતે—નવ વર્ષ પછી આ પત્ર લખી આપને સંભારું છું.

ભારત વિદ્યાલય-કરાડીમાં હું વિદ્યાર્થી-શિક્ષક હતો. ત્યાંથી હું એકાએક અહીં ન્યૂ ઝીલૅન્ડ આવ્યો. ...

અહીં આવ્યા પછી તમને પત્ર લખવાની મને ઘણીવાર ઈચ્છાઓ થઈ હતી, પણ એક વાતનો મને સતત સંકોચ રહેતો. કલાવિકાસ કરવાની મારી જે ભાવનાઓ હતી એને હું મૂર્ત સ્વરૂપ આપી શક્યો નહિ. જે હાથોથી કલાસર્જનના કોડ હતા એ જ હાથ પરિસ્થિતિને લઇને મારે ઘરની જવાબદારી અદા કરવામાં વાપરવા પડયા.

ન્યૂ ઝીલૅન્ડ નાનકડો દેશ છે, પણ દુનિયામાં કેટલીક બાબતમાં આગળપડતો દેશ છે. ન્યૂ ઝીલૅન્ડના માનવીનું સરાસરી આયુષ્ય ૬૯ વર્ષ ગણાય છે જ્યારે આપણા દેશનું પ્રમાણ ૨૭ વર્ષનું છે. આ દેશની સભ્યતા ને સ્વચ્છતા ખરેખર આશ્ચર્ય પમાડે છે. પ્રજાના ઘડતર માટે રાજ્ય હંમેશ તત્પર રહે છે. અહીં મજૂર-રાજ્ય છે. કેળવણી મફત,—શાળામાં દરેક બાળકોને દૂધ અને ફળ મફત, ઑસ્પિટલ મફત. વળી ઘરડાંનું પેન્શન, વિધવાનું પેન્શન, કારખાનામાં કામ કરતાં અકસ્માત થાય કે માંદો પડે તો પગાર સાથે બાદશાહી સારવાર. આખા દેશમાં જ્યાં જુઓ ત્યાં પાકા રસ્તા. ત્રણ માણસે એક મોટર, ઘરેઘર રેડિયો, ટેલિફોન, વીજળીના દીવા.

પ્રજાકીય કેળવણીની દૃષ્ટિએ પણ આ દેશ ઘણો આગળપડતો છે: કોઈ લૂલાં-લંગડાં, આંધળાં કે ભિખારી નજરે ન પડે. એવાં માણસો માટે પણ સરસ સાધન હોય છે જેથી તેમને રીબાવું ન પડે.

અહીંની મૂળ પ્રજા માવરી. કૅપ્ટન કૂક આવ્યા પછી ગોરી પ્રજા આવી. પણ એ લોકોએ લગભગ સો-દોઢસો વર્ષમાં તો આ દેશની વૈજ્ઞાનિક દૃષ્ટિથી અને યંત્રો દ્વારા કાયાપલટ કરી નાખી છે.

હિન્દીઓ અહીં પ્રથમ ૧૮૭૭માં આવ્યા. આજે ૧૦૦૦ જેટલા હિન્દીઓ અહીં છે. મુખ્યત્વે ફળનો વેપાર કરે છે. હું પણ બે મોટર રાખી ફળનો વેપાર કરું છું. અહીં વસતા હિન્દીઓનું એક મંડળ છે. છેલ્લાં પાંચેક વર્ષથી એમાં સહમંત્રી તરીકે હું કામ કરું છું. લગભગ આખો દેશ જોઈ નાખ્યો. અહીંના દરેક હિન્દીના પરિચયમાં પણ આવવાનું બન્યું. અહીં રહેતા હિન્દીઓ દેશનાં સુખદુ:ખે હમેશ ભાવના બતાવતા આવ્યા છે. છેલ્લાં થોડાં વર્ષોમાં બંગાળરાહત ફંડ, પંજાબ ફંડ, ગાંધીસ્મારક ફંડ, કસ્તુરબા ફંડ વગેરેમાં લાખો રૂપિયા એકત્ર કરી આપ્યા છે. હમણાં પૂ૦ બાપુજીના સ્મારક માટે આખા ન્યૂ ઝીલૅન્ડમાં અમે બેત્રણ જણે ફરી ત્રણ હજાર પૌંડનું ફંડ કર્યું.

આઝાદી દિન કે એવા રાષ્ટ્રીય મહોત્સવ અમે ભારે રસપૂર્વક ઊજવીએ છીએ. આખા ન્યૂ ઝીલૅન્ડમાં પત્રિકાઓ પ્રગટ કરવી, સભાઓ ગોઠવવી, કે બીજી જાતનો પ્રચાર કરવાનો હોય એ હું કરું છું. હિન્દી-ગુજરાતી પ્રેસ નહિ હોવાને કારણે સાયક્લોસ્ટાઇલ મશીનથી હાથે પત્રિકાઓ સુશોભિતરીતે લખી પ્રકાશિત કરીએ છીએ.

૧૯૪૫માં કાવ્ય સ્ચવાની ઊર્મિ થતાં દલપત પીંગળની મદદથી સ્વાધ્યાય કરીને કેટલાંક કાવ્યો રચ્યાં ને એ વડોદરાના પ્રોફેસર મંજુલાલને તપાસવા મોકલ્યાં. એમણે સારો અભિપ્રાય આપ્યો છે. એમાંનાં એકબે 'કવિતા' માસિકમાં પ્રગટ પણ થયાં હતાં. ઉપરાંત ન્યૂ ઝીલૅન્ડના માવરીઓની થોડી વાતો લખી છે. સાહિત્ય ને કલા પ્રત્યે મને ખૂબ રસ છે. અહીં ચિત્રશિક્ષણ માટે રાત્રિશાળા અને દિવસની શાળાઓ છે. થોડાક માસ હું રાત્રિશાળામાં પણ ગયો હતો. પરંતુ કામમાં મને બહુ નવરાશ મળતી નથી. બે વર્ષથી ટાગોર પુસ્તકાલય હિંદીઓ માટે શરૂ કર્યું છે. આમ લગભગ સમય ચાલ્યો જાય છે.

'કુમાર'ના ૧૯૪૭ના અંકો હમણાં બધા મારી પાસે આવ્યા છે. એ વાંચીને મને ઘણો આનંદ થયો. 'કુમાર'ની શરૂઆતના વર્ષોથી જ એમાં મને રસ પડ્યો છે અને દેશમાં કુમાર વાંચવા હું કદી ચૂકતો નહિ.

અહીંના સૃષ્ટિસૌંદર્યમાં બરફના પહાડો, વનરાજી ને 'વાઈટામો કેઈવ' તથા ઊના પાણીના ઊડતા ફુવારાઓ છે. વાઈટામો કેઈવ એ ભૂગર્ભમાં કુદરતીરીતે જ બંધાએલી ગુફાઓ છે, જે પાણીના ઝરણ ઝમીને બનેલી વિવિધ આકૃત્તિઓવાળી હોય છે. રટોરુવા એ કુદરતી રીતે બનેલા ઊના પાણીના અને ખદબદતા કાદવના બનેલા કુંડો છે. એ પાણી રોગના ઉપચાર તરીકે વપરાય છે.

ઑકલાંડમાં આર્ટગૅલેરી છે, મોટું પુસ્તકાલય છે; આપણા કોઈ હિંદી કલાકારનાં ચિત્ર અહીં નથી. કોઇકે મોકલવાં જોઇએ. હિંદી શિલ્પ સ્થાપત્યના નમૂના તરીકે મશહૂર ગણાતું સિવિક થિયેટર ન્યૂ ઝીલૅન્ડમાં મોટામાં મોટું છે. એમાં ઠેરઠેર બુદ્ધભગવાનની મૂર્તિઓ છે તથા મંદિર કે મસ્જીદની બાંધણીનો ખ્યાલ આપે છે. થિયેટરમાં બેઠા હોઇએ ત્યારે જાણે આકાશમાં વાદળાં દોડતાં હોય કે સૂર્યોદય થતો હોય કે તારા ટમટમતા હોય ને આપણે સાચે જ ખુલ્લા આકાશ નીચે બેઠા હોઇએ એવો ખ્યાલ બત્તીઓની કરામતથી એમાં આપે છે. વિશેષ પછી.

રશિયન પત્રમિત્રો (ગયા અંકને અનુસંધાને પૂરાં)

ઉલ્લેખ: મણિલાલ બુદ્ધભટ્ટી જામખંભાળિયા (સૌરાષ્ટ્ર). દરેક સરનામાને અંતે Russia એટલું અવશ્ય ઉમેરવું.

(46) Boris Sergeyev Mikhailovich, boy, Room 186, Section 3, House 7a, Defortovsky Val, Moscow, 116; student in a Higher Technical Institute; (47) Tatina Govorova, woman, Room 9, Rechdelskaya Ulitza 13, Moscow 22; (48) Olga Ivanova, woman; c/o Women's Committee, Moscow-50 Housewife, Mother; (49) Lilya Slominskaya, woman, Kaprnovsky Per 3, Moscow–26, works in shoe factory, married; (50) Yuri Khramayev, boy, Boretz Factory, Moscow–factory-worker; (51) Alexandra Akimushkina, girl, Moscow; factory-worker; (52) Olya Suslova, girl, Trekhgorya-

Textile Factory, Moscow-21-22, Spinner; (53) Nelly Ozeran, girl, Ismail-17, Schoolgirl; (54) Dmitry Benedictov, House 5, Verkhnaya Ulitza, Zhedoroga Gorkovskaya, Moscow-16, writes in English.

હંગરી, ડેન્માર્ક, નાઇજીરીઆ વગેરેનાં સરનામાં

(1) Petrovies Baranabas, VIII Horanszaky -ut 18-20, Budapest (Hudgary); (2) Helle Jensen, Pa Bjerget-18, Copenhagen (Danmark); (3) D. U. Imoukhuede, 21, Obalende Rd., Lagos (Nigeria, B. W. Africa); (4) Yekoboh Ezekiel, 56, Mosalasi St., 1 Koyi, Lagos, Nigeria, (B. W. Africa); (5) Miss I. Tacques, 42, Dover St., Birkenhead (Cheshire, England) (ઉલ્લેખ: ગિરીશ દેસાઈ.) (6) Pravin N. Mehta, P.B. No. 128, Zanzibar-17, Stamps, View-cards, Correspondence (Br. East Africa); (7) Mr. Selwyn I. Pfeffer, C/o National Bank of Australasia, Ipswich, Queensland, (Australia); (8) E. S. Habib, P. O Box 2563, Durban, Natal, S. Africa—18, Correspondence, Stamps, Politics.

ન્યૂઝીલાંડ અને સીલોનનાં થોડાં સરનામાં

(1) Mabel Balmforth (14 years-girl), Hukarer College, Napier, New Zealand-Stamps, penpals; (2) Soudy Oshorne (18 years-boy)-Private bag 7, Tokoroa Block, New Zealand-Sports, Stamps, books; (3) Nancy Houston (15 years-girl), -336, Harewood Rd., Christchurch, New Zealand-Stamps, music, realing, sports, dancing; (4) P. B. Yogananda (boy), Paiyagala North, Phala Wadogoda, Ceylon-Stamps. (ઉલ્લેખ: શ્રી જ્યોતીન્દ્ર ફુંભાણી રાજકોટ)

હિંદી પત્રમિત્રોનાં સરનામાં

(362) Madhukant Ratilal Raval, C/o Ratilal D. Raval, 2, Raghav Vadi, French Bridge, Bombay-7—17, Stamps; (363) Kantilal C. Patel, Patidar Vidyarthi Ashram, Nanpoora, Surat—17, Stamps; (364) Chandrakant R. Patel, C/o R. G. Patel, West View, Godambe Estate, Talegaon (Dt. Poona)—19, General Knowledge; (365) Manek Kantilal L., Monghibai Ramvilas, Goushala Akurli Rd., Kandivlee (East), Bombay (B. B. & C. I.)—16, Stamps, Coins, Photography, Chemistry, Geometry; (366) Trivedi Hasmukh U. Devkeran Nanji Wadi, Shree Sadan, Room No. 37, Thakordwar, Bombay—15, Stamps, Reading, Swimming, Travelling; (367) Babubhai C. Patel, C/o Chhotubhai M. Patel, Matwad, Surat—16, Magazines and Stamps; (368) Bansilal Chhitalal Patwa, Mehta Pole, Lallubahdar's lane, Baroda—16, Sports Reading, Literature; (369) Madhusudan B. Thakar, C/o Nagindas Kilabhai & Co., P. O. Box No. 282, Calcutta—20, Cricket, Cinema, Swimming; (370) Bachubhai K. Joshi, C/o Bharat Trading Corporation, 3rd Floor, 10, Canning St., Calcutta—20, Music, Cricket, Stamps; (371) Bhupendra Bhukhandas Gajjar 20, Dhanlaxmi Society, Ahmedabad 8—19, Photography, Politics, Sports, Music, Cycling; (372) Mohsin M. Malek, P. O. Kadod, Dist. Surat—24, Stamps, Reading, Hindi & Gujarati literature, Correspondance; (373) Vora Vrajlal Vandravandas, C/o B.N. Kapol Nivas, Rm. No. 33, Vincent Rd., Matunga (G. I. P.), Bombay-19—16, Literature, Politics, Stamps, Sports, Drawing, Coins, Music; (374) Jayantkumar P. Patel, Laxmi Bld., Station Rd., Anand (Kaira Dt.)—17, Stamps, Match-labels; (375) Madhukar J. Shah, Khetal Falia, Mangrol (Saurashtra)—17, Stamps; (376) Nagindas Chatrabhuj Sanghavi, C/o Chatrabhuj Mohanlal Sanghavi, Kandolia St., Mahuva (Saurashtra)—16, Stamps, Coins, Photography, Reading; (377) Kanchankumar R. Desai, Anavil Street, Sagrampura, Surat—18, Sports, Politics, Economics, Literature; (378) Bharatkumar Amritlal Shah, C/o B. D. Gandhi, 152 Bazargate St., Fort, Bombay—18, Drawing, Music, Photography; (379) Vinodrai Vrindavandas, C/o Dr. V. O. Sheth, Krinshan Bhuvan, New Gate, Mahuva, (Saurashtra)—15, Stamps, First-day covers, Correspondence; (380) Dahyabhai N. Patel, Patidar Boarding House, Patan (N. Gujarat)—16, Swimming, Reading, Sports; (381) Dinesh M. Vakil, Zaveri House, Top Floor, 62/64, Hnghes Rd., Bombay 7—19, Swimming, Photography, Science; (382) Kantilal Pujalal Shah, Nootan Gram Vidyalaya, Gumbhira, Via Ankla, Kaira—22, Correspondence; (383) Sighat M. S., C/o Deputy Engineer, P. W. D., Halol, Panchmahal—16, Stamps, Photography; (384) Bhagat Praful C., C/o Bhagat Chimanlal A., 470, Bhoiwada's Pole, Kalupur, Ahmedabad—16, Reading, Stamps, Cinema; (385) Shah Chandrakant Acharatlal, 1494, Moti Vasan Sheri, Saraspur, Ahmedabad—19, Travelling, Sports, Reading, Cricket; (386) Rasikmani Shah, C/o Babubhai Shah, Opp. Devishah's Pada, Behind Chornaka Police Choki, Ahmedabad—22, Palmistry, Correspondence, Touring; (387) Madhusudan D. Trivedi, Rangoonwalla, Palitana (Saurashtra)—17, Swimming, Cinema, Sports, Photography; (388) Bhaskerrai Ramniklal Yajnik, C/o Manaharlal Jagjeewon Yajnik, Near Vajeree, Jodiya (Saurashtra)—16, Stamps, Coins; (389) Dilipkumar K. Kapadia, Gaiemendi, Moti Sheri, Surat—15, Letrature, Stamps, Photography, Magazines, Politics; (390) Bhat Rangnath S., Havyaka, Wadiwadi, Baroda—17, Stamps, Coins, Sports; (391) Sharda Amin, Navalakha Mansion, Race Course Road, Baroda—20, Stamps, Sports, Correspondence; (392) Dahyabhai Gokaldas Bhakta, Dhaman, Vesma, Navsari Mahal—18, Drawing, Stamps, Coins, Photography, Literat...

ટિકિટ સંગ્રહ : આજનો સંસારવ્યાપી શૉખ★



ઇ. ૧૯૪૦માં ટપાલ-ટિકિટોની શતાબ્દી પ્રસંગે કાઢેલી ટિકિટ: જેમાં ડાબી બાજુ ઇંગ્લંડમાં 'પેની પોસ્ટ' તરીકે બહાર પડેલી, દુનિયાની પહેલી ટપાલ-ટિકિટ પર આવેલું ચિત્ર છે.

દુનિયાભરના દેશોમાં કોઈ પણ શાળા, કૉલેજ કે હૉસ્ટેલ એવાં નહિ હોય જ્યાં કોઈ ને કોઇ વિદ્યાર્થી ટિકિટ-સંગ્રહનો શૉખ ધરાવતો નહિ હોય; વકીલ કે દાક્તર, વેપારી કે શરાફ, વીમાદલાલ કે સટોડિયા, કારકુન કે કારખાનદાર, સાહિત્યકાર કે પત્રકાર, સરકારી અમલદાર કે નોકર,—ધંધાનોકરીના કોઇ પણ ક્ષેત્રમાં નજર કરતાં ઠેરઠેર ટિકિટ-સંગ્રહના રસિયા મળશે. મોટામોટા વૈજ્ઞાનિકો ને તત્ત્વવેત્તાઓ, તથા રાજપુરુષો ને મહારાજાઓ સુદ્ધાં આ સંસારવ્યાપી શૉખથી મુક્ત નથી. કેટલાક ચોખલિયા જેને પોકળ ધૂન ગણે છે અને બીજા પક્ષે કેટલાક વાંકદેખાઓ જેને માત્ર એક પ્રકારનો વેપાર કે કમાણીનો કીમિયો સમજે છે તેઓ આ "ટિકિટ સંગ્રહના તૂત"ની ઊજળી બાજુ લક્ષમાં લેતા નથી. એટલી વાત ખરી કે, 'મારો સંગ્રહ કેવડો મોટો છે' એવું પોકળ અરમાન ધરાવી ફરનારા ધૂનીઓ તથા કેવળ રૂપિયા-આના-પાઇની ગણત્રીથી જ તેમાં રસ ધરાવી જ્યાંત્યાં સોદા જ કરતા ફરનારાઓ પણ 'ગામમાંના ઉકરડા'ની પેઠે આ શૉખમાં પડ્યા હશે; પણ એને કારણે આ જ્ઞાન, પ્રેરણા ને રસ આપનાર શૉખની ઊજળી બાજુ પર આંખ મીચવી યોગ્ય નથી. અને જ્ઞાનવિકાસના ઉપયોગી તથા રસદાયક સાધન તરીકે તેની ગુણાતિશયતા જ્યાં લગી પહોંચે છે ત્યાં સુધી અમે અમારાં શક્તિ-સાધનની મર્યાદા પ્રમાણે આજ સુધી 'કુમાર'માં તેને જે સ્થાન આપ્યા કર્યું છે, તેમાં આ નવો વિભાગ શરુ કરીને એક પગલું આગળ ભરીએ છીએ. એમાં ટિકિટ-સંગ્રહનો શૉખ કેમ શરુ કરવો તથા કેળવવો તેનું સચિત્ર માર્ગદર્શન સાથેનું જરૂરી નિરૂપણ, તથા વચ્ચેવચ્ચે આ શૉખની બીજી પણ આનુષંગી માહિતીઓ તથા સામગ્રીઓ શક્ય તેટલી નિયમિતતાથી અમે આપવા ઇચ્છીએ છીએ. અમને આશા છે કે અમારા અનેક વાચકોને એ રોચક નીવડશે તથા અનેક નવાઓને આ પ્રેરક ક્ષેત્રમાં એ પ્રવેશ કરાવશે.

ટિકિટ-સંગ્રહના શૉખમાં ટિકિટોનો સંગ્રહ કરવાનો હોય છે એ તો સૌ જાણે છે; પણ 'ટિકિટ' કોને કહેવી ને સંગ્રહ શાનો કરવો તેની સમજ તથા વિવેક ઘણામાં હોતાં નથી. 'ટિકિટ'નું ક્ષેત્ર તો ઘણું વિશાળ છે: રેલવે ટ્રામ તથા બસની, નાટક-સીનેમા ને સરકસની પણ ટિકિટો હોય છે, અને એના પણ સંગ્રાહકો પડ્યા છે.

ટિકિટની વ્યાખ્યા એ, કે કોઇ પણ સેવા, સગવડ કે લાભ આપણને મળવાનાં હોય તેની ફી યા દામ આપણે અગાઉથી ભરી દીધાં છે તે દર્શાવનારી કાગળની છાપેલી કાપલી. એના જે અનેકવિધ પ્રકારો થાય છે તે પૈકી થોડા ઉપર કહ્યા. પણ આ લેખમાળામાં તો આપણે માત્ર ટપાલની જ ટિકિટોની વાત કરવાના છીએ.

ટપાલની ટિકિટોમાં પણ બે મુખ્ય પ્રકાર છે: એક તો ગુંદર લગાડેલી છૂટી છાપેલી કાપલીના રૂપમાં,—જે આપણે કોઈ પણ ચીજ ઉપર લગાડવાની હોય છે; અને બીજી તે પોસ્ટકાર્ડો, કવરો, ઍર-લેટર વગેરે પત્રવ્યવહારની વસ્તુઓ ઉપર સીધી છાપેલી હોય છે તે. આવા જ બે પ્રકાર દાવા-દસ્તાવેજોની ટિકિટો માટે પણ હોય છે. એમાં ચાર આનાથી માંડી સેંકડો રૂપિયા સુધીના દસ્તાવેજી કાગળો, અને નાણાં મળ્યાની પહોંચ પર ચોડાતી એક આનાની રેવન્યુ સ્ટૅમ્પથી માંડીને અનેક રૂપિયા સુધીની સ્ટૅમ્પો આવે છે.

ટિકિટ-સંગ્રહના શૉખની જ્યારે પહેલપહેલી શરૂઆત થઇ ત્યારે તો સંગ્રાહકો રેવન્યુ કે ટપાલ કે દસ્તાવેજી કાગળ, એમાંની જે કાંઈ હાથ આવતી તે સંઘરતા. એમાં કોઈ વિશિષ્ટ વિવેક ન હતો. પણ સમય વીતતાં જેમજેમ ટિકિટોનો વપરાશ મબલખપણે વધતો જ કાગળો ને પછી તેની ટિકિટો કમી થયાં. ને પછી તો ટપાલનાં પોસ્ટ-કાર્ડ અને કવરનો સંઘરો પણ બોજારૂપ થોથારિયાં જેવો લાગવા માંડવાથી તે ય પડતો મુકાયો, અને ટપાલની ટિકિટો જ માત્ર શૉખનો વિષય રહી. આજે જેને અંગ્રેજીમાં ફિલેટલી (Philately) કે 'સ્ટૅમ્પ-કલેક્ટિંગ' કહે છે તેની મર્યાદા એટલી જ ગણાય છે. જોકે દસ્તાવેજી ટિકિટોના પણ અમુકઅમુક ખાસ શૉખીનો હોય છે ખરા; ને કોઇકોઈ ટપાલનાં કવરો પણ સંઘરે છે.

પણ આ શૉખની શરૂઆત કરનારે તો માત્ર ટપાલની ટિકિટોથી જ પ્રારંભ કરવો સારો છે, અને બીજા પ્રકારોના સંગ્રહનું યે સાથેસાથે મન હોય તો તેનું આલ્બમ જુદું રાખવું. અનુભવે તેને જણાશે કે ટપાલની ટિકિટોમાં પણ વિવિધ પ્રકારો છે: રોજિંદા પત્રવ્યવહારની ટિકિટો ઉપરાંત અમુક દેશોમાં તાર માટેના 'ટેલીગ્રાફ સ્ટૅમ્પ' હોય છે; વગર ટિકિટના કે અધૂરી ટિકિટો ચોડાએલા કાગળોનું ખૂટતું પોસ્ટેજ વસુલ કરવા માટે વપરાતી 'પોસ્ટેજ ડ્યૂ'ની ટિકિટો હોય છે; કોઈ પત્ર ચીજ કે દાગીનો ચોક્કસાઇપૂર્વક સલામત પહોંચાડવાની ખાસ વ્યવસ્થા માટેની 'રજિસ્ટ્રેશન સ્ટૅમ્પ' હોય છે; તેમજ અમુક દાગીનો મળ્યાની પહોંચ સ્વીકાર્યા માટેની 'ઍકનૉલેજમેન્ટ ઑવ રિસીટ સ્ટૅમ્પ' પણ હોય છે; એ જ રીતે અતિ મોડા પડેલા કાગળોને છેક ગાડી ઊપડવાના સમયે પણ મોકલી શકવા માટેના 'ટૂ લેઈટ' સ્ટૅમ્પ, તથા કાગળને ટપાલ વહેંચવાના નિયત સમય પહેલાં તાબડતોબ મુદામ માણસ મોકલીને ખાસ વહેલો પહોંચાડવાની વ્યવસ્થા માટેના 'સ્પેશ્યલ ડિલીવરી' કે 'એક્સપ્રેસ

હોય છે તેને માટેની પણ જુદી ટિકિટો હોય છે: જેમકે છાપાંઓ ઉપર ચોડવા માટેના ખાસ 'ન્યુસપેપર સ્ટૅમ્પ', વિમાની (હવાઇ) ટપાલ માટેના 'ઍર સ્ટૅમ્પ', ચીજવસ્તુનાં બંડલો પર ચોડવાના 'પાર્સલ પોસ્ટ સ્ટૅમ્પ', ચાલુ કાગળો સિવાયની લશ્કરી ટપાલ માટેના 'આર્મી પોસ્ટ સ્ટૅમ્પ' વગેરે. આ ઉપરાંત સરકારી ખાતાંઓ કે મ્યુનિસિપાલિટીઓના પત્રવ્યવહાર જુદા તરી આવે તેમ દર્શાવવા માટેના 'સર્વિસ સ્ટૅમ્પ' હોય છે; અને માનવતાના ઉદ્દેશથી ચાલતી પ્રવૃત્તિઓ માટે દાનફંડો ભેગાં કરવા ખાસ વધારે કિંમતના 'ચૅરિટી સ્ટૅમ્પ' કાઢવામાં આવે છે, જેમાંથી પોસ્ટેજની ચાલુ કિંમત સિવાયની બાકીની રકમો એ ફાળામાં જાય છે. કોઈ વિશિષ્ટ ઐતિહાસિક કે સાંસ્કારિક પ્રસંગ યા બનાવના સ્મરણમાં કે કોઇ મહાપુરુષની સ્મૃતિરૂપે યા જયંતી પ્રસંગે કાઢવામાં આવતા 'કોમ્મેમોરેટિવ સ્ટૅમ્પ' (સ્મારક-ટિકિટો) તો વિખ્યાત છે. વળી, ક્વચિત એવું પણ બની આવે છે કે મૂળ રેવન્યુ કે ફિસ્કલ (મહેસુલી તથા દસ્તાવેજી) કામ માટે કાઢેલી ટિકિટોને સંજોગવશાત્ ટપાલની ટિકિટો તરીકે પણ વાપરવાની મંજૂરી આપવામાં આવી હોય છે. આવી ટિકિટો 'પોસ્ટલ ફિસ્કલ' કહેવાય છે.

સામાન્ય રીતે તો આ બધા જ પ્રકારની ટિકિટો 'ટિકિટ-સંગ્રહ'માં ગણાય છે; છતાં ઘણાખરા સંગ્રાહકો માત્ર ચાલુ ટપાલ-ટિકિટો તથા હવાઈ ટપાલની, 'ચૅરિટી'ની ને 'કૉમ્મેમોરેટિવ' ટિકિટો પૂરતું જ પોતાનું ક્ષેત્ર મર્યાદિત રાખે છે. જોકે ઉપર વર્ણવેલી બીજી વિવિધ જાતો પણ રસદાયક તો છે જ, એટલે તેમને માટે ખાસ આલ્બમ રાખી જુદો સંગ્રહ કર્યો હોય તો ખોટું નહિ. વળી ઘણાખરા દેશો એ બધા પ્રકારો માટે ખાસ જુદીજુદી ટિકિટો ન કાઢતાં ચાલુ ટિકિટો જ વપારે છે. એવી ટિકિટ કાઢવાનો હેતુ તો એટલો જ કે એ ટિકિટ ચોડેલો કાગળ અમુક વિશિષ્ટ પ્રકાર કે કામગીરી માટેનો છે એવું તરત પરખાઈ આવે.

આટલી પ્રાથમિક માહિતી મેળવી લીધી એટલે તમે ટિકિટ-સંગ્રહ કરવાનું શરૂ કરી શકો. એને માટે કોઇ ખર્ચાળ સાધનો વસાવવાની ખાસ જરૂર નથી. જે કોઈ કાગળ તમારે હાથ ચડે તેના પર નજર રાખતા રહો, અને તમારે જોઇતી ટિકિટો ઉખેડતા રહો. તમારા ભાઇબંધ-દોસ્તો, સગાં-સ્નેહીઓ, વડિલો વગેરે જેમને આ બાબતમાં રસ હશે તે તો મદદ કરશે જ; પરંતુ જેમને રસ ન હોય તેમને પણ તમે વિનતિ કરો તો તેઓ પણ તમારા માટે ચીંપ રાખીને ટિકિટો ઉખેડી મોકલતા રહે. જોકે આવી રીતે મળતી ટિકિટોનું વૈવિધ્ય બહુ મર્યાદિત હશે; એટલે કિસમકિસમની નાનાવિધ ટિકિટો મેળવવા માટે આ શોખ ધરાવનારાઓને શોધીને તેમની સાથે અદલોબદલો કરી પોતાના સંગ્રહનો વૈવિધ્ય ને વિસ્તાર વધારવાં. અને એથી યે આગળ વધવું હોય-તથા જેમને પોસાતું હોય-તેમણે ટિકિટોના કોઇ સારા વેપારીઓ શોધી કાઢી ગજા પ્રમાણે ખરીદીઓ કરતા જવી. કેટલાક વેપારીઓ 'સેક્શનલ' પૅકેટો કટકે કટકે આપે છે, જેમાં ટિકિટો બેવડાયા વિના જોઇતી ટિકિટો મળી રહે છે.

પણ ટિકિટ-સંગ્રાહકે તેની આ પ્રવૃત્તિ માટે ખાસ ધ્યાનમાં રાખવાનો અગત્યનો મુદ્દો તો એ છે કે તેનું ધ્યેય કેવળ અમુક હજાર



સાથેના લેખમાં વર્ણવેલા વિવિધ પ્રકારની ટિકિટો: મથાળેથી ડાબી બાજુથી: (૧) 'પોસ્ટેજ ડ્યૂ' સ્ટૅમ્પ–માલ્ટા; (૨) 'ઍકનૉલેજમેન્ટ ઑવ રિસીટ' સ્ટૅમ્પ–કોલંબિયા; (૩) 'આર્મી પોસ્ટ'–ઇજિપ્ત; (૪) 'સ્પેશ્યલ ડિલીવરી' સ્ટૅમ્પ સ્પેઇન; (૫) હવાઈ ટિકિટ–ડાન્ઝિગ; (૬) 'ટૂ લેઈટ' અથવા 'લેઈટ ફી' સ્ટૅમ્પ–ઇંગ્લંડ; (૭) 'ઑફિશિયલ' અથવા 'સર્વિસ' સ્ટૅમ્પ–જર્મની; (૮) 'ન્યુસપેપર' સ્ટૅમ્પ–જર્મની; (૯) 'કૉમ્મેમોરેટિવ' સ્ટૅમ્પ–જાપાન; (૧૦) 'ચૅરિટી' સ્ટૅમ્પ–નેધરલૅન્ડ.

પુરુષનું પુનિત સ્મરણ કરાવે છે; કોઈ પ્રાણીઓ ને પશુપંખીની સૃષ્ટિ ખડી કરે છે; કોઈ નકશાને આલેખો તથા શિલ્પસ્થાપત્યની સમૃદ્ધિઓ, તો કોઇ અન્ન-ફળ-વનસ્પતિ રૂપ ધરતીનો પ્રસાદ આપણને મનોગત કરાવે છે. સ્થળ ને કાળના સીમાડા લોપીને તે આપણને સાત સાગરની પારના દેશોમાં અને ગૌરવાન્વિત ભૂતકાળમાં સફર કરાવે છે. સ્વર્ગના કલ્પવૃક્ષ કે કામદુગ્ધા ધેનુ જેવો એ સંગ્રહ આપણને જ્યારે જોઇએ ત્યારે જ્ઞાન, પ્રેરણા ને પ્રસાદનો ત્રિવિધ લાભ સદોદિત આપે છે.

દરેક સંગ્રાહકને મન પોતાના સંગ્રહનું આ પ્રકારનું ગૌરવવંતું મૂલ્ય હોવું જોઇએ,—નહિ કે અમુક હજારની સંખ્યાનો કે અમુક

(**હાથમતી** અનુ૦ પૃ૦ ૨૩૫થી ચાલુ) આ અવશેષો એટલા મોટા પ્રમાણમાં અહીં જળવાઈ રહ્યા છે કે ગુજરાતમાં કોઈક જ સ્થળે આટલા ઐતિહાસિક અવશેષો એકસામટા મળી આવે છે.

ખેડ, ચાંદરણી ને રોડા, ત્રણે પાસેપાસે આવેલાં ગામો છે. સ્કંદ પુરાણમાં ધર્મારણ્ય ક્ષેત્રમાં આવેલાં ગામોમાં ચંદનક્ષેત્ર ગામનો ઉલ્લેખ છે, એ કદાચ આ હોય એ સંભવિત છે. હજી પણ લોકવ્યવહારમાં ખેડ-ચાંદરણી સાથે જ બોલાય છે. ખેડ, ખેડબ્રહ્મા વગેરે શબ્દોથી આ પ્રદેશને ખેટક પંથ સાથે સંબંધ છે એમ પણ સૂચન થાય છે. આજે સૌથી વધુ અવશેષો રોડા નજીક સચવાઈ રહ્યા છે, તથાપિ ખેડ ગામને ગોંદરે, નદીતટ પર ઘણા વેરવિખેર ખંડિત અવશેષો છે. એ પણ રોડાના અવશેષોની દિશામાં સચવાઇ રહ્યા છે, એટલે કદાચ જૂનું ખેડ ગામ આ અવશેષોના ગાળામાં હોય ને નદીના પ્રવાહો પલટાતાં કે પૂરના ઘસારાથી બચવા અર્થે આજે છે એ સ્થળે નવું ખેડ ગામ વસ્યું હોય. સંભવ એવો લાગે છે કે જૂના વાણિજ્યમાર્ગોમાંના એક પર અહીં કોઇ સમૃદ્ધિમાન પુર હશે, જેના કારણે એક જ સ્થળે થોડેથોડે અંતરે મંદિરોનો સમુદાય છે.

સંવત ૧૧૦૪ના શિલાલેખવાળી એક ખંડિત મૂર્તિ ખેડ ગામમાં છે. જેથી આ સ્થાપત્ય-સમુદાયનો કાલનિર્ણય થવામાં સરળતા રહે છે. વિક્રમ સંવત ૧૦૮૦માં ભીમદેવ પહેલાના વખતમાં મહંમદ ગઝનવીની સોમનાથ પર ચઢાઈ થઇ. આક્રમણકાર પાછો ફર્યા બાદ ભીમદેવે સોમનાથનું મંદિર પથ્થરનું ચણાવ્યું એવા ઐતિહાસિક ઉલ્લેખો છે. લાકડાનાં મંદિરોને સ્થાને પથ્થરનાં મંદિરો ચણાવા લાગ્યાં હશે ત્યારે એના શિલ્પ-સ્થાપત્યનું આકર્ષણ એટલું મોટું નીવડ્યું હશે કે સર્વત્ર આ જાતનાં મંદિરો બાંધવાનો પવન વાયો હોય તો નવાઇ નહિ. મહંમદ જેવા અકલ્પ્ય બળવાળા નિષ્ઠુર આક્રમણકાર સામે કળેબળે ટકી રહ્યા પછી લોકસ્ફૂર્તિ નવે જોમે કળાના માર્ગે વળી હોય. એના પુરાવા તરીકે મોઢેરાનું સૂર્યમંદિર તેમજ વિમળવસતિ નામનું આદિનાથનું મંદિર ગણાવી શકાય. મોઢેરાનું સૂર્યમંદિર વિ૦ સંવત ૧૦૮૩માં બંધાયું અને વિમળવસતિ વિ૦ સં૦ ૧૦૮૮માં. આ બંને મંદિરોની કારીગરી ઉત્કૃષ્ટ છે ને શિલ્પકારોનો એક આખો વર્ગ જ એ જમાનામાં હતો એમ માનવાને કારણ મળે છે. ભવનાથના શિલાલેખમાં આ હકીકતનો ઐતિહાસિક પુરાવો હસ્તીણું સ્વરૂપે છે. એ પચ્ચીસીના ગાળામાં જ ખેડનાં આ મંદિરો બંધાયાં હોય એ સર્વથા ઉપબંધ છે, કારણ કે મોઢેરાને મળતો અહીં કુંડ છે ને મંદિરમાં કોતરેલી કમાનો તથા સ્તંભોનું સામ્ય સિદ્ધપુરના રુદ્રમાળ તથા વિમલવસતિ સાથે સમીપનું લાગે છે. લાકડાની કોતરણી જેવું ઝીણવટભરેલું કામ આ સ્તંભો અને કમાનોમાં છે.

અહીં શિવ, શક્તિ, વિષ્ણુ ને સૂર્યનાં મંદિરો છે. પ્રાંતભાગમાં ચોમેર દેવદેવીઓની મૂર્તિઓથી ભરેલા ગોખવાળો એક વિશાળ લંબચોરસ કુંડ પણ છે. આ ઉપરાંત એક વધુ મંદિરના પાયા પણ દેખાય છે. શિલ્પશૈલી આકર્ષક છે અને એના સ્તંભો, દ્વાર, છત તથા દીવાલો ઉપર સુંદર અંગમરોડવાળી અનેક નાનીમોટી મૂર્તિઓ છે.

કુંડની લંબાઇ-પહોળાઇ ૮૦×૬૦ ફૂટ છે. એનો એક ભાગ ખંડિત છે, પરંતુ બીજો ભાગ હજી ઠીક જળવાઈ રહ્યો છે. ચારે ખૂણામાં નાનાં મંદિરો ને કેટલીક માતૃકાઓની મૂર્તિઓ છે. કુંડનાં પગથિયાં સામસામી હારોમાં ચોકડી ઘાટે મનોહરરીતે ગોઠવેલાં છે.

આ મંદિરોમાં સિંહવાહિની ભવાની માતા, મયૂરવાહિની કાર્તિકેયની મૂર્તિ, વરાહ, હાથી ઉપર આક્રમણ કરતો સિંહ ઇત્યાદિ મૂર્તિઓ ખાસ જોવા જેવી છે. પ્રત્યેક મંદિરનાં બારસાખ, સ્તંભો તથા સ્તંભોની કુંભીઓ, ગોખલાઓ, ખૂણાઓ વગેરે અંગભગની કેટલીયે મૂર્તિઓથી ભરચક છે. રતિક્રીડાની સમ-વિષમ અવસ્થાઓ દર્શાવતી ભોગાસનની મૂર્તિઓ પણ અહીં અનેક છે. જોકે આ મૂર્તિઓ લગભગ નિયમ તરીકે નાના કદની હોય છે અને ઘણુંખરું મધ્યભાગના કંદોરાઓમાં હોય છે. ક્વચિત ખૂણાઓમાં અપવાદ તરીકે મોટા કદની મૂર્તિ પણ મળી આવે છે.

મંદિરોનો આ વિશાળ સમુદાય કાળના ઘસારાથી અને હાથમતિનાં હજારેક વર્ષોનાં પૂરોથી બચી જવા પામ્યો છે તે, તથા ખેડ ગામમાં ખંડિત મૂર્તિઓ છે ને ગામને ગોંદરે સં૦ ૧૪૭૪ના શિલાલેખવાળી એક વાવ છે એ, સર્વ હકીકતો એકસાથે લેતાં કોઇ સમૃદ્ધ પુરનો વસવાટ અહીં સૂચિત થાય છે. મંદિરો નદીકિનારે એવી રીતે આવેલાં છે કે હાથમતીમાં ઘોડાપૂર આવે ત્યારે એ સર્વ ડૂબી જાય એ રીતે ઉપર પાણી ફરી વળે છે, ઇત્યાદિ વિચાર કરતાં તો આજે પણ જેના વિપુલ અવશેષો મળે છે એ સ્થળનો મૂળ વસવાટ કેટલો તો મોટો હોવો જોઇએ એની જ કલ્પના કરવાની રહે છે. હ્યુઆનસ્વાંગ નોંધ કરે છે કે 'આ તરફના પ્રદેશના વડાલી ગામમાં એક હજાર મંદિરો હતાં.' એટલે આ દેશવિભાગમાં મંદિરોની વિપુલતા એ સામાન્ય સ્થિતિ હોવાનો સંભવ છે. વળી ચીની મુસાફરે તો સૌથી વધારે મંદિરોનું પ્રમાણ વડાલીમાં દર્શાવ્યું છે. એ જોતાં અહીં પણ ઘણાં મંદિરો અને વિશાળ વસવાટવાળું સમૃદ્ધ નગર હોવું જોઇએ એ માન્યતા અનિવાર્ય બને છે. વલભીનાં દાનપત્રોમાં ખેટક અને ખેટકાહારના ઉલ્લેખો વારંવાર આવે છે એ જ આ ખેડ છે એવો અનેક ઐતિહાસિક પ્રમાણોથી બંધાએલો મારો અધીન મત છે.[૧૧] લાંબા સમયની વિચારણા બાદ આ પ્રકારના નિર્ણય પર આવવાનું મારે માટે અનિવાર્ય બન્યું છે. આ ખેડ માત્ર નગર જ હતું એટલું જ નહિ, પરંતુ પ્રાચીન ખેટકાહાર વિષયનું કેન્દ્રસ્થળ હતું અને સાબરમતીથી મહી સુધીના પ્રદેશનું રાજતંત્ર અહીંથી જ ચલાવવામાં આવતું હતું. આ ખેટક જિલ્લો સાત પથક ઉર્ફે તાલુકાઓમાં વહેંચાએલો હતો. અને આ સર્વ પથકોનું મુખ્ય કેન્દ્ર નદીતટે, તેમજ પ્રત્યેક પથકનો વિસ્તાર બે નદીઓના અંતરાળ-પ્રદેશમાં હતો.

રોડાનાં મંદિરોની વિદાય લેતાં કુંડ ઉપરનાં શીમળાનાં વિશાળ વૃક્ષોને પણ પળવાર યાદ કરી લઈએ. બરાબર કુંડ ઉપર પડછાયો ઢળે એ રીતે શીમળાનાં બે ખખડધજ ઝાડ વનપ્રદેશના દ્વારપાલ જેવાં અહીં ઊભાં છે. દૂરદૂર સુધીનું પ્રકૃતિસૌન્દર્ય જોવાને માટે મથતાં હોય એમ એ આકાશ ભણી ઊંચે વધી ગયાં છે અને છેક જાંબુડી ગામના પાદરથી નરતી શકાય એ રીતે પોતાની અનોખી છટાથી સર્વમાં ભાત પાડતાં ગર્વભેર ઊભાં છે. મહાકવિ બાણે કાંદંબરીમાં શાલ્મરી વૃક્ષનું જે છટાદાર વર્ણન કર્યું છે તે આને જોયા પછી જ કર્યું હશે એમ ક્ષણભર માનવાનું મન થઈ જાય એવો એમનો દબદબો છે અને આ સ્થળનું પ્રાચીન ગૌરવ પુકારવાને માટે આકાશને છાપરે

કરવો જોઇએ કે ઇડર સંસ્થાનના મહારાજાશ્રીના લઘુબંધુ મહારાજ શ્રી માનસિંહજીએ કેટલાક શિલાલેખો એ સ્થાનમાંથી મેળવીને

(ભેદી લૂંટ અનુ૦ પૃ૦ ૨૩૨થી ચાલુ) છગછગાટ સંભળાતો હતોઃ ફટ્ છગ! ફટ્ છગ! ફટ્ છગ!

'પણે કંઇક હોડી જેવું દેખાય છે. જોઇએ, શું છે.' દૂરબીન હાથમાં લેતાં વિશ્વેશબાબુએ કહ્યું.

'એમાં બે છોકરા લાગે છે. એ લોકો આ બાજુ જ આવતા જણાય છે.' પોતાના દૂરબીનમાંથી જોતા ડૉક્ટર બોલી ઊઠ્યા.

'અરે, આ શું? એમાંથી એક તો સાવ ઢળી પડ્યો છે. અને બીજો પણ માંડમાંડ હાથ હલાવી શકે છે! બીચારાથી પૂરું હલેસું યે મારી શકાતું નથી. ચાલો ચાલો, જલદી એ બાજુ લૉંચ વાળો.'

જેવી લૉંચ હોડી તરફ ફરી કે તરત હોડીમાંથી મોટો છોકરો ઊભો થઇ હાથમાંનો રૂમાલ હલાવવા લાગ્યો. હોડીની લગોલગ પહોંચતાં વિશ્વેસબાબુએ બૂમ મારીઃ 'કેમ જવાન શું છે?'

'મદદ! મદદ! બચાવો...' એટલું કહેતાંતો તે હોડીમાં ઢળી પડ્યો.

તુરત જ વિશ્વેશબાબુ તેની હોડીમાં કૂદી ગયા. બન્ને છોકરાઓ બેભાન જેવા પડ્યા હતા. તેમનાં શરીરને સ્પર્શ કરતાં જ વિશ્વેશે જોયું કે તે આકરા તાવથી હોય તેમ ધીકી રહ્યાં હતાં.

સરકી જતી હોડીને લૉંચ સાથે બાંધી લઇ, બન્ને છોકરાઓને એક પછી એક ખભે નાખી તેણે લૉંચમાં ખસેડ્યા. ડૉક્ટરે બન્નેને તપાસી કહ્યું: 'વિશ્વેશ બાબુ, એ જ લાગે છે. પેલી હૉસ્ટેલના દરદીઓના ને આમના તાવનાં ચિહ્નો એક જ છે. માત્ર આ કેઇસ વધુ ક્રૉનિક જેવો લાગે એટલું જ. એકાદ કલાક આમ વધુ રહ્યા હોત તો બંન્નેનાં હાર્ટ ફેઇલ થઇ જાત. હવે તો લૉંચ ઘર તરફ જ પાછી લઈ લો તો આમને ટ્રીટમેન્ટ આપી શકાય.' આટલું કહી બન્નેનાં મોંમાં તેમણે બ્રાન્ડીનાં થોડાંક ટીપાં રેડ્યાં.

આમ, આગળ જવાને બદલે લૉંચ હોડીને લઇને પાછી ફરી. હોડી નાની સહેલગાહની હોવા છતાં મજબૂત ને કિંમતી લાગતી હતી ને બન્ને છોકરાઓ પણ કોઇ સુખી કુટુંબના નબીરા જણાતા હતા.

[૪]

'કેમ જુવાનો, આજે હવે કેમ જણાય છે?' બીજે દિવસે રૂમમાં દાખલ થતાં જ વિશ્વેશબાબુએ બંનેની તબિયતના સમાચાર પૂછ્યા.

'આજે તો ઠીક છે, વિશ્વેશ બાબુ. નાના ભાઇની તબિયત પણ સારી છે. સારું થયું કે તમે વખતસર આવી પહોંચ્યા. તમારો ઉપકાર કદી નહિ ભૂલીએ.' મોટો નરેન્દ્ર આભાર માનતો બોલ્યો.

'આભાર તો ઈશ્વરનો માનો. પણ વારુ, હવે તમારી ઓળખાણ આપશો? તમે એ બાજુ ક્યાંથી જઈ ચડેલા?'

'વિશ્વેશ બાબુ, અમે કેવળ સહેલ કરવા નહોતા નીકળ્યા. અમારા રહેઠાણની પડોશમાં રહેતા ખારવાઓ પાસેથી અમે સાંભળતાં કે આ તરફ થોડે દૂર દરિયામાં એક ટાપુ છે, જેમાં હમણાં હમણાં ભૂતાવળ થાય છે ને ત્યાં કોઈ જઈ શકતું નથી. જે જાય છે તેને એ ભૂતાવળ ભરખી જાય છે. વળી અમને ખગોળનો શોખ છે, એટલે ઘણુંખરું મોડી રાત સુધી અમારું નાનું દૂરબીન માંડીને આકાશને નિરખતા હોઇએ છીએ. હમણાં હમણાં અમે દરરોજ એક મોનો પ્લેન રાત્રિના બરાબર બે ને વીસ મિનિટે એ જ ટાપુની દિશામાં જતું જોતા ને પંદરેક મિનિટમાં તે પાછું ફરતું. એ પરથી અમને શંકા ગએલી એ વિમાન પેલા ટાપુ પર જ જતું હોવું જોઇએ. એ સિવાય પંદર મિનિટમાં વિમાન ઊતરીને પાછું ફરે એવું નજીકમાં કોઈ સ્થળ જ નથી. ભૂતાવળની વાતોમાં અમને શ્રદ્ધા જ ન હતી અને તેની ઉપેક્ષા જ કરી હતી. પરંતુ આ વિમાનની આવનથી [illegible] ને મારો ભાઇ સુરેન્દ્ર અમારી હોડી લઈ ઊપડી ગયા.

જ્યારે અમે એ ટાપુથી આશરે બેએક માઈલ દૂર રહ્યા હોઈશું ત્યારે અમને બંનેને એકીસાથે સુસ્તી જણાવા માંડી. તેને ગણકાર્યા વગર અમે આગળ જ ધપવા લાગ્યા. પરંતુ જેમજેમ અમે ટાપુની નજદીક જતા ગયા તેમતેમ અમારી સુસ્તી વધવા માંડી, ને છેવટે એકાદ માઇલ દૂર રહ્યા હોઇશું ત્યારે તો અમારાં શરીર તાવથી ધીકી ઊઠયાં અને બદનમાં અશક્તિ એટલી વધી ગઈ કે ટકી પણ ન શકાય. પાછા ફર્યા વગર હવે છૂટકો જ ન હતો તેથી અમે બન્ને ભાઈ એકીસાથે હલેસાં ચલાવવા માંડયા. પણ સુરેન્દ્ર થાકથી બેભાન થઇ ગયો અને હું પણ ઢળી પડવાની અણી પર હતો. બરોબર એ અણીની પળે જ તમારી લૉંચ આવી પહોંચી.'

'ત્યારે હવે ભૂતાવળની વાત સાચી એટલું કબૂલ કરવા પૂરતો અનુભવ તો તમને મળી ચૂક્યો, ખરું?' ડૉક્ટર જે અત્યાર સુધી શાંતિથી સાંભળતા હતા તે હસીને બોલ્યા.

'ના ડૉક્ટર સાહેબ, એને બદલે તો અમારી શંકા દૃઢ થઈ છે. ભલે અમે ટાપુ સુધી પહોંચીને ખાતરી ન કરી શક્યા, પરંતુ અમારી સફર છેક અફળ નથી ગઈ. જેવા અમે પાછા ફરતા હતા એવામાં એમની એક તરતી શીશી મળી આવી છે. અમારી ઝોળીમાં જ એ છે.'

'એમ?' ડૉક્ટર આશ્ચર્યથી બોલી ઊઠ્યા: 'હું એ લઇ આવું.'

'પણ વિશ્વેશબાબુ તમે એ અજાણી બાજુ એક્યાંથી આવી ચડ્યા?'

'એની કથા તો લાંબી છે; પણ તમારે સાંભળવા જેવી છે. તમારી આ શીશી કદાચ એમાં ઉપયોગી અંકોડો બનશે.' કહીને વિશ્વેશ બાબુએ ટૂંકામાં તેમને આખી હકીકત કહી. એટલામાં ડૉક્ટર પેલી શીશી લઈ આવ્યા. શીશી બ્રૅન્ડીની મોટી શીશી જેવી હતી અને તેના મોઢા પર સીલ કરેલું હતું. ડૉક્ટરે સીલ તોડયું તો અંદરથી એક ચિઠ્ઠી નીકળી એ નીચે મુજબ હતી: >-235 M M <

ચારે જણ એ તરફ જોઈ જ રહ્યા.

[૫]

અઠવાડિયું વીતી ગયું હતું. બંને ભાઇઓની તબિયત હવે સારી થઇ ગઈ હતી. આઠ દિવસની ગેરહાજરી પછી આજ વિશ્વેશબાબુ ફરી દવાખાને દેખાયા.

'તમે તે કયાં હતા આટલા દિવસ?' ડૉક્ટરે અધીરા થઈ પૂછ્યું.

'આખું અઠવાડિયું હું જરા યે નવરો નથી બેઠો. પેલી ચિઠ્ઠીનો અર્થ ઉકેલવામાં તથા તેનો તાળો મેળવવા ગાળ્યું છે ને ઈશ્વર કૃપાએ એ ભેદ ઊકલ્યો પણ છે. એ રેડિયો ઇલેક્ટ્રીક વેઇવ્ઝનું મીટર આપેલું છે અને કાલે જ મેં એ મીટર પર એક સંદેશો પણ સાંભળ્યો છે. જે આ મુજબ છે.'

આટલું કહી વિશ્વેસબાબુએ એ સંદેશો ઉતારેલો કાગળ ડૉક્ટરના હાથમાં મૂક્યો. સંદેશો નીચે મુજબ હતો: ૨૦·૪° અક્ષાંશ અને ૬૯°-૪૧° રેખાંશ પર આવેલા, ઇલેક્ટ્રીક વેઈવ્ઝથી સુરક્ષિત ટાપુ પર ત્રણ વૈજ્ઞાનિકો તમારી મદદ માગે છે. આવનારે પગથી માથા સુધીનો રબ્બરનો પોષાક સાથે લાવવો. ઇલેક્ટ્રિક વેઈવ્ઝ રાત્રે અઢીથી સાડા ત્રણ વાગ્યા સુધી બંધ રહે છે. તે સમયના ગાળામાં પહોંચી જવું.' ડૉક્ટર પ્રશ્નાર્થ મુદ્રાથી વિશ્વેશ બાબુ સામે જોઇ રહ્યા.

'આપણે તે દિવસે જ્યાં જઈ રહ્યા હતા અને આ જુવાનિયાઓ જ્યાં ગયા હતા તે જ આ ટાપુ. આપણે ત્યાં જવું જ જોઈએ.'

'વિશ્વેશ બાબુ અમે પણ આવના [illegible]

સંદેશાનો સમય બરાબર V_2ના સમય સાથે મળતો આવે છે, એટલે V_2ની પાછળપાછળ જ આપણે ચાલ્યા જઈશું. તમે, ડૉકટર, રબરના પોષાક આપણા બધા માટે મેળવી રાખો.' કહી વિશ્વેશબાબુ ગયા.

[૬]

તે દિવસે રાત્રે જ તેઓ V_2ની પાછળ ઊડી ચૂકયા હતા. વિશ્વેશ બાબુ પાઇલૉટિંગ કરતા હતા.

'નરેન્દ્ર, તમે બંને ભાઇઓ દૂરબીનથી જુઓ કે આપણે કયાં સહેલાઇથી ઊતરી શકીએ તેમ છીએ. વળી વૈજ્ઞાનિકોને કયાં કેદ કરવામાં આવ્યા છે તે પણ શોધી કાઢવાનું છે. અને ડૉકટર બાબુ, તમે પણ સાંભળો. રેડિયા-સંદેશ મુજબ ઇલેકટ્રિક વેઈવ્ઝ ૧ કલાક બંધ રહે છે. V_2ને ત્યાં પહોંચતાં ૨૫ મિનિટ લાગે છે. એટલે આપણે ત્યાં પહોંચીશું ત્યારે લગભગ ત્રીસેક મિનિટ બાકી રહેશે. એટલા વખતમાં આપણે ઇલેકટ્રિક વેઈવ્ઝનો પ્રદેશ ઢૂંઢી વળવાનો છે. પ્રદેશ કેટલા વિસ્તારમાં છે તે આપણે જાણતા નથી. પરંતુ વૈજ્ઞાનિકોના રહેઠાણે જો પહોંચી જઇએ તો જરૂર સુરક્ષિત રહેવાના. માટે આપણું ઊતરવાનું સ્થળ ત્યાંથી કેટલું દૂર છે તે જાણવું ખાસ જરૂરી છે.'

'અમે બન્ને ભાઇઓ એની બરાબર ખાત્રી કરીશું. અને પેલું V_2 ઊતરવા માંડે ત્યારે તમે આપણા વિમાનને ઊંચું લેજો, નહિતર V_2ની રાહ જોઇને બેઠેલા આપણને જોઇ જશે.' સુરેન્દ્રે કહ્યું.

'બરાબર છે.' વિશ્વેશબાબુએ કહ્યું. થોડી મિનિટ પછી સુરેન્દ્ર બોલી ઊઠયો: 'વિશ્વેશબાબુ, પણે એક મકાન દેખાય છે. લાગે છે કે ત્યાં જ વૈજ્ઞાનિકોને રાખવામાં આવ્યા હશે. તેનાથી ઉત્તરે દોઢેક માઇલ પર એક મેદાન આવેલું છે. ત્યાં ઊતરાણ કરવું ફાવશે.'

[૭]

V_2 ઊતરી ચૂકયું હતું. વિમાન પણ હળવેથી નીચે ઊતરવા લાગ્યું અને એક આંચકા સાથે જમીન પર સ્થિર થઇને ઊભું રહ્યું

'અહીંથી આપણે હવે દોઢેક માઇલ દક્ષિણે જવાનું છે.' સુરેન્દ્રે ફરીથી યાદ આપી.

અંધારામાં ચારે જણ આગળ ચાલ્યા. થોડે દૂર ગયા હશે ત્યાં તો સામેથી ટૉર્ચ લાઈટનો તીક્ષ્ણ શેરડો તેમના પર પડયો.

'સાવધાન!' હળવેથી વિશ્વેશબાબુએ સૂચના કરી.

ટૉર્ચનો પ્રકાશ બુઝાઈ ગયો અને ફરી પાછો આવ્યો. પછી તો ફ્લૅશ લાઇટના ઝબકારા મારફત મોર્સ કોડથી સંદેશો આવ્યો: 'મિત્ર, ગભરાશો નહિ. પાછળ પાછળ ચાલ્યા આવો.'

આગલો માનવી તેમને દોરતોદોરતો એક કેડી પર આવ્યો. પગદંડી જોઇને ચારેને કંઈક વિશ્વાસ બેઠો. આગળનો ભોમિયો નજદીક આવ્યો અને શુદ્ધ અંગ્રેજી ઉચ્ચારે જણાવ્યું:

'ત્રણ ગુલામ વૈજ્ઞાનિકો તેઓમાંના એક રૉબર્ટ દ્વારા આપનું સ્વાગત કરે છે. અહીં આપ સુરક્ષિત છો. થોડી વાર અહીં થોભજો. હું આપને માટે છુપાવાની સગવડ કરી પાછો આવું છું. દરમ્યાન આપ સૌ રબરનો પોષાક પહેરી તૈયાર રહેજો.' કહી તે ચાલ્યો ગયો.

'વિશ્વેશ બાબુ, આપણે ગમે તેટલી સાવચેતી રાખી છતાં આપણા આગમનની ખબર પડી ગઇ. એટલા નશીબદાર કે મિત્ર નીકળ્યો.' નરેન્દ્રે કહ્યું.

'પણ એ મિત્ર જ છે તેની યે હજી ખાતરી શી?' ડૉકટર બોલ્યા.

'એમાં શંકા રાખવા જેવું નથી, ડૉકટર. એ લોકો મદદ માટે સતત સંદેશામાં જ જણાવેલું, એટલે તેનો નિર્દેશ કરનાર એ ત્રણ વૈજ્ઞાનિકોમાંનો જ હોય.' નરેન્દ્રે પોતાનો મત દર્શાવ્યો અને રબરનો પોષાક પહેરવા માંડયો.

એવામાં એકાએક ડૉકટર પડી ગયા. 'ઈલેકટ્રિક શૉક–Shock!' તેમણે બૂમ પાડી. એક ફ્લૅશ લાઈટ થોડે દૂર ઝબકીને તરત બંધ થઈગઇ.

વિશ્વેશબાબુએ તરત રીવૉલ્વર કાઢી એ દિશા પર નિશાન લીધું પરંતુ ઘોડો દાબે તે પહેલાં તો એક આછા ચિત્કાર સાથે તે પણ ઢળી પડયા. સુરેન્દ્ર એમની રીવૉલ્વર લેવા નીચે નમ્યો, ત્યાં તો નરેન્દ્ર પોકારી ઊઠયો: 'સુરૂ, એને ન અડતો! એ લોખંડની છે તેથી તું યે શૉકથી બેભાન બની જઇશ. તેં હજી રબર પૂરું પહેર્યું નથી તે પહેરી લે.' તેણે પૂરો પોષાક પહેરી લીધો હતો એટલે ઝડપથી તેણે રીવૉલ્વર લઇને જે દિશા તરફથી પ્રકાશ આવ્યો હતો તે તરફ બાર કર્યો.

પેલી વ્યક્તિ આગળ આવી. નરેન્દ્રે બીજો બાર કર્યો. જવાબમાં તેના જમણા હાથને સખત આંચકો લાગ્યો અને રીવૉલ્વર પડી ગઈ. રબરથી સુરક્ષિત હોવાને કારણે જ વિદ્યુતનો ઝટકો તેને અસર ન કરી શકયો. તેણે પાછું વાળીને જોયું. ડૉકટર અને વિશ્વેશબાબુ બેભાન બનીને પડયા હતા અને સુરેન્દ્ર ત્યાંથી ગેબ થઈ ગયો હતો!

[૮]

ચોતરફ અંધકાર ઘેરી વળ્યો હતો. ક્ષણભર તે ગભરાઈ ઊઠયો. પરંતુ આ કટોકટીની ઘડીએ ગભરાવું પાલવે તેમ ન હતું. તેણે રીવૉલ્વર ફરી ઉઠાવી અને આગંતુકની દિશામાં નેમ લેવા જાય છે ત્યાં સુરેન્દ્રનો અવાજ આવ્યો: 'નરેન્દ્રભાઇ જલદી કરો; મેં આને પાછળથી પકડયો છે. તમે ઝટ અહિં આવો.'

નરેન્દ્ર ત્યાં દોડી ગયો. સુરેન્દ્ર કોઈ અજાણી વ્યક્તિ સાથે બાથોડિયાં ભરી રહ્યો હતો. તે હજી માંદગીમાંથી હમણાં જ ઊઠયો હતો, જ્યારે પેલો તંદુરસ્ત અને તેનાથી મોટો હતો. તેણે સુરેન્દ્રને નીચે પછાડયો હતો, પરંતુ સુરેન્દ્રે તેની પકડ છોડી ન હતી તેથી તે પણ સાથે પડયો. એટલી વારમાં તો નરેન્દ્ર ત્યાં પહોંચી ગયો અને પેલાના નાક પર જોરથી એક મુક્કો ઝીકી દીધો. પરંતુ તે કાંઈ એમ ગાંજ્યો જાય તેમ ન હતો. સુરેન્દ્રની પકડ છોડાવી દઇને તરત ઉભો થઇ તે નરેન્દ્રને બાઝી પડયો. નરેન્દ્રે રીવૉલ્વર મૂકી દીધી અને બન્ને બાથંબાથ આવી ગયા.

તરત સુરેન્દ્રે ઊભા થઇને રીવૉલ્વર ઉઠાવી લીધી અને તેના કુંદા વડે પાછળથી દુશ્મનના માથા પર એવો તો ફટકો લગાવ્યો કે તે તમ્મર ખાઈ ઢળી પડયો.

'સુરૂ, ડૉકટર સાહેબના ગજવામાં સ્મેલિંગ સૉલ્ટ છે તે પહેલાં વિશ્વેશબાબુને સુંઘાડ. તે જાગ્રત થાય તો પછી આની વ્યવસ્થા કરી શકાય. ત્યાં સુધી હું આનું ધ્યાન રાખું છું.'

સુરેન્દ્ર તરત ત્યાં દોડયો. ત્યારે ડૉકટર કંઇક ભાનમાં આવ્યા હતા. તેમણે ને નરેન્દ્રે વિશ્વેશબાબુને જાગ્રત કર્યા. તેમના હાથમાં રીવૉલ્વર હોવાથી તેમને ઝટકો વધુ પ્રમાણમાં લાગ્યો હતો.

'વિશ્વેશબાબુ, એક દુશ્મન પકડાયો છે. ઝટ ચાલો, ત્યાં નરેન્દ્ર ભાઈ એકલા છે.'

ત્રણે જણે નરેન્દ્ર પાસે પહોંચી જઇને પેલી વ્યક્તિને બાંધી લીધી.

એટલામાં તો ફરી ટૉર્ચનો પ્રકાશ દેખાયો. અને તેના ઝબકારા દ્વારા મોર્સ કોડથી સંદેશો પણ આવ્યો:

ડચો: 'God bless you! આ અહીં ક્યાંથી?'

'એની મને પૂરી ખબર નથી. આ જુવાનો કંઈક જાણે છે. હું અને ડૉક્ટર તો ઇલેક્ટ્રિક શૉકથી બેભાન થઇ ગયા હતા.'

'O my God! આ તે જ માણસ છે કે જેની સામે અમે મદદ માગી હતી.' રૉબર્ટે ટૂંકમાં ઓળખાણ આપી.

'હેં?!' સુરેન્દ્ર અને નરેન્દ્ર બન્ને ચમકી ઉઠ્યા.

'હા. જે થયું છે તે ઠીક જ થયું છે. ઈશ્વરની એટલી દયા. હવે શું બન્યું તે કહો.'

નરેન્દ્રે બધી વાત કરી. દરમ્યાન સૌએ મળી પેલી વ્યક્તિને મુસ્કેટાટ બાંધી અને તેની ટોર્ચ રૉબર્ટે તેની પાસેથી લઇ લીધી.

'આ જ ભયંકર શસ્ત્ર છે. માઈલો સુધી આનો વિદ્યુત-ઝટકો પહોંચે છે. તમે રબરના પોષાકને લીધે જ બચી ગયા!' રૉબર્ટે સમજ પાડી.

'હવે ચાલો, મારા બન્ને મિત્રો તમારી રાહ જુએ છે. અને હવે તો આપણું કામ તદ્દન સરલ બની ગયું છે. એ બદલ આ બન્ને ભાઇઓને ખૂબખૂબ અભિનંદન.'

[૯]

"અમારી મદદે આવનાર મહાનુભાવોનો પરિચય અમે પામી શકીએ ખરા?' સવારે ચા-નાસ્તો લેતા બધા બેઠા હતા ત્યારે રૉબર્ટે પરિચય માગ્યો.

'મારું નામ વિશ્વેશ. હું સત્યાન્વેષી (ડિટેક્ટિવ) છું. આ મારા મિત્ર ડૉક્ટર વ્રજબાબુ. તેમણે મને ઘણી સહાય કરી છે. અને આ બન્ને યુવાનો નરેન્દ્ર ને સુરેન્દ્ર. તેમના જ સાહસથી તમારો સંદેશો અમારે હાથ ચડચો હતો અને તેમનાં જ પરાક્રમથી આપણે દુશ્મનને મ્હાત કરી શક્યા છીએ. હવે તમારી હકીકત જણાવશો?'

'શા માટે નહિ?' રૉબર્ટે કહ્યું: 'મેં મારું નામ તો ક્યારનું યે તમને જણાવી દીધું છે. હું ઇંગ્લંડનો વતની છું. આ મારા મિત્ર પીટર રિવસ છે અને આ નારાયણ ગુપ્ત હિંદી છે. અમે ત્રણે ઇંગ્લંડમાં સાથે અભ્યાસ કરતા હતા ને સાથે એક જ રૂમમાં રહેતા. એક રાત્રે સૂતા પછી જ્યારે પરોઢિયે અમે જાગ્યા ત્યારે અમે બંદીવાન બની ગયા હતા. પછી અમને V2મારફત અહીં લાવવામાં આવ્યા અને દરેકને જુદુંજુદું કામ સોંપવામાં આવ્યું. મારું કામ આ ટાપુનું રક્ષણ કરનાર ઇલેક્ટ્રિક મશીન ચલાવવાનું હતું. નારાયણ ગુપ્ત અહીં રહે પેલા V2 ને ચલાવતા અને પીટરનું કામ પેલી હૉસ્ટેલમાં તાવ ફેલાવવાનું હતું. એ શોધ એમને ફરજિયાત કરવી પડી છે.'

'અમને એ જ વાત હજી સમજાઈ નથી. એ તાવ શી રીતે આવતો અને ઝવેરાતની ચોરી કેવી રીતે થતી?' ડૉક્ટરે પૂછ્યું.

'તમે તો ડૉક્ટર સાહેબ તરત જ સમજી શકશો. દરેક પ્રાણીના શારિરિક હલનચલનનું કેન્દ્ર મગજ પાછળ કરોડરજ્જુનું સંધાન થાય છે ત્યાં છે. ત્યાંથી જ્ઞાનતંતુઓ મારફત આખા શરીરમાં વિદ્યુતપ્રવાહ ફરી વળે છે અને દરેક સ્નાયુ એ વીજળિક સંદેશા મુજબ વર્તે છે. એ શારીરીક વિદ્યુત પર ભૌતિક વિદ્યુતની અસર પાડી શકાય એવું યંત્ર ભાઇ પીટરને અહીં આવ્યા પછી શોધવું પડેલું. એ યંત્રથી પેલી હૉસ્ટેલમાં રહેનાર દરેક માણસના કરોડરજ્જુના કેન્દ્ર પર અવળી અસર થતી અને પરિણામે એ માણસોનાં લોહીમાં ફરતા રક્તકણો અચેતન બની જતા. પરિણામે તેમને મૅલેરિયા જેવો જ તાવ આવતો. વળી પાંચમા માળના ઉતારૂઓને લોખંડના પલંગ મળતા. તે પલંગમાં ઇલેક્ટ્રોડ્ઝ ગોઠવવામાં આવેલા છે, તેથી તે પલંગ પર સૂનાર સ્વપ્નમાં જ ચાલવા માંડતો અને તિજોરીમાં મૂકેલા ઝવેરાતને પોતે જ કાઢી ઓરડીનું બારણું ઉઘાડી V2માં મૂકી આવતો, અને પાછો આવી ઓરડીનાં બારણાં બંધ કરી કળ વાસી દેતો ને પાછી તિજોરી વાસી દઇને સૂઈ જતો. આ બધું તે ઊંઘમાં જ કરતો. સવારે ઊઠતી વેળા તેને કંઇ જ યાદ ન રહેતું.

એ તાવ ફેલાવનાર યંત્રની ઢબનું જ બીજું યંત્ર આ ટાપુનું રક્ષણ કરતું. એ યંત્રની અસરમાં સુરેન્દ્ર-નરેન્દ્ર આવી ગએલા. તેઓ પાછા ફર્યા તે સારું કર્યું. ટાપુની વધુ નજદીક જો તેઓ આવ્યા હોત તો તેમનું મરણ નિશ્ચિત હતું. અમને કેદ કરનારનો ઉદ્દેશ લૂંટનો જ હતો. પોતાના કાર્યમાં સહાય લેવાને તેણે અમને કેદ કરેલા. પરંતુ હવે તો તમારા પ્રયત્નોથી અમે મુક્ત થયા છીએ.'

'ત્યારે તમે હવે તો સ્વદેશ જશો?' વિશ્વેસબાબુએ પૂછ્યું.

'ના, હવે તો હિંદ જ અમારો સ્વદેશ. એણે અમને બચાવ્યા છે, એટલે એની સેવામાં જ અમારી જિંદગી ગાળવા માગીએ છીએ. અમારી કેદ દરમ્યાન ભાઈ પીટરે પોતાની શોધ આગળ લઈ જઇને લગભગ પૂરી કરી છે, જેદ્વારા તેનું યંત્ર હવે રોગનિવારણના કામમાં યોજી શકાશે. એ બાબતના હવે કેટલાક પ્રયોગો તે કરવા માગે છે અને પછી એ શોધથી હિંદીઓની સેવા કરવા માગે છે.'

રમેશચન્દ્ર દત્ત (અનુસંધાન પૃ૦ ૨૩૦થી)

માંની પાંચ પૈકી ત્રણનો સ્વીકાર થયો. આમ, હાલની કંઈક રાહતભરી મહેસૂલ-પદ્ધતિનો સર્વ યશ એમની જ અથાગ જહેમતને છે.

પોતાની માન્યતાઓના સમર્થનમાં તેમણે હિંદની જમાબંધી, ઉદ્યોગો તથા કરવેરાનો સિલસિલાબંધ ઇતિહાસ સાકાર કરવા માટે સરકારી અહેવાલો આદિ બસોએક જેટલા ગ્રંથો એકઠા કર્યા અને તે પરથી, છેક પ્લાસીના યુદ્ધથી તે વીસમી સદીના પ્રારંભ સુધીનાં દોઢસો વર્ષનો 'હિંદનો આર્થિક ઇતિહાસ' તેમણે રચ્યો. એમની અગ્રણી કૃતિઓમાં શોભતો એ અભ્યાસમય ને આધારભૂત ઇતિહાસગ્રંથ એમના ઉદ્યમ, ખંત, ધીરજ ને પ્રતિભાનો પુરાવો છે.

૧૯૦૭માં સરકારે રૉયલ કમિશન નીમ્યું જેમાં રમેશચંદ્ર એકલા જ હિંદી સભ્ય હતા. એમના વિશાળ અનુભવને લીધે છેવટના નિર્ણયો ઉપર ભારે અસર પડી. ઇ. ૧૯૦૮નું વર્ષ આ કાર્ય અર્થે એમણે ઇંગ્લંડમાં ગાળ્યું. વળી એ કાળે લૉર્ડ મૉર્લે હિંદી સધારાનો ખરડો અત્યંત મહેનતને લીધે એમનું શરીર કથળી ગયું હતું. છતાં દીવાન તરીકે એમણે ઘણી બાહોશ અને યશસ્વી કારકિર્દી બજાવી. એવામાં વડોદરામાં વાઇસરૉયના આગમન પ્રસંગે અચાનક એ માંદા પડ્યા અને ૧૯૦૯ ના નવેમ્બરની ૩૦મી તારીખે એક પુત્ર ને પાંચ પુત્રીની વિદાય લઇ, કર્મયોગની આ ઉજ્જવલ જ્યોત પરમબ્રહ્મના પરમ જ્યોતિમાં ભળી ગઈ.

સ્વર્ગસ્થ મહારાજા શ્રી સયાજીરાવ એમને વિષે કહી ગયા છે કે "એમની તીવ્ર ગ્રહણશીલતા, એમનું પ્રખર સંકલ્પબળ, એમની તપોમય કાર્યપરાયણતા—એ બધાંથી એમ સ્પષ્ટ પ્રતીત થતું હતું કે રમેશચંદ્ર દત્ત મહાન જ થવા સરજાએલા હતા. અલ્પ કે ક્ષુદ્ર કહેવાય એવું કાંઇ જ એમનામાં ન હતું. દુનિયાના કોઈપણ દેશમાં ગમે તેવા ધુરંધર પુરુષ-મંડળમાં પણ એ વિરાટ સરખા શોભી ઊઠત."



માધુકરી

અમે તિમિરમાં તેજ ધરંતા જ્યોતિના ઝળકાટ,
અમે શક્તિના મહાતરંગો જીવનને જળઘાટ.
કો દુખિયાના, કો સુખિયાના બેરુ અમે ભડવીર,
સંહરવા રિપુનાં દળ પર દળ સજ્જ અમારાં તીર.
દળ ગાજે, દાવાનળ ગાજે, ગાજે રણઝંકાર,
અમ તલવાર સહાય ચમકશે પ્રભુના જયજયકાર.

(શરીર અને શિક્ષણ) —સુન્દરમ્

જ્યુથિકા રે

કિન્નરકંઠી જ્યુથિકા રેનું નામ કે તેનાં ગીતો ન સાંભળ્યાં હોય તેવી ગાનશોખી વ્યક્તિઓ વિરલ હશે, છતાં તેનો અછડતો પરિચય પણ ઘણા થોડાને હશે. આનું મુખ્ય કારણ એ છે કે તે જાતે જ પ્રસિદ્ધિથી દૂર રહેવા માગે છે. બંગાળના ખુલ્ના જિલ્લાના સેનહાટી નામના ગામના એક ભદ્ર કુટુંબની તે મહિલા છે. ગાવાના તેના ઉત્સાહને સહૃદય વેગ આપવામાં મુખ્ય ફાળો તેના પિતા શ્રી સત્યેન્દ્રનાથ રેએ આપેલો. આ કુટુંબની લગભગ એકેએક વ્યક્તિ સંગીત પ્રત્યે ઓછોવધતો ઝોક ધરાવે છે. જ્યુથિકાની બહેન મલ્લિકા 'હિઝ માસ્ટર્સ વૉઈસ' રેકર્ડોની ગાયિકા હતી, પરંતુ કાયમી શારીરિક ખોડ આવવાને લીધે તેને પોતાની પ્રવૃત્તિઓ ત્યજી દેવી પડી હતી. બીજી બહેન નિવેદિતા રેડિયો-ગાયિકા લેખે નામાંકિત થઈ ચૂકી છે. ત્રીજી બહેન સવિતા પણ લોકપ્રિય રેડિયો-ગાયિકા છે.

જ્યુથિકા રે સાદી સાલસ અને નિરાડંબરી છે. રામકૃષ્ણ પરમહંસના સંપ્રદાયની શિષ્યા છે, સાદી સફેદ સાડી ધારણ કરે છે ને ભજનો પ્રત્યે તેને ખાસ અનુરાગ છે. જ્યુથિકા રે કલાને વરેલી છે. એના પિતા એમ માને છે કે તે લગ્ન કરશે તો તેના કંઠનો રૂપેરી રણકો વિદાય થઈ જશે. ઇન્ટરમીજિયેટમાં આવ્યા પછી તેને અભ્યાસ છોડી દેવો પડચો હતો. પરંતુ ગાયિકા તરીકેની ખ્યાતિ આજે દૂર સુદૂર પ્રસરેલી છે. પોતાની તસ્વીરો પ્રકટ કરવા સામે તેને ઘૃણા છે. મુંબઈના ગ્રામોફોન વેપારીઓએ એક જ તસ્વીર માટે તેને ઘણી મોટી રકમો આપવાનું જણાવેલું, પરંતુ તેણે નિશ્ચયપૂર્વક ના પાડી. ખુલ્ના ખાતે રંગભૂમિ પર કવિવર ટાગોરના 'વર્ષામંગલ', 'વસંતોત્સવ' અને 'નટીર પૂજા'માં તેણે માત્ર આઠ વર્ષની વયે કામ કર્યું હતું અને પ્રેક્ષકોનાં હૃદય જીતી લીધાં હતાં. દસ વર્ષની વયે કલકત્તાની રંગભૂમિ પર 'નટીર પૂજા'માં માદન થીએટર્સે તેને ઉતારી ત્યારે તેની કીર્તિ ઘણી વધી ગઇ. ત્યાર બાદ બે વર્ષ સુધી તેણે શાસ્ત્રીય સંગીતનો અભ્યાસ કર્યો.


હિઝ માસ્ટર્સ વૉઇસ કંપની તરફથી જ્યુથિકા રેની 'આમી ભોરેર જ્યુથિકા' નામના હળવા બંગાળી ગીતની પહેલી રેકર્ડ ઘણુંખરું ૧૯૩૫માં બહાર પડી. સંગીતપ્રેમીઓએ આ રેકર્ડને તરત વધાવી લીધી અને એ રેકર્ડની બાર હજાર નકલો બજારમાં જોતજોતાંમાં ખપી ગઇ. તે પછી તરત જ જ્યુથિકા રેના એક બીજા (હિંદી) ગીત 'ચુપકે ચુપકે બોલ'ની રેકર્ડ બહાર પડી, તેને અદ્વિતીય સફળતા સાંપડી. તેની ૫૦ હજાર રેકર્ડો વેચાઈ ગઇઅને જ્યુથિકાની કીર્તિ કાશ્મીરથી કન્યાકુમારી સુધી મહેકવા માંડી. જ્યુથિકા રેની રેકર્ડોએ હિઝ માસ્ટર્સ વૉઇસ કંપનીને એટલો સરસ નફો કરાવી આપ્યો કે કંપનીએ ૧૯૪૬માં તેને સુવર્ણચંદ્રક અર્પણ કર્યો. સંગીતક્ષેત્રમાં થએલા પોતાના

ઘોંકડાં [માસમાસનાં પંખી-૪૩]

ઘરમાં નવું બાળક જન્મે તે ક્યાંથી આવ્યું એવી નાનાં બાળકોની જિજ્ઞાસાને સંતોષવા યુરોપ આખામાં યુક્તિપુરઃસરનો એક સામાન્ય ઉત્તર અપાય છે કે, રાત્રે તેને ઘર પરના ધુમાડિયા(ચીમની)માંથી 'સ્ટૉર્ક' આવીને મૂકી ગયું. કેમકે ત્યાં ઘરના છાપરા પર ધુમાડિયાને ઓથે હૂંફમાં ઘણાં 'સ્ટૉર્ક' માળા બાંધતાં હોય છે. એ Stork તે આ ઘોંકડાં. કદમાં તે બગલાં કરતાં સારસને વધુ મળતાં આવે. મોટા લાંબો દોઢ ગજનો બેડોળ દેહ, તીણી અણીદાર અને છેડેથી સહેજ વળેલી જાડી રતૂમડી ચાંચ, ઘેરા બદામી પગ, ગોળ ઓડકું માથું અને કાળી પાંખોને છેડે તથા પૂછડી પર આછાં ગુલાબી પીછાંવાળું, મેલા સફેદ રંગનું, આખો દિવસ પાણી ડબોળતું એ મૂંગુમંતર પંખી પણ નદી-તળાવ કે ઝીલ પર જોવામાં આવે છે. આખો દિવસ ઢીંચણ સમા પાણીમાં જઇ કે ગંધાતો કાદવ ચૂંથી, તેમાંનાં જીવડાં આરોગીને ધરાય એટલે કાંઠે સમૂહમાં જઇ એ સ્થિર ધ્યાનમગ્ન ઊભું રહે છે. ક્વચિત જ બહુ ચિડાય કે ખુશ થાય તો 'ઘોં' એવો અવાજ કાઢતું હોવાથી તે 'ઘોંકડું' કહેવાય છે. ઉત્તર ગુજરાતમાં તો નાનાં ખાબોચિયાં પાસે પણ તે મળી આવે છે.

એની બીજી બે જાત પણ થાય છે, જેમાંની સફેદ ગરદનવાળી જાતનું ચિત્ર નીચે આપ્યું છે. એના પગ આછા લાલ, શરીર મોટે ભાગે કાળું: માત્ર પેટ ને પૂછડી નીચે સફેદ પીછાં ને ગરદન આખી સફેદ હોય છે.


આ પંખી ઝાડ પર પણ બેસી શકતાં હોવાથી તેઓ ઝાડ પર જે સમૂહમાં માળા બાંધી તેમાં મેલાં અને ક્વચિત ભૂખરી છાંટવાળાં ૨ થી ૪ ઇંડાં મૂકે છે.





































આઝાદીની બીજી સંવત્સરીએ ૧૫મી ઑગસ્ટે બહાર પડતી નવી ટપાલ-ટિકિટો

ગઈ ૧લી એપ્રિલે બહાર પડનારી નવી ટપાલ-ટિકિટોનો જે પરિચય માર્ચ અંકમાં અમે આપેલો તે હવે આ માસની ૧૫મીએ ઉપર દર્શાવે-[illegible] થોડા ફેરફાર સાથે બહાર પડે છે, ને તેની સાથે હિંદી ટપાલ-ટિકિટોના ઇતિહાસમાં એક નવો જ યુગ શરૂ થાય છે. કલા-સંસ્કારના [illegible]માં હિંદનું પ્રાચીન ગૌરવ વ્યક્ત કરતાં શિલ્પ-સ્થાપત્યનાં આલેખનોવાળી આ ટિકિટોમાં ઓછી કિંમતોમાં અતિ પુરાણા કાળના હિંદી [illegible]સ્કૃતિનાં પ્રતીકો છે: અજંતાનો હાથી (૧ પૈસો), કોણારકનો અશ્વ (૦ાા આનો), ત્રિમૂર્તિ (૦ાાા આનો), બોધિસત્ત્વ (૧ આનો), નટરાજ (૨ આના), સાંચી-સ્તૂપ (૩ આના), બુદ્ધ-ગયા મંદિર (૩ાા આના), ભુવનેશ્વર મંદિર (૪ આના), અને કંદર્ય મહાદેવનું મંદિર (૮ આના); જ્યારે મોંઘી કિંમતની તથા જવલ્લે વપરાતી ટિકિટો પર, તાજેતરના મધ્યકાલિન સાંસ્કૃતિક ઇતિહાસનાં પ્રતીકો છે, જેમાં બીજાપુરનો

મનન (અનુસંધાન પૃષ્ટ ૨૨૭થી ચાલુ) ચલાવનારી સંસ્થા અત્યારે સત્તા માટેની હોંસાતૂસીમાં પડી છે. આખી સંસ્થાને નવી જ ભૂમિકા પર ગોઠવ્યા વિના, અથવા એનું વિસર્જન કરીને નવી સંસ્થા રચ્યા વિના કૉંગ્રેસનિંદાનો જે વાયરો દેશમાં વાયો છે તે શમવાનો નથી. મહત્ત્વની ઘણી બાબતોમાં કૉંગ્રેસે એક પક્ષ તરીકે અને સરકાર તરીકે પ્રજાનો વિશ્વાસ ગુમાવ્યો છે. કૉંગ્રેસ એ બિનકાબેલિયતનો અને કંઈક સડાનો જાણે પર્યાય શબ્દ બન્યો છે. પ્રજાને એણે આપેલાં વચનો અને એનું અત્યારનું વર્તન ભારે વિરોધાભાસ ઉત્પન્ન કરે છે. સરકારી તંત્ર અસલ કરતાં પણ વધારે ખર્ચાળ બન્યું છે અને છતાં કાર્યકુશળતા વધી નથી; સાહ્યબીના શોખ વધ્યા છે; ગ્રામોદ્યોગોને ભોગે વેજીટેબલ ઘી જેવા મૂડીવાદી ઉદ્યોગોને સરકાર રક્ષણ આપે છે; મૂડીદારોનું અને શહેરોનું સરકાર જેટલું તાણતી દેખાય છે તેટલું ગરીબોનું, મધ્યમવર્ગનું કે ગામડાંનું તાણતી હોય એવી છાપ પડતી નથી, ધનની અને આવકની અયોગ્ય અસમાનતા ઘટાડવા માટે સરકાર તરફથી કોઇ ખાસ પ્રયત્ન થતો હોય એમ લાગતું નથી, મોટી યોજનાઓ પાછળ ને સરકારી મિજબાનીઓ પાછળ ધૂમ પૈસો ખરચાઈ રહેલો પ્રજા નરી આંખે જુએ છે જ્યારે પ્રજાની અન્નવસ્ત્ર ને બીજી આવશ્યક ચીજોની હાડમારીઓ જેમની તેમ છે. પ્રજાને અદેખાઇ ને અવિશ્વાસ ન આવે તે માટે નવી જ આબોહવા પેદા થવી જોઇએ તે પેદા કરવાને બદલે જૂની આબોહવાના આજ સુધી અણદીઠ રહેલા કોઇ રહસ્ય પાછળ રાજધુરીણો મુગ્ધ બન્યા હોય એમ લાગે છે. દરમ્યાન લાંચરૂશ્વત, કાળાં બજાર, સંઘરાખોરી વગેરે પ્રજાની અસહાયતાનો લાભ લઈ તેની હાડમારીમાં વધારો કરનારાં અનિષ્ટો મોકળે મહાલે છે. આથી વ્યાખ્યાનોમાં, રેડિયો પરથી, અખબારી પરિષદોમાં કે નિવેદનોમાં નેતાઓ જ્યારે પ્રજાને તેનો ધર્મ ચીંધે છે ત્યારે એમનાં વચનો પ્રજાના અંતરને સ્પર્શતાં નથી. સરકાર પ્રજાનો સહકાર વચનથી માગે છે, પણ ખરા દિલથી શોધતી હોય એવી પ્રતીતિ થતી નથી. બધું પોતે જ કરે એવો એણે જાણે આગ્રહ રાખ્યો હોવાથી પ્રજા પણ સરકાર જ બધું કરે એવી અપેક્ષા સેવતી થઇ જાય એ છેક અસ્વાભાવિક નથી, પણ પછી જ્યારે પ્રજાનું ધાર્યું થતું નથી ત્યારે એ સરકારને ફિટકાર દે છે. જો સરકારને પ્રજાનો ખરેખર સાથ જોઇતો હોય તો પ્રજામાં-આપણા ગરીબ દેશની ચીંથરેહાલ પ્રજામાં નવાં આશા-ઉત્સાહની સ્ફૂર્તિ જાગે એવો કાર્યક્રમ પ્રજા સામે એણે ધરવો જોઇએ, એની અંતિમ અને વચલી અવસ્થાઓની મુદ્દતો નક્કી કરવી જોઇએ, અને પ્રજાએ શા માટે શી રીતે એમાં સહકાર આપવો તેનું ચોક્કસ વીગતસર માર્ગદર્શન આપવું જોઈએ. અદ્ધર વચનો અને સલાહોથી પ્રજાના દિલમાં કશો જ સળવળાટ થતો નથી. સરકારે અને કૉંગ્રેસે પ્રજાને કેળવવાની અને કામે જોતરવાની કેટલી બધી તકો ગુમાવી છે એનો હિસાબ માંડવાની તકલીફ હજી લગી લેવાઈ નથી. દુકાળોમાં, નિર્વાસિતોના પુનર્વસવાટના પ્રશ્નમાં, વિવિધ કાર્યોની પ્રજાને તાલીમ આપવાની પ્રવૃત્તિમાં, અક્ષરજ્ઞાન પ્રૌઢશિક્ષણ સ્વચ્છતા આદિ કાર્યોમાં, અસ્પૃશ્યતા નિવારણના આંદોલનમાં, પ્રજાનો—ખાસ કરીને ઊગતી પ્રજાનો—વિદ્યાર્થી વર્ગનો સહકાર સરકારે અને કૉંગ્રેસે સ્પષ્ટ આદેશો સાથે માગ્યો હોત તો? આ પ્રકારનાં કાર્યોમાં જોડાનારનું શાળા-મહાશાળાનું તૈયાર કરેલું પોલાદી ચોકઠું એનાં તમામ દૂષણો સાથે જળવાઈ રહ્યું છે. અંગ્રેજોની દૃષ્ટિએ જોઇએ તો એ ચોકઠામાં એક ગુણ હતો: એમના લાભમાં એમનો કારોબાર નિર્વિઘ્ને ચાલતો હતો. અત્યારના ચોકઠામાં એ ગુણ રહી શકે જ નહિ. પરિણામે એ જડ ચોકઠું દેશના તિરસ્કાર અને ઉપહાસને પાત્ર થયું છે.

આપણી પ્રજાના પ્રમાદની વિરુદ્ધ પણ ઘણું કહેવાયું છે. એની ઊણપોની ટીપ કરીએ તો એ ઘણી લાંબી થાય એમ છે. આપણે ભૂંડામાં ભૂંડા અર્થમાં વ્યક્તિવાદી પ્રજા છીએ. આપણી સામાજિક વૃત્તિ બહુ જોર કરીને કુટુંબના વર્તુળમાંથી નીકળે તો પણ નાતજાત કે સાંકડા ધર્મસંપ્રદાય સુધી પહોંચતાંમાં તો ખુલાસો થઇ જાય છે. દોઢ સૈકાની ગુલામીએ ને એ ગુલામીને પણ સરજાવનારાં તત્ત્વોએ એક પ્રજા તરીકેનું આપણું કૌવત હરી લીધું છે. પરિણામે આખા સમાજનું શી રીતે કલ્યાણ થાય તે આપણે ભાગ્યે જ વિચારીએ છીએ અને એનું અકલ્યાણ થાય એવી પ્રવૃત્તિ કરતાં ભાગ્યે જ અટકીએ છીએ. આપણે પ્રાચીન પ્રજા છીએ એ વાત ખરી, પણ નિત્યનૂતનતાનો ઉમંગ આપણામાંથી ખરી પરવાર્યો હોય એ રીતે આપણે વર્તીએ છીએ. આપણી વૃદ્ધા નાડીઓમાં લોહી અતિ મંદ વહે છે. જરાક મુશ્કેલી પડતાં આપણે ચીસો નાખીએ છીએ, જરાક કંઇ કરવાનું આવતાં આપણે ચૂપકીથી કે યુક્તિથી ખસી જઇએ છીએ, કોઇ પણ સારા કામની ખોદણી કરવામાં આપણે શૂરાપૂરા રહીએ છીએ, દૂધમાંથી પણ આપણે પોરા શોધીએ છીએ. પરિણામે કોઈ પણ મોટા આંદોલનમાં નિશ્ચયપૂર્વક ધતિથી જોતરાવાને બદલે હૈસો હૈસો કરવાના શોખથી જ આપણે જોડાઈએ છીએ. વ્યક્તિ તરીકે અને અપવાદ રૂપે ઉત્તમ ગુણો આપણે દાખવતા હોઇશું તેમ છતાં પુરુષાર્થનું ક્ષેત્ર ખૂબ સાંકડું રાખીને મહીં આપણે આરામ ગોઠવવાનું પસંદ કરીએ છીએ. ઊંચે ને વધુ ઊંચે જવાની જાણે આપણને ચાનક જ નથી. આપણી દૃષ્ટિમર્યાદા પણ સાંકડી છે. આથી જ મહાત્મા ગાંધી જેવા અદ્વિતીય મહાપુરુષની કલ્યાણધારાનું અવિરત અભિસિંચન થવા છતાં આપણા અંતરની જડ શિલાઓ વણપલળેલી જ રહી અથવા બહુ ઓછી પલળી. જો સ્વરાજ્યની આપણને સાચી લગની હોત તો આપણામાંથી જ સ્વયમેવ એવી કલ્યાણપ્રવૃત્તિઓ પ્રગટી ઊઠી હોત જેણે સરકારનો ભાર હળવો કર્યો હોત. સરકાર સામે ઓશિયાળી નજર નાખવી એ હાથે કરીને લોકશાહીનું વિસર્જન કરવા બરાબર છે. સરકાર પણ એથી પોતે ન જાણે તેમ બગડે છે. પણ આપણે ત્યાં એમ જ થઇ રહ્યું છે. આવી પ્રજાને સ્પર્શવી, જગાડવી, મહાકાર્યોમાં પ્રયોજવી એ દુરુહ કાર્ય છે. સરકાર અને પ્રજા વચ્ચે સાંકળરૂપ એવા, શ્રી રવિશંકર મહારાજ કે મુનિશ્રી સંતબાલજી જેવા કાર્યકરો જ ધીમે ધીમે કરીને પ્રજાને સ્વમાની સ્વાવલંબી, સંગઠિત અને કલ્યાણપ્રતિષ્ઠ કરી શકે. પણ એવા કાર્યકરો કેટલા? પ્રજા તો પોતાની જુગજુગની મહાનિદ્રામાંથી આસ્તે આસ્તે જ જાગશે પણ જેઓ જાગેલા છે તેમણે એને ઢંઢોળવાનું કાર્ય ઉપાડી લઈ તે અવિરામ ચાલુ રાખવું જોઈએ. પણ વ્યાખ્યાનોથી પ્રજાની આ અક્રિયતા શમશે ખરી? નવી દૃષ્ટિ, નક્કર કાર્યક્રમ ને તે માટેની તાલીમનો રાજમાર્ગ જો ગ્રહવામાં આવે તો જ પ્રજાનું ગુપ્ત ચૈતન્ય પ્રગટ થાય. પણ સત્તા ધારણ કરતી વખતે પ્રજાએ જેવો વિશ્વાસ

સુધારણાના કાર્યક્રમને થંભાવી દેવામાં દેખાતા ડહાપણમાં, રાષ્ટ્રીયકરણ ક્યારે થશે તે કહેવાને બદલે ક્યાં સુધી એ નક્કીપણે નહિ જ થાય તે જાહેર કરવામાં, નાગરિક સ્વાતંત્ર્યને કટોકટીનું બહાનું કાઢી ઉત્તરોત્તર વધુ ને વધુ મર્યાદિત કરતા જવામાં પ્રજા પ્રત્યેનો અવિશ્વાસ જ વ્યક્ત થઇ રહ્યો છે. એથી કટોકટી શમતી તો નથી, પણ કહેવાતી કટોકટીનો સામનો કરવાનું પ્રજાનું બળ ખૂટે છે અથવા તો પ્રજા એ કટોકટીમાં જ નવી આશાનાં દર્શન કરે છે. આપણા તંત્રવાહકો રાજ્યદ્રોહ સંબંધે જેટલા આળા છે તેટલા પ્રજાદ્રોહ કે સમાજદ્રોહ સંબંધે આળા નથી. આથી જે લોકશાહીનો આપણે આસ્વાદ કરી રહ્યા છીએ તે પરિણામદાયી લાગવાને બદલે નિઃસત્ત્વ લાગે છે, ને પ્રજાના ઘણા મોટા ભાગને લોકશાહી કરતાં લોકયાત્રામાં વિશેષ રસ હોવાથી વિદેશોમાં વધતી કહેવાતી આપણી પ્રતિષ્ઠા, એશિયાની આપણને મળનારી આગેવાની, સમર્થ રાષ્ટ્ર થવાની આપણી ભાવના, ઉત્પાદન વધારાવવાની કોશિષો, 'વધુ અનાજ વાવો'ની ઝુંબેશો, કૉમનવેલ્થ સાથેનું આપણું લગ્ન—આ બધા મુદ્દા પ્રજાને અડતા નથી, એને ઉત્તેજિત કરતા નથી. અત્યારે આ બધી બાબતો એકડા વગરનાં મીંડાં જેવી છે. લોકસંગ્રહનો નીડર કાર્યક્રમ પ્રજા આગળ આવ્યા પછી જ એ સર્વમાં જીવ આવશે. એ પછી મુશ્કેલીઓમાં પણ પ્રજા ગર્વ અનુભવતી થશે, જેમ આજે બ્રિટનની પ્રજા અનુભવે છે. અને નહિ તો આંતરવિગ્રહ અને અરાજકતામાં આપણે સપડાઇશું, જેવું ચીન સપડાયું છે. અંધાધૂંધી થાય તો જ જેમનું મહત્ત્વ વધે એમ છે તે તત્ત્વો આપણા હાલના નેતૃત્વ કરતાં વધારે ઉદ્યમી અને સાહસિક દીસે છે. એક તત્ત્વ પ્રજાનું અભિમાન સતેજ કરે છે, બીજું એની આશા સતેજ કરે છે. બંનેનું વશીકરણ જબરું છે. દુર્વૃત્તિઓને જગાડીને સ્થાપિત તંત્ર સામે પ્રજાને ઉશ્કેરી મૂકવાનું ષડ્યંત્ર તેમણે રચ્યું છે. કૉંગ્રેસના ધુરીણોમાંની પ્રજાની શ્રદ્ધા હજી અસ્ત થઈ નથી તેથી અને પોતાનાં સાધનોના જોરથી કૉંગ્રેસ સરકારે હજી સુધી તો આ તત્ત્વોને વશમાં રાખ્યાં છે; પણ જે ફુટકળ નિર્બળ નિરાશાજનક નીતિને એ પોતે અનુસરે છે તે જોતાં ક્યાં સુધી આ તત્ત્વોને એ વશમાં રાખી શકશે તે કહેવું મુશ્કેલ છે. થોડાંક વર્ષો વીત્યા પછી જેનાં સુપરિણામો આવશે તેવાં મહાકાર્યોના આરંભો કૉંગ્રેસે કર્યા છે તેની ને આજે ને આજે જ પ્રજાને રાહત થાય એવા કેટલાક નિર્ણયો લઇને અત્રતત્ર પ્રજાનું માન એણે સંપાદન કર્યું છે તેની, કેટલાક ઉત્તમ ધારાઓની અને કૉંગ્રેસ સરકારના એકંદર વલણમાં વ્યક્ત થતી રહેતી સાચદિલી તથા પ્રજાવાત્સલ્યની જેઓ કદર કરી શકતા નથી તેઓ કાં તો વાંકદેખા કે નગુણા છે અથવા તો પક્ષીય હેતુસર નિંદા કરવાનો એમણે ધંધો માંડ્યો છે એમ જ કહેવું જોઇએ. જો કૉંગ્રેસ પોતાના સ્વીકૃત ઉદ્દેશોને કાર્યમાં પરિણત કરે તો આ દેશમાં ભાગ્યે જ કોઈ પક્ષને અવકાશ મળે એટલા બધા એ ઉદ્દેશો ગંભીર અને ઉદાત્ત છે. પણ કમનસીબે અનિર્ણયથી કે ભીરુતાથી કે જન્મપ્રાપ્ત સંસ્કારોથી એમનો જોશપૂર્વક અમલ કરવાનું કૉંગ્રેસે ટાળ્યું છે. દરમ્યાન પ્રાન્તાભિમાન, ભાષાભિમાન, લિપિનું અભિમાન, નામનું અભિમાન, સ્થાનનું અભિમાન એમ જુદાં જુદાં સંકોચપ્રેરક બળો પણ કૉંગ્રેસની અંદર જૂથો રચી કૉંગ્રેસને નબળી પાડી રહ્યાં છે. નેતાઓ આ વિશે સાવધ છે અને એમણે ગંભીરપણે આ પ્રશ્ન વિચારવા માંડ્યો છે એ એક સુચિહ્ન છે. પણ જો એ વિચાર કરવામાં જ બધો વખત ગાળશે તો જે રક્તહીન ક્રાંતિ

આ માસ (ઑગસ્ટ) ઈતિહાસમાં

તા. ૧ નિકલનો એક આનાનો સિક્કો હિંદમાં ચાલુ થયો, ૧૯૦૭
તા. ૪ મુંબાઈના સિંહ સર ફિરોઝશાહ મહેતાનો જન્મ, ૧૮૪૫
તા. ૭ અંગ્રેજી માલના બૉયકૉટની બંગાળની લડત શરુ, ૧૯૦૫
તા. ૧૦ હિંદી સંગીતને શાસ્ત્રબદ્ધ કરનાર પ્રો. ભાતખંડેનો જન્મ, ૧૮૬૦
તા. ૧૨ અકબરના વિદ્વાન અબુલફઝલનું સલીમે ખૂન કરાવ્યું, ૧૬૦૨
તા. ૧૫ મેધાવી તત્ત્વજ્ઞ ને યોગી શ્રી અરવિંદ ઘોષનો જન્મ, ૧૮૭૨
તા. ૨૦ હિંદના મૉન્ટેગ્યુ-ચૅમ્સફર્ડ સુધારા જાહેર થયા, ૧૯૧૭
તા. ૨૬ વાસ્કો દ ગામા હિંદ શોધી કાલીકટ બંદરે ઊતર્યો, ૧૪૯૮
તા. ૨૮ ગુજરાતી સુધારકવીર કરસનદાસ મૂળજીનું અવસાન, ૧૮૭૧
તા. ૨૮ દરિયામાં તારનાં દોરડાં નંખાઈ પહેલો તાર મોકલાયો, ૧૮૫૦
તા. ૩૦ બંગાળની કવયિત્રી તરુલતા દત્તનું અવસાન, ૧૮૭૭

આ માસની વ્યક્તિવિશેષ : મહાકવિ ગેટે



આ માસમાં પ્રબુદ્ધ જગત જેની ૨૦૦મી જન્મજયંતી ઊજવે છે તે, જર્મનીનો આ પ્રતિભાવાન કવિ, નાટકકાર, નવલકાર, વૈજ્ઞાનિક, ચિંતક ને એ સર્વથી યે, વિશ્વબંધુત્વની ભાવનાનો પ્રબલ જનક ને પોષક મહામાનવ યૉહાન વુલ્ફગૅન્ગ ફૉન ગેટે ઈ. ૧૭૪૯ની ૨૮મી ઑગસ્ટે જર્મનીના ફ્રાન્કફોર્ટ નગરમાં જન્મેલો. જર્મન ઉપરાંત ઈટાલિયન, હિબ્રુ ને અંગ્રેજી સાહિત્ય અને સંગીત તથા કલાનો સંપર્ક સાધતા કૌમારકાળ બાદ ૧૬ની વયે પિતાએ તેને લાઈપઝિગમાં કાયદો ભણવા મોકલ્યો, પણ ત્યાં કવિતા જ કરી ! ત્યાંથી સ્ટ્રાસબૉર્ગ ગયો જ્યાં તેના પર તથા આખા જર્મન સાહિત્ય પર અસર પહોંચાડનારી હર્ડર સાથેની મૈત્રી બંધાઈ. એની જ પ્રેરણાથી ગેટેએ શેક્સપીઅર, ગોલ્ડસ્મિથ ને ઓસિયાનિક કાવ્યો વાંચ્યાં ને પોતાના પ્રેમપ્રસંગો પરથી જગતનાં સર્વોત્તમ પ્રણયગીતો રચ્યાં. થોડો સમય નિષ્ફળ વકીલાત કર્યા બાદ ૨૫ વર્ષની ફૂટતી વયે, ૧૭૭૪માં, તેણે એની વિખ્યાત નવલકથા 'વર્થરની વેદના' પ્રકટ કરી, જેણે સારાયે યુરોપ પર એવી તો ભુરકી નાખી કે નેપોલિયન જેવા કઠોર પુરુષે પણ એ ૭ વાર વાંચી. એક વર્ષ બાદ વાઈમારના ઠાકોરે એને આમંત્ર્યો ને પછી જીવનભર એ ત્યાં જ રહ્યો.

૧૭૮૬ થી ૮૮નાં વર્ષ ઈટાલીમાં ગાળી થોડાં ઉમદા નાટકો એણે રચ્યાં અને '૯૨થી'૯૪માં વિજ્ઞાનની કેટલીક નવી શોધો કરી ! ૧૭૯૪માં જર્મનીના સમર્થ પ્રગલ્ભ કવિ શિલર સાથે અપૂર્વ મૈત્રી રચાઈ. એની જ પ્રેરણાથી એણે પોતાનું જગતખ્યાત નાટક ફાઉસ્ટ રચ્યું—જોકે એના અંકુર તો વીસ વરસથી નંખાઈ ચૂક્યાં હતાં. ૧૮૦૫માં શિલરનું મૃત્યુ થતાં એને જીવનભરનો આઘાત લાગ્યો. એ ૧૧ વર્ષની મૈત્રીમાં અનેક સાહિત્ય પ્રવૃત્તિઓ પ્રૌઢત્વ પામી, અને એની મહાન નવલકથા 'વિલ્હેલ્મ માઈસ્ટર' પ્રકટ થઇ. ૧૮૦૮માં એને ખ્યાતનામા બનાવનારું નાટક 'ફાઉસ્ટ' બહાર પડ્યું. થોડા સમય બાદ એણે પૂર્વના કવિઓ કાલિદાસ અને હાફિઝ વાંચ્યા અને એટલી અસર પામ્યો કે પોતે 'પશ્ચિમી કાવ્યોનો દીવાન' રચ્યો. ૧૮૩૧માં ફાઉસ્ટનો બીજો ભાગ બાહર પાડ્યા બાદ તેની તબિયત લથડી અને

જો કાંતશું આ જિંદગી પીંજ્યા પછી પૂણી કરી,
તકલીફની તકલી થકી સુખનું સુતર તો આવશે.

—પ્રિયકાન્ત મણિયાર—

મેવાડના રાણાઓના પ્રત્યેક ખાનગી ખર્ચ માટે જુદીજુદી જમીનોની ઊપજ મુકરર કરેલી હોય છે. તે જમીનને 'ધુઆ' કહે છે.

મુઘલોના આક્રમણ પછી મેવાડને તેનું ગૌરવ ફરી પ્રાપ્ત કરાવનાર રાણા સંગ્રામસિંહે રાજ્યને ખાતર આવો એક ધુઓ કમી કર્યો. એક દિવસ રાણો જમવા બેઠા ત્યાં ભાણામાં દહીં સાથે સાકર મૂકેલી ન જણાઇ. તે માટે નોકરને ઠપકો આપતાં જવાબ મળ્યો કે 'મંત્રીજીએ આપની જ આજ્ઞાથી સાકર માટે હતો તે ધુઓ રાજ્યમાં ભેળવી દીધો છે.'

'ઠીક' એટલું જ બોલીને રાણાએ ભોજન કરી લીધુ. પણ રાજ્યમાં મળી ગએલું પોતાનું ખાનગી ખર્ચ પાછું મેળવવા એક શબ્દ પણ ઉચ્ચાર્યો નહિ.

અનેકાર્થી શબ્દ: 'કૂંડી'=પહોળા મોંનું વાસણ; કુંડ જેવો નાનો ખાડો; નાનો હવાડો; વીસની સંખ્યાનો સંકેત; ગબી.

ગણિતગમ્મત

એકથી માંડીને કોઈપણ રકમ સુધીના અંકોનો ક્રમિક સરવાળો તરત જાણવો હોય તો તેમાંની છેલ્લી રકમને તે પછી તરત આવતી રકમ (એટલે કે એ છેલ્લી રકમમાં ૧ ઉમેરતાં જે આવે તે રકમ) વડે ગુણીને બે વડે ભાગવા. તરત જવાબ મળી રહેશે. દા.ત. ૧ થી ૧૦ સુધીનો સરવાળો તરત જાણવો હોય તો (૧૦×૧૧)÷૨=૫૫(બિ.જ.વ્યાસ)

આપણી આગળ વિશાળ કાર્યક્ષેત્ર ખુલ્લું થયું છે. હવે ધ્યેયોની ખોટ નથી, કાર્યની કમી નથી. કમી છે કામ કરનારાઓની, ખોટ છે એકએક ક્ષેત્રમાં જીવન અર્પણ કરનારાઓની. જીવનના દરેક ક્ષેત્રમાં સ્વાતંત્ર્યનો નવરંગ ફેલાવવાનો છે. દરેક ઠેકાણે તેજ નિર્માણ કરવાનું છે, પ્રત્યેક ક્ષેત્રમાં અગ્નિના ઓજસ્વી ગોળા થઇને ઘૂમવાનું છે. સ્ફૂર્તિના સ્ફુલિંગ બનીને દરેક ક્ષેત્રમાં સ્વતંત્ર પ્રજાને અનુરૂપ ક્રાંતિ આપણે કરી બતાવવાની છે.

કહેવતોના અર્થ: 'જુવાનીનું રળ્યું ને રાતનું દળ્યું'—અગમચેતી વાપરીને સમયસર કરી રાખેલાં કામ જ ખરે વખતે ખપ લાગે છે, ને વખત વીત્યા પછી કરેલું એળે જાય છે એ દર્શાવતી આ કહેવતનો મર્મ એના શબ્દાર્થમાં સ્પષ્ટ જ છે કે જુવાનીમાં રળી રાખ્યું હોય તો ઘડપણમાં કામ આવે ને રાત્રે દળી રાખ્યું હોય તો જ બીજે દિવસે રોટલા ઘડી શકાય. એને મળતી બીજી કહેવતો: 'ચોમાસાની ખેડ ને જુવાનીનો દીકરો';'ઘડપણનો દીકરો તે કારજમાં ગૉળ માગે; 'મૃગશર ન વાયા વાયરા, આર્દ્રા ન તુઠયા મેહ, જોબન ન જાયો બેટડો, ત્રણે હાર્યા તેહ.'



જહાંગીરે અજમેરમાં પાડેલો સોનાનો સિક્કો-જેમાં એક બાજુ સિંહાસન પર પલાંઠી વાળી બેઠેલા જહાંગીરની બન્ને તરફ 'કઝા બર સિક્કાએ ઝર કર્દ તસ્વીર' તથા 'શબીહે હઝરતે શાહે જહાંગીર', એવા શબ્દો છે. પાછલી બાજુ મધ્યમાં સૂર્યનું પ્રતીક, ડાબી બાજુ 'ઝર્બ અજમેર ૧૦૨૩'; જમણી બાજુ 'યા મુઇનૂ તથા સાના ૯', તેમજ ઉપરનીચે 'હરૂફે જહાંગીર વ અલ્લાહો અકબર' તથા 'ઝી રોઝ-ઈ-અઝલ દર આદાદ શુદ બરાબર' લખેલું છે.

ગૂંથવાના સોયાનાં માથાનાં બોર તૂટી ગયાં હોય તો નકામી ટૂથપેસ્ટનાં ઢાંકણાં જિલેટીનના સીમેન્ટ વડે બેસાડી દઇને કામ ચલાવી શકાશે.

ગણિતના ગુણાકાર-ભાગાકારમાં ઘણી ઉપયોગી લૉગેરિધમની પદ્ધતિ ૧૬૧૪માં સ્કૉટિશ ગણિતજ્ઞ જૉન નેપિયરે શોધેલી.

સસલું જન્મે છે ત્યારે આંધળું, બહેરૂં ને કશી હીલચાલ માટે અસમર્થ હોય છે. જન્મ્યા પછી ૧૦ દિવસે તેને એ શક્તિઓ આવે છે.

ઇંગ્લંડના હાઉસ ઑવ્ લૉર્ડ્ઝના સભ્યોને

કલાકણિકા: જીવનનાં સર્વ ઉપસ્કરોની જેમ હથિયારો ઉપર પણ કલાને સોહાગ ઊતર્યો છે. તેના અગાઉ આવી ગએલા નમૂનાઓમાં એક ઉમેરો: વાંકા ફળાવાળા મદ્રાસ તરફના ભાલાઉપરની આ શોભનસામગ્રી આભૂષણો જેટલી સમૃદ્ધ ને આકર્ષક છે.



રાત્રે સૂતી વખતે નાકનાં બંને નસકોરાંમાં સરસિયા તેલનાં બબ્બે ટીપાં નાખવાથી શ્વાસોચ્છ્વાસની ક્રિયા હમેશાં નીરોગી રહેછે.


ક્યાંક ખૂણામાં, કે ખાંચમાં, કે એવી કોઈ કથોરી જગ્યાએ ખીલો બેસાડતી વખતે ખીલો પકડવો ફાવતો નથી અને ઘણી વાર હથોડી ખીલાને બદલે આંગળી પર જ વાગી જાય છે. એવે વખતે રદ્દી પોસ્ટકાર્ડની એક પટ્ટીના એક છેડામાં ખીલો પરોવી, પછી બીજા છેડાથી પટ્ટીને પકડીને જોઈતી જગ્યાએ ખીલો સરળતાથી ગોઠવી શકાશે અને આંગળી પર વાગવાના ભય વિના હથોડી

પાર્વતી : નાલંદાનું પ્રાચીન શિલ્પ

(ફોટો · જગન મહેતા)

ભારતવર્ષના પ્રાચીન વિદ્યાપીઠ નાલંદાનાં ખંડિયેરો આગળ નાલંદા નામના ગામડાના એક નાના શિવમંદિર પાસે પાંચેક ફૂટ ઊંચી પાર્વતીની આ પ્રાચીન ને સોહામણી શિલ્પ-મૂર્તિ ઊભેલી છે ચહેરાની ચોમેર આભા-મંડળની બંને બાજુએ સૂર્ય અને ચન્દ્ર અંકિત કરેલા છે, અને મુકુટ તથા કુંડલ મંડિત મુખ-મંડલ પર મુદ્રાની દીપ્તિ છે. નીચેના ભાગમાં પગની બંને બાજુએ બે પાર્વતી-પુત્રો ગણેશ અને કાર્તિકેયની નાની સુંદર રૂપમૂર્તિઓ છે.

નાલંદા ગામડાના જે મંદિર આગળ આ પ્રાચીન મૂર્તિ આવેલી છે તેનાથી થોડે દૂર એક નાનું તળાવ છે, જેમાં સ્નાન કરી મંદિર સુધી પેટે ઘસતા જઇને દર્શન કરનારના કોઢ, રક્તપિત્ત આદિ રોગો મટે છે, એવી માન્યતા પ્રચલિત હોવાથી આજે પણ ઘણા રોગીઓ ત્યાં આવીને આરોગ્ય-પ્રસાદ મેળવી જાય છે. (સરખાવો આ જ અંકમાંના લેખ 'કિરાતકન્યા હાથમતી'માંના પૃ. ૨૩૪ ઉપરના ભવનાથના કુંડના પાણીના આ જ પ્રકારના ગુણનો ઉલ્લેખ)





મુગ્ધા, નવોઢા (જુઓ લેખમાં વર્ણન) યા અંકુરિત-યૌવના નાયિકા




કલહાન્તરિતા નાયિકા (લેખમાં વર્ણન વાંચો)



ખંડિતા નાયિકા (જુઓ લેખમાં વર્ણન તથા નાયિકાનું મોટું ચિત્ર)

નાયિકા-પ્રકારનાં ચિત્રો

આ અંકમાંના 'પ્રાચીન નાટ્યશાસ્ત્ર' ઉપરની લેખમાળાના 'નાયિકા-ભેદ' નામે હપતામાં આપણા નાટ્યશાસ્ત્રમાં વર્ણવેલી વિવિધ પ્રકારની નાયિકાઓની વિગતવાર સમજણ આપેલી છે. જે તેમાં વર્ણવેલાં તેનાં લક્ષણોનાં ઉદાહરણ રૂપ ચિત્રો અહીં આપ્યાં છે. એ હપતામાં વર્ણવેલા પ્રકારો ઉપરાંત નાયિકાઓના બીજા પણ ઘણા પ્રકારો આપણાં વિવિધ રસશાસ્ત્રોમાં વર્ણવેલા છે, અને આપણા જૂના ચિત્રકારોએ —ખાસ કરીને રાજપુત, મુઘલ અને પહાડી કલમના કલાકારોએ તેનાં મબલખ ચિત્રો કરેલાં છે. તેના એક લાક્ષણિક નમૂના તરીકે આ અંકના મુખચિત્રની પાછળ આપેલું 'આગત-પતિકા નાયિકા'નું ચિત્ર, સંયોજન, રેખાવટ, પ્રસંગ-નિરૂપણ તથા રસનિષ્પત્તિની દૃષ્ટિએ દેશવિદેશમાં ખૂબ પ્રશંસા પામ્યું છે. 'આગત-પતિકા' એટલે જેનો પતિ લાંબા સમય પછી પરદેશથી પાછો આવે છે એવી સ્ત્રીના આલેખનના આ ચિત્રમાં એ એક પ્રસંગનાં બે પાસાં દર્શાવ્યાં છે: નીચેના ભાગમાં વિદેશથી આવેલા પતિનો ઘરના દ્વારે સત્કાર આલેખેલો છે (ડેલીબંધ આંગણું, ઘોડો, માથે ઉચકાઈ આવતો સામાન વગેરે જુઓ); ને ઉપરના ભાગમાં પતિપત્નીનું મિલન નિરૂપ્યું છે. મુઘલ અસરવાળી પહાડી કલમમાં ઊતરેલા માધુર્ય અને લાવણ્ય આ બધાં ચિત્રોમાં જોવા મળે છે. તેની વિગતના ઉદાહરણાર્થે એ લેખની શરૂઆતમાં ઉપર પૈકી એક ચિત્રમાંના 'ખંડિતા નાયિકા'ના પાત્રને મોટું કરી દર્શાવ્યું છે.



આગત-પતિકા નાયિકા: કાંગડી કલમનું ૧૮મી સદીનું નામીચું સુંદર ચિત્ર (વિગત માટે જુઓ પાછલા પૂઠામાં)